પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૩-૦૫-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૩૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# પેટ્રોલમાં ૮૭, ડિઝલમાં ૯૧ પૈસાનો ભાવ વધારો

## મધ્ય-પૂર્વેના યુદ્ધથી ભારતની જનતા પર મોંઘવારીનો ડામ : દિલ્હીમાં સીએનજીના ભાવમાં રૂ. એકનો વધારો



**નવી દિલ્હી, તા. ૨૩**

મધ્ય પૂર્વના યુધ્ધને કારણે દેશમાં મોંઘવારીનું સંકટ સતત વધી રહ્યું હોય તેમ આમઆદમીને વધુ એક ઝટકો લાગ્યો છે. દસ દિવસમાં ત્રીજી વખત પેટ્રોલ-ડિઝલમાં ભાવવધારો ઝીકવામાં આવ્યો છે. પેટ્રોલ ૮૭ પૈસા તથા ડિઝલ ૯૧ પૈસા મોંઘુ થયું છે.

સાથોસાથ દિલ્હીમાં સીએનજીની કિંમતમાં પણ પ્રતિ કિલો એક રૂપિયાનો ભાવવધારો કરાયો છે. પેટ્રોલીયમ ચીજો મોંઘી થવાને પગલે પરિવહન સહિતના ક્ષેત્રો પર બોજ વધતા મોંઘવારી ભડકવાના ભણકારા છે.

મધ્ય-પૂર્વ માં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવની સીધી અસર ભારતના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર વધી રહી છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે ફરી એકવાર પેટ્રોલના ભાવમાં ૮૭ પૈસા પ્રતિ લીટર અને ડીઝલના ભાવમાં ૯૧ પૈસા પ્રતિ લીટરનો ઝીકાયો છે.

આ સામાન્ય જનતા માટે ચિંતાની વાત એ છે કે છેલ્લા ૧૦ દિવસની અંદર આ ત્રીજી વખત છે જ્યારે ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે મે મહિનામાં અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલ અંદાજે ૫ રૂપિયા જેટલા મોંઘા થઈ ચૂક્યા છે.

આ અગાઉ ૧૫ મેના રોજ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં એકસાથે ૩-૩ રૂપિયાનો મોટો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯ મેના રોજ ફરી પેટ્રોલ ૮૭ પૈસા અને ડીઝલ ૯૧ પૈસા મોંઘું થયું હતું. હવે આજના વધારા બાદ દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૭ પૈસા વધીને ૯૮.૬૪ થી વધીને ૯૯.૫૧ પ્રતિ લીટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૯૧ પૈસા વધીને ૯૧.૫૮ થી ૯૨.૪૯ પ્રતિ લીટર પર પહોંચી ગઈ છે.

દેશમાં ઈંધણની વધતી કિંમતો અને સપ્લાયને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અટકળો વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જનતાને આશ્વાસન આપ્યું છે.

મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, "સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઉપલબ્ધતા છે અને સપ્લાય ચેઈન સંપૂર્ણપણે સ્થિર છે. તમામ નાગરિકોને અપીલ કરીએ છીએ કે તેઓ કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે અને જરૂરિયાત મુજબ જ ઈંધણ ખરીદે, પેનિક બાઈંગ થી બચે."

મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે, કેટલાક પસંદગીના પેટ્રોલ પંપો પર જે કામચલાઉ ભીડ કે દબાણ જોવા મળી રહ્યું છે તેને વહેલી તકે દૂર કરવામાં આવી રહ્યું છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સતત સપ્લાય પર નજર રાખી રહી છે અને પરસ્પર તાલમેલ સાથે તેલનું વિતરણ સુનિશ્ચિત કરી રહી છે.રાજકોટમાં પેટ્રોલનો નવો ભાવ ૯૯.૦૨ તથા ડિઝલ ૯૪.૯૫પેટ્રોલીયમ કંપનીઓએ પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધુ એક વખત વધારો કર્યો છે. રાજકોટમાં પેટ્રોલ ૮૬ પૈસા મોંઘુ થવા સાથે નવો ભાવ ૯૯.૦૨ થયો છે. ડિઝલ ૯૪ પૈસા વધીને ૯૪.૯૫ થયું છે. દિલ્હીમાં સીએનજીનો ભાવવધારો થયો હોવા છતાં સ્થાનિકમાં ૮૩.૦૧નો ભાવ યથાવત છે અને તેમાં કોઈ વધારો નથી.

# રોજગાર મેળામાં ૫૧ હજારની નિમણુંક

## દેશના યુવાનો વિકસિત ભારત તરફની યાત્રાનો મહત્વપૂર્ણ ભાગ છે : વડાપ્રધાન મોદી

**નવી દિલ્હી, તા. ૨૩**

નવી દિલ્હીઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે ૧૯મા વાર્ષિક રોજગાર મેળામાં વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં ૫૧,૦૦૦ થી વધુ નવા ભરતી થયેલા યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. તેમણે કહ્યું કે ભારતના યુવાનો 'વિકસિત ભારત' તરફની યાત્રાને વેગ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. 'રોજગાર મેળો' યુવાનોને નવી તકો પૂરી પાડીને સશક્ત બનાવવાની અમારી સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "આજનો દિવસ દેશભરના હજારો યુવાનો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે ૫૧,૦૦૦ થી વધુ યુવાનોને સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો મળ્યા છે. હું આ સિદ્ધિ માટે બધાને અભિનંદન આપું છું." વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત યુવાનો સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, "આજે, તમે બધા દેશની વિકાસ યાત્રામાં મહત્વપૂર્ણ ભાગીદાર બની રહ્યા છો, જવાબદાર ભાગીદાર બની રહ્યા છો. તમે બધા રેલ્વે, બેંકિંગ, સંરક્ષણ, આરોગ્ય, શિક્ષણ અને અન્ય ઘણા ક્ષેત્રોમાં નવી જવાબદારીઓ સંભાળવા જઈ રહ્યા છો. તમે બધા આગામી વર્ષોમાં વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશો."

તેમણે કહ્યું, "માત્ર બે દિવસ પહેલા, હું પાંચ દેશોની યાત્રાથી પાછો ફર્યો. ભલે તે ફક્ત પાંચ દેશોની યાત્રા હતી, મેં ડઝનબંધ દેશોની મોટી કંપનીઓના નેતાઓ સાથે વાત કરી, વિગતવાર ચર્ચા કરી. આ યાત્રા દરમિયાન, મને સતત એક વાતનો અનુભવ થયોઃ વિશ્વ ભારતના યુવાનો અને તેની તકનીકી પ્રગતિ પ્રત્યે ખૂબ જ ઉત્સાહિત છે. આજે, વિશ્વ ભારતની વિકાસ યાત્રાનો ભાગ બનવા માંગે છે."

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ભારત વિશ્વભરના વિવિધ દેશો સાથે પણ ભાગીદારી કરી રહ્યું છે. ઉદ્દેશ્ય તકો, રોજગાર અને ભારતના યુવાનોની ક્ષમતાને બહાર કાઢવાનો છે. તે જ સમયે, હું ઈચ્છું છું કે દેશના યુવાનો વૈશ્વિક સ્તરે એક્સપોઝર મેળવે.

તેમણે કહ્યું, "આજે, સ્વચ્છ ઉર્જા, મહત્વપૂર્ણ ખનિજો, ગ્રીન હાઈડ્રોજન અને ટકાઉ ઉત્પાદન સંબંધિત ક્ષેત્રો પણ ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. આને લગતી ભાગીદારી નવી અર્થવ્યવસ્થા માટે નવી તકોના દરવાજા ખોલી રહી છે. સ્વીડન, નોર્વે અને ઈટાલી જેવા દેશો સાથે 'ગ્રીન ટ્રાન્ઝિશન અને ટકાઉ ટેકનોલોજી'માં સહયોગ પણ વધી રહ્યો છે. આનાથી ભારત ભવિષ્યમાં સ્વચ્છ ઉત્પાદન સંબંધિત ઉદ્યોગોમાં મજબૂત બનશે."વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજે દરેક ભારતીય એક મોટા સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે. આ સંકલ્પ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાનો છે. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે, દેશ વિવિધ ક્ષેત્રોમાં રોકાણ કરી રહ્યો છે, અને આ રોકાણ દેશના યુવાનો માટે લાખો નવી રોજગારીની તકો ઉભી કરી રહ્યું છે.



### આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પર

# કન્ટેનર સાથે ડબલ ડેકર બસ અથડાતા આગમાં ૨૪ દાઝી ગયા

**બસમાં સવાર દાઝી ગયેલા પૈકીના ૧૨ મુસાફરોની હાલત કટોકટ**



નવી દિલ્હી, તા. ૨૩

ઉત્તરપ્રદેશની સૌથી વ્યસ્ત પરિવહન ધમનીઓમાંની એક એવી આગ્રા-લખનૌ એક્સપ્રેસવે પર શુક્રવારે વહેલી સવારે મુસાફરોને લઈને ગુરુગ્રામ જઈ રહેલી ખાનગી ડબલ ડેકર બસ રેતી ભરેલા કન્ટેનર સાથે અથડાતા ભયાનક અકસ્માત સર્જાયો હતો.

માહિતી મુજબ, રાત્રે લગભગ ૨ વાગ્યે, બસ આગળ જઈ રહેલા રેતી ભરેલા કન્ટેનર સાથે અથડાઈ ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બસ બેકાબૂ બની પલટી ખાઈ ગઈ અને તેમાં આગ લાગી ગઈ. ટ્રક ડ્રાઈવર સ્ટિયરિંગમાં ફસાઈ જતાં જીવતો સળગી ગયો હતો, જ્યારે બસમાં સવાર મુસાફરો બારીઓ તોડી બહાર નીકળ્યા હતા, જેમાં અનેક મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બસમાં સવાર આશરે ૩૦ મુસાફરોમાંથી ૨૪ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમાંથી લગભગ ૧૨ મુસાફરોની હાલત અત્યંત ગંભીર હોવાનું જણાવાયું છે. પ્રાથમિક તપાસમાં બસની વધુ ઝડપ અને રાત્રિના સમયે બેદરકારીભર્યું ડ્રાઈવિંગ અકસ્માતનું કારણ હોવાનું સામે આવ્યું છે.

એક્સપ્રેસવે પર ખાનગી બસો દ્વારા ગતિમર્યાદાનો ભંગ અને ડ્રાઈવરોની થાકભરી સ્થિતિને કારણે

અનુસંધાન પાના ૭ પર

# કલબુર્ગીમાં ટ્રક-કાર અથડાતા એક પરિવારના પાંચના મોત

**લાડલાપુર નજીક ક્રુઝર કાર અને ટ્રક વચ્ચે ભયાનક અકસ્માત**

નવી દિલ્હી, તા. ૨૩

કર્ણાટકના કલબુર્ગી જિલ્લામાં એક ભયાનક અકસ્માત થયો. ક્રુઝર અને ટ્રક વચ્ચે સામસામે ટક્કરમાં એક પરિવારના પાંચ સભ્યોના મોત થયા. આ ઘટના કાલાબુર્ગી જિલ્લાના ચિત્તાપુર તાલુકાના લાડલાપુર નજીક બની હતી. અહેવાલો અનુસાર, ચિત્તાપુર તાલુકાના ઈંગલગી ગામના એક જ પરિવારના સભ્યો શુક્રવારે મોડી રાત્રે ક્રુઝરમાં યાદગીરથી પરત ફરી રહ્યા હતા ત્યારે લાડલાપુર નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ક્રુઝર ટ્રક સાથે અથડાઈ ગયું. ટક્કર એટલી ગંભીર હતી કે ક્રુઝરમાં સવાર મુસાફરો, તોલુસાબ કેશવ (૨૭), હુસૈન શાહ (૪૮), મૈબૂબ અલી (૪૫), રસૂલ બી (૪૨) અને ફાતિમા અલી (૩૮) નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. સમાચાર મળતાં જ સ્થાનિક લોકોનો મોટો ટોળો ઘટનાસ્થળે ઉમટી પડ્યો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા અને તપાસ શરૂ કરી. વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ પણ ઘટનાસ્થળે તપાસ કરી. અહેવાલો અનુસાર, ઈંગલગી ગામના એક બીમાર વ્યક્તિને સારવાર માટે યાદગીર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં દાખલ કર્યા પછી, પરિવારના પાંચ સભ્યો ક્રુઝરમાં તેમના ગામ પરત ફરી રહ્યા હતા. રાત્રે જ્યારે તેઓ લાડલાપુરા ગામ પહોંચ્યા, ત્યારે તેઓ સામેથી આવતી ટ્રક સાથે અથડાઈ ગયા. અકસ્માતનો અવાજ સાંભળીને સ્થાનિકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા અને પોલીસને જાણ

અનુસંધાન પાના ૭ પર

# બાંગ્લાદેશના બે બંદરોનો અમેરિકા ઉપયોગ કરી શકશે

**અમેરિકા બાંગ્લાદેશ વચ્ચે ગુપ્ત માહિતી શેર કરવાના પણ કરાર કરાયા**

નવી દિલ્હી, તા. ૨૩

બાંગ્લાદેશે અમેરિકાને બે મહત્વપૂર્ણ બંદરોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ બંને દેશો વચ્ચે ગુપ્ત માહિતી શેર કરવા અંગે પણ સમજૂતી થઈ છે.રિપોર્ટ અનુસાર, અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચે કુલ ત્રણ મોટા કરારો થયા છે. આ કરારો પછી બંગાળની ખાડી ક્ષેત્રમાં અમેરિકાની હાજરી અને પ્રભાવ ઘણો વધી શકે છે.અમેરિકાને બાંગ્લાદેશના ચિટગાંવ અને મતારવાડી બંદરો સુધી પહોંચ મળશે. આ બંદરોનો ઉપયોગ અમેરિકી નૌકાદળ અને સૈન્ય જહાજો કરી શકશે.આનાથી અમેરિકાને હિન્દ મહાસાગર અને બંગાળની ખાડી ક્ષેત્રમાં પોતાની સૈન્ય અને વ્યૂહાત્મક તાકાત વધારવામાં મદદ મળશે. ચિટગાંવ બંદર ભારતનાં અંદમાન-નિકોબાર ક્ષેત્રથી માત્ર ૧૧૦૦ કિમી દૂર છે.અમેરિકાની ખાસ નજર મલક્કા સ્ટ્રેટ પર છે. આ દુનિયાનો સૌથી જરૂરી ટ્રેડ રૂટ્સમાંથી એક માનવામાં આવે છે. દુનિયાનો લગભગ ૬૦% દરિયાઈ વેપાર આ જ રસ્તેથી થાય છે. તેલ, ગેસ અને અન્ય જરૂરી સામાનની સપ્લાય માટે પણ આ માર્ગ ખૂબ જ મહત્વપૂર્ણ છે.નિષ્ણાતોનું માનવું છે કે આ વિસ્તારમાં પોતાની હાજરી વધારીને અમેરિકા ચીનની હિલચાલ પર પણ નજર રાખવા માંગે છે.

મલક્કાને આખી દુનિયાના વેપારની લાઈફલાઈન કહી શકાય છે. અહીંથી તેલની સાથે-

અનુસંધાન પાના ૭ પર

# પૂર્વી લદ્દાખમાં હવાઈ સેનાનું ચિત્તા હેલિકોપ્ટર તૂટી પડયું

**હવાઈ દુર્ઘટનામાં મેજર જનરલ સહિત ત્રણ ઈજાગ્રસ્ત**

નવી દિલ્હી, તા. ૨૩

બુધવારે પૂર્વી લદ્દાખમાં ન્છૐ નજીક ભારતીય સેનાનું ચિત્તા હેલિકોપ્ટર ક્રેશ થયું. આ અકસ્માત શ્યોક નદી વિસ્તાર નજીક થયો હતો, જ્યાં હેલિકોપ્ટર અચાનક કાબુ ગુમાવી બેઠું હતું અને પર્વતીય વિસ્તારમાં પડી ગયું હતું, જેના કારણે તેને ભારે નુકસાન થયું હતું. અકસ્માત સમયે એક વરિષ્ઠ લશ્કરી અધિકારી સહિત ત્રણ લોકો તેમાં હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માતમાં મેજર જનરલ રેન્કના અધિકારી બચી ગયા હતા, જ્યારે બંને પાઈલટ ઘાયલ થયા હતા. સેના અને બચાવ ટીમો અકસ્માત પછી તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

ઘાયલ અધિકારીઓને પ્રાથમિક સારવાર આપ્યા બાદ સુરક્ષિત રીતે લેહ લાવવામાં આવ્યા હતા. જાણવા મળ્યું છે કે, હેલિકોપ્ટર શ્યોક નદી નજીક નિયમિત લશ્કરી મિશન પર હતું.

અચાનક ટેકનિકલ ખામી કે હવામાન સંબંધિત કારણોસર,

અનુસંધાન પાના ૭ પર

# યુપી બાદ ઓડિશા-બિહારમાં તાપમાન ૪૮ ડિગ્રી

## ઓડિશામાં હિટ સ્ટ્રોકથી ૧૬નાં મોત, આંધ્રપ્રદેશમાં ૩૦૦ લોકો હિટ સ્ટ્રોકથી અસરગ્રસ્ત

**નવી દિલ્હી, તા. ૨૩**

દેશભરમાં અસહ્ય ગરમી અને લૂનું મોજું યથાવત રહેતાં અનેક રાજ્યોમાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. ઉત્તર પ્રદેશ બાદ હવે ઓડિશા અને બિહારમાં પણ તાપમાન ૪૮ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે. હવામાન વિભાગે અનેક વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે.

ઓડિશાના બાલાંગીર અને બિહારના સાસારામમાં તાપમાન ૪૮ ડિગ્રીને વટાવી ગયું હતું. બીજી તરફ દિલ્લી-એનસીઆરમાં પણ ૨૮ મે સુધી ભારે ગરમી અંગેૈંસ્ડ્ઢ દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વિશ્વના સૌથી ગરમ ૧૦૦ શહેરોમાંથી ૯૭ શહેરો ભારતના હોવાનું પણ સામે આવ્યું છે.

ઓડિશામાં ગરમી અને હીટસ્ટ્રોકની અસર ગંભીર બની રહી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં



હીટસ્ટ્રોકથી ૧૬ લોકોનાં મોત થયાની માહિતી મળી છે, જોકે સત્તાવાર રીતે ત્રણ મોતની જ પુષ્ટિ કરવામાં આવી છે.

સુંદરગઢ અને સુવર્ણપુર જિલ્લામાં ગરમીના કારણે એક-એક વ્યક્તિના મોત નોંધાયા છે. બાકીના ૧૩ કેસોની તપાસ ચાલી રહી છે. રાજ્ય સરકારે મૃતકોના પરિવારોને રાજ્ય આપત્તિ રાહત ભંડોળમાંથી રૂ. ૫૦ હજારની સહાય જાહેર કરી છે.આંધ્રપ્રદેશમાં પણ હીટસ્ટ્રોકના ૩૦૦થી વધુ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ ચિંતિત બન્યો છે. રાજ્યભરમાં સવારે જ તીવ્ર તડકો અને ગરમ પવનો શરૂ થઈ જતા લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. અનેક વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રીથી ઉપર નોંધાઈ રહ્યું છે.

અનુસંધાન પાના ૭ પર

# ડોનાલ્ડ ટ્રમ્પની દીકરી ઈવાન્કાને જાનથી મારી નાખવાની ધમકી

**એફબીઆઈ દ્વારા ઈરાકી યુવકની ધરપકડ**

નવી દિલ્હી, તા. ૨૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ઈવાન્કા ટ્રમ્પને કથિત રીતે હત્યાની ધમકી આપવામાં આવી હતી. ધ ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ અનુસાર, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) સમર્થક આતંકવાદીએ ઈવાન્કાને નિશાન બનાવવાનું આયોજન કર્યું હતું.રિપોર્ટમાં જણાવાયું છે કે અમેરિકી તપાસ એજન્સી હ્લમ્ૈંએ ૩૨ વર્ષીય ઈરાકી નાગરિક મોહમ્મદ બાકેર સાદ દાઉદ અલ-સાદીની ધરપકડ કરી છે. તેના પર આરોપ છે કે તેણે ઈવાન્કાની હત્યા કરવાની કસમ ખાધી હતી.

આરોપી પાસેથી ઈવાન્કા અને તેના પતિ જેરેડ કુશનરના ફ્લોરિડા સ્થિત ઘરનો બ્લુપ્રિન્ટ એટલે કે નકશો પણ મળ્યો હતો. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ફ્લોરિડા વિસ્તારનો એક નકશો પોસ્ટ કર્યો હતો, જ્યાં ઈવાન્કા અને જેરેડનું લગભગ ૨૪ મિલિયન ડોલરનું ઘર છે.

તેણે સોશિયલ મીડિયા પર ધમકી આપતા લખ્યું હતું કે અમેરિકાના લોકો સમજી લે કે માત્ર મોટી સુરક્ષા અને સિક્રેટ સર્વિસથી તેઓ સુરક્ષિત નહીં રહે. અમે તેમના પર નજર રાખી રહ્યા છીએ અને યોગ્ય સમય આવ્યે બદલો લેવામાં આવશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની દીકરી ઈવાન્કા ટ્રમ્પને કથિત રીતે હત્યાની ધમકી આપવામાં આવી હતી. ધ ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ અનુસાર, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ

અનુસંધાન પાના ૭ પર

# સરસાણામાં ચેમ્બર દ્વારા ઐતિહાસિક ચાર મેગા ઈવેન્ટ્સનો ભવ્ય શુભારંભ

## કેમિકલ-ફાર્મા, સ્માર્ટ એજ્યુકેશન અને બિઝનેસ એક્સ્પોની સાથે સુરત સ્ટાર્ટઅપ સમિટ



સુરત, તા.૨૩

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા તા. ૨૨-૦૫-૨૦૨૬થી સુરતના સરસાણા સ્થિત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ત્રણ મેગા એક્સ્પો અને સાથે સુરત સ્ટાર્ટ અપ સમિટ એમ એકસાથે ચાર મેગા ઈવેન્ટનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. સુરતની જાણીતી ટોરિન વેલ્થ મેનેજમેન્ટના મુખ્ય સહયોગથી યોજાયેલી આ ચારેય ઈવેન્ટ્સ શુક્ર, શનિ અને રવિ એમ ત્રણ દિવસ એકસાથે સવારે ૧૦થી સાંજે ૭ સુધી ચાલશે. આજે તેના સંયુક્ત ઉદ્ઘાટન સમારોહમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ, શિક્ષણવિદો અને નામાંકિત કંપનીઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન આપતા ગૌરવભેર જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૪૦માં માત્ર ૧૬ સભ્યો સાથે શરૂ થયેલી આ સંસ્થામાં આજે ૧૫૦ જેટલા વિવિધ એસોસિએશન જોડાયેલા છે અને ૧૪૫૦૦થી વધુ સભ્યોનો વિશાળ પરિવાર ધરાવે છે. ચેમ્બરના ઈતિહાસમાં આ વર્ષે પહેલીવાર એક જ વર્ષમાં રેકોર્ડબ્રેક ૨૨ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે, જે એક અનોખો રેકોર્ડ છે. સુરત અને દક્ષિણ ગુજરાતના કેમિકલ અને ફાર્મા ઉદ્યોગને નવી ઊંચાઈઓ પર લઈ જવાના હેતુથી પહેલીવાર આ વિશિષ્ટ એક્સ્પોનું આયોજન થયું છે. આ ક્ષેત્રના લાંબાગાળાના વિકાસ માટે ચેમ્બર દ્વારા દેશની પ્રતિષ્ઠિત સંસ્થા 'કેમિક્સિલ' સાથે તાજેતરમાં આગામી પાંચ વર્ષ માટેના મહત્વપૂર્ણ MOU (મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ) સહી કરવામાં આવ્યા છે, જે આગામી દિવસોમાં આ ક્ષેત્રને નવી દિશા આપશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા કેમિક્સિલ સંસ્થાના પ્રમુખ શ્રી સતીષ વાઘે જણાવ્યું હતું કે, ભારતની ફાર્મા અને કેમિકલ ઈન્ડસ્ટ્રી હાલમાં વૈશ્વિક સ્તરે સૌથી ઝડપી પ્રગતિ કરી રહી છે. દેશના ઉત્પાદકો 'આત્મનિર્ભર ભારત' અને 'ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ'ના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છે, જેના કારણે આ ક્ષેત્રમાં વિપુલ સંભાવનાઓ રહેલી છે. કેમિક્સિલ સંસ્થા કેન્દ્ર સરકાર સાથે મળીને દેશના નિકાસકારોને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડે છે. ૭૨ વર્ષ જૂની આ સંસ્થામાં દેશભરના ૪૦૦૦થી વધુ સભ્યો છે, જેમાંથી ૨૦૦૦ જેટલા સભ્યો એકલા દક્ષિણ ગુજરાતના છે. આ બાબતને ધ્યાનમાં રાખીને તેમણે સુરતમાં ટૂંક સમયમાં જ કેમિક્સિલની એક હાઈટેક ઓફિસ શરૂ કરવાની મહત્વની જાહેરાત કરી હતી. વધુમાં તેમણે ઉમેર્યું કે, વિદેશમાં નિકાસ થતી દવાઓ (ડ્રગ્સ) માટે સરકાર એક વ્યાપક અને સરળ નાર્કોટિક્સ પોલિસી બનાવી રહી છે, જેમાં ભવિષ્યમાં સુરત શહેર અને દક્ષિણ ગુજરાતના

અનુસંધાન પાના ૭ પર

# નવી સિવિલ હોસ્પિટલમાં જન્મ દિવસ ઉજવણી કરતા ધારાસભ્ય સંદિપ દેસાઈ



## જન્મ દિવસ નિમિત્તે દર્દીઓ અને નવજાત શિશુઓના સંગાથે જનસેવા

સુરત, તા.૨૩

'જનસેવા એ જ પ્રભુસેવા'ના મંત્રને પોતાના જીવનમાં વણી લેનારા ચોર્યાસી વિધાનસભાના કર્મઠ ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈએ પોતાના જન્મદિવસની ઉજવણી નવી સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ, નવજાત શિશુઓ અને સારવાર લઈ રહેલા બાળકોની સેવા સાથે કરીને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પ્રસંગે હોસ્પિટલમાં દાખલ દિવ્યાંગ દર્દીઓની સુવિધા માટે તેમના દ્વારા વ્હીલ ચેર, બગલ ઘોડી અને વોકર જેવા અત્યંત ઉપયોગી સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા.

નવી સિવિલ હોસ્પિટલમાં જન્મેલા નવજાત શિશુઓ માટે ખાસ 'બેબી કીટ' અને સગર્ભા માતાઓના ઝડપી સ્વાસ્થ્ય લાભ અને પોષણ માટે ફ્રૂટ તેમજ સ્પેશિયલ ન્યુટ્રીશન કીટ તેમજ પીડિયાટ્રિક વોર્ડ સહિત હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૧૫૦થી વધુ નાના બાળકોને ફ્રૂટ વિતરણ કરીને ધારાસભ્યશ્રીએ વહાલપૂર્વક તેમના ખબર-અંતર પૂછ્યા હતા.આ ગરિમામય સેવાકીય પ્રવૃત્તિ દરમિયાન નવી સિવિલ હોસ્પિટલની મેડિકલ કોલેજ ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટ, ડો.નિમેષ વર્મા, ઈર્ં ડો. કેતન નાયક તેમજ નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલા સહિતનો તબીબી સ્ટાફ અને મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા

# TechD દ્વારા યુનિફાઇડ સાયબર સિક્યુરીટી પ્લેટફોર્મ લોન્ચ કરાયું

## નવું પ્લેટફોર્મ AI આધારિત એકીકૃત સાયબર સુરક્ષા સોલ્યુશન પ્રદાન કરશે

સુરત, તા.૨૩

અમદાવાદ સ્થિત અને જાણિતા રોકાણકાર વિજય કેડિયાના રોકાણ વાળી કંપની TechD Cybersecurity Limited, CERT-In દ્વારા એમ્પેનલ્ડ મેનેજ્ડ સિક્યોરિટી સર્વિસ પ્રોવાઈડર અને ૫૦૦થી વધુ એન્ટરપ્રાઈઝ ગ્રાહકોને સેવા આપતી કંપનીએ તેના છૈં-નેટીવ યુનિફાઇડ સાયબર સિક્યુરીટી પ્લેટફોર્મ TECHD ONE ના લોન્ચની જાહેરાત કરી છે. આ પ્લેટફોર્મ હવે techdefence.ai પર ઉપલબ્ધ છે.TECHD ONE વિવિધ સાયબર સુરક્ષા ક્ષમતાઓને એક જ AI આધારિત ઓપરેશનલ પ્લેટફોર્મમાં એકીકૃત કરે છે, જેનો હેતુ એન્ટરપ્રાઈઝ માટે સાયબર ડિફેન્સ ઓપરેશન્સને સરળ બનાવવાનો, વિવિધ ટૂલ્સની જટિલતા ઘટાડવાનો અને ડિજિટલ, માનવીય તેમજ ઈન્ડસ્ટ્રીયલ થ્રેટ્સ પર વધુ સ્પષ્ટ વિઝિબિલિટી પ્રદાન કરવાનો છે.આ લોન્ચ અંગે ટેકડી સાબર સિક્યુરીટી લિમીટેડના ફાઈન્ડર અને મેનેજીંગ ડિરેકટર સન્ની વાઘેલાએ એ જણાવ્યું હતું કે, "વર્ષો સુધી એન્ટરપ્રાઈઝએ એવા અલગ-અલગ સાયબર સુરક્ષા ટૂલ્સ પર આધાર રાખ્યો છે, જે એકબીજા સાથે સુમેળમાં કામ કરતા નહોતા અને જેની ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા છૈં મોડેલ્સ પર તેમની સંપૂર્ણ પારદર્શિતા નહોતી. TECHD ONE એ આ તમામ સ્તરોને એક AI-Native પ્લેટફોર્મમાં એકીકૃત કરવાનો પ્રયાસ છે, જે ભારતીય ઉદ્યોગો અને નિયમનકારી માળખાની વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યું છે. અમને વિશ્વાસ છે કે આ ભારતમાંથી ઊભરતી સોવેરિન સાયબરસિક્યુરીટી ઈનોવેશનની આગામી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે." Phase ૧ હેઠળ પ્લેટફોર્મમાં આ મુજબના ચાર પ્રોડક્શન-રેડી મોડ્યુલ્સ સામેલ છેઃ Dark Vectro AI પ્લેટફોર્મ,કે જેમાં ડાર્કવેબ અને ડીપ વેહથ્રેટ ઈન્ટેલીજન્સ , ડિજીટલ રિસ્ક મોનીટરીંગ અને બ્રાંડ પ્રોટેકશન જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. Provenance AI પ્લેટફોર્મ, જે ઝીરા ડે ડિસ્કવરી,સોર્સ કોડ રીવ્યુ, સોફટવેર કોમ્પોઝીશન (SCA), સોફટવેર બીલ ઓફ મટીરીયલ્સ અને AI આધારિત રેમેડીએશન જેવી સેવાઓ પ્રદાન કરે છે. આ મોડ્યુલ સેફગાર્ડ.એસએચ સાથેની વ્યૂહાત્મક ભાગીદારી અંતર્ગત Eagle, Lion અને Griffin AI મોડેલ્સ દ્વારા સંચાલિત છે.

# સુરત સીટી ડેપો ખાતે અધિકમાસ નિમીતે સત્યનારાયણની કથા



સુરત, તા.૨૩

વિક્રમ સવંત ૨૦૮૨ વૈશાખ સુદ પવિત્ર અધિકમાસ નિમિત્તે આજરોજ તારીખ. ૨૩/૦૫/૨૦૨૬ ને શનિવારના દિને સુરત સીટી ડેપો ખાતે ભગવાન શ્રી સત્યનારાયણ દેવ ની સીટી ડેપોના કામદારો દ્વારા કથા રાખવામાં આવેલ છે. જે કથામાં સુરત સીટી ડેપો મેનેજર શ્રી મનોજભાઈ ચૌધરી સાહેબ સાથે ક્લાર્ક શ્રી સતિષ પટેલ અને મિકેનિક શ્રી પાર્થ ચૌધરી એ પૂજા વિધિમાં ભાગ લીધેલ અને કથા પૂર્ણ થયા બાદ સ્વરુચિ ભોજન દરેક કર્મચારી ગણાય સાથે મળીને લીધેલ છે.

# સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા રિટેલ ક્રેડિટ આઉટરીચ કાર્યક્રમનું આયોજન

## હેમુ ગઢવી ઓડિટોરિયમ, રાજકોટ ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો



સુરત, તા.૨૩

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સામાન્ય જનતા, વેપારીઓ, યુવાનો, મહિલા ઉદ્યોગસાહસિકો તથા ગ્રાહકો સુધી બેંકની વિવિધ રિટેલ લોન યોજનાઓ, ડિજિટલ બેંકિંગ સેવાઓ અને સામાજિક સુરક્ષા યોજનાઓ અંગે જાગૃતિ પહોંચાડવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ગ્રાહકો, વેપારીઓ, ઉદ્યોગકારો તથા નાગરિકોએ હાજરી આપી અને બેંક દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ વિશે વિગતવાર માહિતી મેળવી. ઉપસ્થિત મહેમાનોને હોમ લોન, વાહન લોન, એજ્યુકેશન લોન, પર્સનલ લોન, MSME લોન સહિત વિવિધ રિટેલ ક્રેડિટ પ્રોડક્ટ્સ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગ્રાહકોને વધુ સરળતા અને સુવિધા મળે તે માટે કાર્યક્રમ સ્થળે વિવિધ માહિતીસભર અને સહાયકારી ડેસ્કની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં "આપકી પૂંજી આપકા અધિકાર" ડેસ્ક દ્વારા ગ્રાહકોને તેમની થાપણ અને નાણાકીય અધિકારો અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. સોશિયલ સિક્યુરિટી સ્કીમ્સ ડેસ્ક પર પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના તથા અટલ પેન્શન યોજના જેવી મહત્વપૂર્ણ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.તે ઉપરાંત URC ડેસ્ક તથા Re-KYC / CKYC ડેસ્ક દ્વારા ગ્રાહકોને KYC અપડેશન, CKYC પ્રક્રિયા અને બેંકિંગ દસ્તાવેજીકરણ સંબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેંકના અધિકારીઓ દ્વારા ગ્રાહકોની વિવિધ સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું અને ડિજિટલ બેંકિંગ સેવાઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ મા.રૂ. ૪૦ કરોડ ની લોન નુ વિતરણ કરવા મા આવ્યુ હતુ.

# ઓલપાડ તા.પં.ના પ્રમુખ-ઉપપ્રમુખ હોદ્દા માટે બંન્ને ઉમેદવારોએ ફોર્મ ભર્યા

## પ્રમુખ માટે પિયુષ પટેલ અને ઉપપ્રમુખ તરીકે મેઘનાબેન પટેલની પસંદગી

સુરત, તા.૨૩

ઓલપાડ તા.પં. માં પ્રમુખ-ઉપપ્રમુખ ના હોદ્દા માટે તા.પં. ની પિંજરત સીટના વિજેતા પિયુષબળવંતભાઈ પટેલે તથા ઉપપ્રમુખ પદ માટે ટકારમા સીટની વિજેતા મહિલા મેઘનાબેન કેવલભાઈ પટેલે શુક્રવાર,તા.૨૨ ના રોજ સુરત સાંસદ મુકેશભાઈ દલાલ અને ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલ સહિત ભાજપ સંગઠનની હાજરી માં હોદ્દા માટે ઉમેદવારી ફોર્મ ભર્યા હતાં.જો કે આ બંન્ને હોદ્દા માટે ગુ.પ્ર.ભાજપ મોવડી મંડળે બંન્નેના નામનો મેન્ડેટ મોકલેલ હોવાથી ચૂંટણી બિનહરીફ થવાનો માર્ગ મોકળો બન્યો છે.આ ઉપરાંત ઓલપાડ તા.પં.ના કારોબારી અધ્યક્ષ,દંડક અને શાસક પક્ષના નેતાનો પણ પાર્ટીએ મેન્ડેટ ઈસ્યુ કરતા આ તમામ હોદ્દાઓ ઉપર શનિવારની ખાસ સામાન્ય સભામાં બિનહરીફ વરણી કરવામાં આવશે.

ઓલપાડ તા.પં.ના શાસનમાં અઢી વર્ષની મુદત માટે બક્ષીપંચ જ્ઞાતિનો સામાન્ય ઉમેદવાર ના પ્રમુખપદનું જાહેરનામું જાહેર થયેલ છે.જે હોદ્દા ઉપરાંત ઉપપ્રમુખ ના હોદ્દાની ચૂંટણી માટે શનિવાર, તા.૨૩ ના રોજ સવારે-૧૧:૦૦ કલાકે ઓલપાડ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ખાસ સામાન્ય સભા મળનાર છે.આ સભામાં ઓલપાડ તા.પં.ની કુલ ૨૪ સીટના વિજેતા સદસ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની ચૂંટણી યોજાશે.આ સભામાં કારોબારી સમિતિના અધ્યક્ષ,દંડક અને શાસક પક્ષના નેતાની પણ વરણી કરવામાં આવનાર છે.જો કે આ તમામ હોદ્દાઓ માટે ગુ.પ્ર.ભાજપ મોવડી મંડળે મેન્ડેટ મોકલ્યો છે.જે સિલબંધ મેન્ડેટ ઓલપાડ તાલુકા ભાજપના પ્રભારી કમલેશ પટેલ શુક્રવારે ઓલપાડ લઈને આવતા તા. પં.ના ચૂંટાયેલા નવનિયુક્ત ૨૪ સદસ્યોની અનોપચારિક મિટિંગ શુક્રવારે તા.પં.ના સભાખંડ માં સુરત સાંસદ અને ધારાસભ્ય અને સંગઠન પ્રમુખ કુલદીપસિંહ,સાયણ જિ.પં.સીટના સદસ્ય બ્રિજેશ પટેલ,પલસાણા તાલુકા ભાજપ પ્રભારી યોગેશ પટેલની ઉપસ્થિતિ માં મળી હતી.આ મિર્ટીંગમાં ચૂંટાયેલા સભ્યોને ભાજપ મોવડી મંડળે મોકલેલ તમામ હોદ્દાઓના મેન્ડેટની જાણ કરી તેને અનુસરવા વ્હીપ જારી કર્યો હતો.જેને સમર્થન મળતા પ્રમુખ અને ઉપપ્રમુખપદના બંન્ને ઉમેદવારોએ પ્રાંત અધિકારી સમક્ષ દરખાસ્ત-ટેકાથી પોતાના ઉમેદવાર ફોર્મ ભરી દાવો રજુ કર્યો હતો.જેથી મેન્ડેટ ના પગલે શનિવારે યોજાનાર ચૂંટણીમાં આ બંન્ને પદ બિનહરીફ થવાનું નિશ્ચિત મનાઈ રહ્યું છે.

# અધિક માસ નિમિત્તે તુલસી પૂજન અને બ્રહ્મ ભોજન



સુરત, તા.૨૩

શ્રી મોઢ પટણી સમાજના નાથુભાઈ માણેકચંદ મોદી મોહલ્લા દ્વારા અધિકમાસનું આયોજન શ્રી મોઢ પટણી સમાજના નાથુભાઈ માણેકચંદ મોદી મોહલ્લા દ્વારા અધિકમાસ નિમિત્તે નું તારીખ ૨૪/૫/૨૬ ને અધિક જેઠ નોમને રવિવારના રોજ સમાજની વાડી બહુલાબાગ પીછડી રોડ ઉપર બપોરે એક કલાકે તુલસી પૂજન, ૪. ૩૦ કલાકે તુલસી પૂજન સંપન્ન તથા આરતી, ૫. ૩૦ કલાકે માતાજી નો થાળ, ૬ કલાકે બ્રહ્મ ભોજન અને ૭ કલાકે મહા પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ છે.

# કાંઠાના ટુંડા ગામે દેશી દારૂના અડ્ડા ઉપર પોલીસ ત્રાટકી

## ઓલપાડ પોલીસે રૂ.૨.૧૫ લાખના મુદ્દામાલ સાથે બુટલેગરને દબોચી લીધો

સુરત, તા.૨૩

ઓલપાડ પોલીસે તાલુકાના કાંઠા વિસ્તારના ટુંડા ગામે દેશી દારૂનો અડ્ડો ચલાવતા બુટલેગર ના અડ્ડા ઉપર ત્રાટકી કુલ રૂ.૨.૧૫ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધો છે.પોલીસે આ ગુનામાં દેશી દારૂ લેનાર એક મહિલા સહિત દારૂ બનાવવાનો ગોળ વેચનાર બંન્ને આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

ઓલપાડ પોલીસ ગત ગુરૂવાર,તા.૨૧ ના રોજ મોડી સાંજે તાલુકાના કાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી,ત્યારે બાતમી મળી હતી કે,ટુંડા ગામે રહેતો બુટલેગર કાંતિ દુર્લભભાઇ પટેલ (શ્રીજીનગર)તેના ઘરના વાડાના પાછળના ભાગે આવેલ ઝાડી ઝાંખરાની ખુલ્લી જગ્યામાં દેશી દારૂ ગાળી રહ્યો છે.જે બાતમીના પગલે પોલીસે રેઈડ કરતા ગુના સ્થળેથી

અનુસંધાન પાના ૭ પર

# માધ્યમિક શાળા-મઢી ખાતે યોજાયેલો સેવા સેતુ કાર્યક્રમ

સુરત, તા.૨૩

દેશવ્યાપી ચાલી રહેલા જનજાતિય ગરિમા ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત 'સૌથી દૂર, સૌથી પહેલા''ના સૂત્ર સાથે છેક છેવાડે વસતાં આદિવાસી અને આદિમ જૂથોને સરકારી યોજનાઓ અને સેવાઓના ૧૦૦ લાભ આપવામાં આવી રહ્યા છે.

ત્યારે સુરત જિલ્લાના બારડોલી તાલુકાની એમ.કે.પટેલ માધ્યમિક શાળા-મઢી ખાતે યોજાયેલા સેવા સેતુ કેમ્પમાં મઢી-કાંટી ફળીયા, સુરાલી, વાંસકુઈ, માણેકપોર, ઉવા, બાલ્દા, ભેસુંદલા, નાની ભટલાવ, માંગરોલીયા, સિંગોદ, જુનવાણી, બામણી અને ઓરગામ સહિતના કુલ ૧૪ ગામનાં ગ્રામજનોને મપા પાયે વિવિધ

અનુસંધાન પાના ૭ પર



# નેઇલ આર્ટની સર્જનાત્મક કળા તાલીમાર્થી બહેનોએ સિધ્ધ કરી

ભરૂચ, તા.૨૩

ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રમુખ શ્રી પરેશ મેવાડાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ નેઈલ આર્ટ ક્લાસ સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ ક્લાસમાં અનેક બહેનો અને યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ નેઈલ આર્ટની નવી ટેકનિક્સ અને સર્જનાત્મક કળા શીખી. આ તાલીમમાં શિક્ષિકા નિકિતા રાઠોડ દ્વારા સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા સહાયક શિક્ષિકા શ્રીમતી જ્યોતિબેન ચંદેલે મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો. સાથે સાથે વૈશાલીબેન ચંદેલ દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ક્લાસ પૂર્ણ થતાં તાલીમાર્થી બહેનો માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામે આનંદપૂર્વક ભાગ લીધો હતો. ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના હેતુસર આવા વિવિધ કૌશલ્ય આધારિત કાર્યક્રમો સતત યોજવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા તમામ તાલીમાર્થી બહેનોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

# દવા માટેની રિઈમ્બર્સમેન્ટ પ્રથા બંધ કરવા કર્મચારી મંડળની માંગણી

## સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ધ્વારા આંદોલનની ચીમકી

સુરત, તા.૨૩

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ધ્વારા સુરત મહાનગરપાલિકાના કમિશ્નરને તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજ રૂબરૂ મળી હાલમાં મહાનગરપાલિકાના કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓને જે તે દવાખાના, હોસ્પિટલોમાંથી દવાનો સ્ટોક ન હોય તે દવા બહારથી લખી આપવામાં આવતી હતી.જે દવા વિના મૂલ્યે આપવામાં આવતી હતી. તે પ્રથા હાલમાં બંધ કરી રિઈમ્બર્સમેન્ટ પ્રથા દાખલ કરી છે. આ પ્રથા કર્મચારીઓ, પેન્શરોના હિત વિરુધ્ધ હોય તે રિઈમ્બર્સમેન્ટ પ્રથા બંધ કરવાની જરૂર છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા જૂના ઠરાવમાં સુધારો કરી એક પરિપત્ર બહાર પાડી પહેલા કર્મચારીએ પોતાના પૈસે દવા ખરીદવાની અને ત્રણ મહિના પછી દવાના નાણાં તેના પગારમાં જમા થાય. કેટલાક કર્મચારીઓ,પેન્શરો હાલ કેટલાક ગંભીર રોગોથી પીડિત હોય અને તેઓને મહિને રૂપિયા ૧૦ થી ૧૫ હજારની દવા થતી હોય અને તેઓ માંડ-માંડ પેન્શન ઉપર જીવતા હોય અને તેઓને દર મહિને આટલો મોટો ખર્ચ

અનુસંધાન પાના ૭ પર

# અસ્નાબાદમાં જુગાર રમતા ૯ આરોપીઓ ઝડપાયા

## એલ.સી.બી.પોલીસ દ્વારા જુગારીઓ પાસેથી કુલ રૂપિયા ૬,૩૮,૩૦૦ નો મુદ્દામાલ કબજે

સુરત, તા.૨૩

ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.ના અસનાબાદ ગામની એક રેસીડેન્સીના મકાનમાં જુગાર રમતા સૌરાષ્ટ્રના ૦૮ અને પાટણ જિલ્લાનો ૦૧ જુગારી મળી કુલ ૦૯ આરોપીઓને પોલીસે જુગાર રમતા ઝડપી લીધા છે.પોલીસે જુગારી ઓ પાસેથી કુલ રૂપિયા ૬,૩૮,૩૦૦ નો મુદ્દામાલ કબજે લઈ તમામ આરોપી ઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતાં. સુરત ગ્રામ્ય એલ.સી.બી.પોલીસ શાખાના અ.હે.કો.હરસુર નાનજી સાંબડની ટીમ ગત તા.૨૧ ના રોજ ઓલપાડ ટાઉનમાં પેટ્રોલિંગ કરી રહી હતી,તે સમયે બાતમી મળી હતી કે,ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.ના અસનાબાદ ગામે મુરલીલેક સીટી રેસીડેન્સીના મ.નં.૧૦ ના પહેલા માળની રૂમમાં કેટલાક ઈસમો ગંજીપાના વડે પૈસાના હારજીતનો જુગાર રમી રહ્યા છે.આ બાતમીના પગલે પોલીસે રાત્રે-૯:૦૦ કલાક ના સુમારે છાપો મારતા મકાનમાં જુગાર રમતા સૌરાષ્ટ્રના ૦૮ અને પાટણ જિલ્લાનો ૦૧ મળી કુલ ૦૯ જુગારીઓને દબોચી લીધા હતાં.આ જુગારીઓ હાલમાં સુરત જિલ્લા અને શહેરમાં વસવાટ કરી રહ્યા

અનુસંધાન પાના ૭ પર

### જુગાર રમતા ઝડપાયેલ ૯ આરોપીઓ

મુળ સૌરાષ્ટ્રના જામનગર જિલ્લા ના જામ જોધપુર તાલુકાના રબારીકા ગામના બે આરોપી ઓ પૈકી સુરેશ કાનાભાઈ ચાવડા (ઉ.વ.૩૬)હાલ રહેઃ૧૦,મુરલી લેક સીટી,અસનાબાદ,તા.ઓલપાડ તથા લાખા બચુભાઈ કરમુર(ઉ.વ.૪૫)હાલ રહેઃ૬૮,શ્યામ વીલા સોસાયટી, એ.બી.સી.મોલની પાછળ-કામરેજને દબોચી લીધા હતાં. આ ઉપરાંત મુળ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના પટેલકા ગામના બે આરોપી ઓ અને હાલમાં કામરેજ તાલુકાના ચોર્યાસી ગામે રહેતા બે જુગારીઓ પૈકી રામ રમણભાઈ ગોજીયા,ઉ.વ.૪૬)(હાલ રહે:૫૨, સૂર્યાન્સી રેસીડેન્સી)તથા પરબત કેશુભાઈ ગોજીયા(ઉ.વ.૫૫) ને પોલીસે જુગાર સ્થળેથી ઝડપી લીધા હતાં.જયારે ચંદ્રેશ નારાયણ જોષી (ઉ.વ.૪૫) રહેઃ૦૮, ગોપાલનગર, બાપા સીતારામ ચોક,કામરેજ તથા રાજેશ ભુદરભાઈ ભલગામડિયા (ઉ.વ.૪૭) રહેઃ ૧૫.૧૬, રાધેશ્યામ સોસાયટી,વેડ રોડ, કતારગામ, સુરત શહેર(મુળ રહેઃ માંડવધાર ગામ, તા-ગઢડા,જિ. બોટાદ),પશુપાલન નો ધંધો કરતો મુળ દ્વારકા જિલ્લાનો ખંભાળીયા

અનુસંધાન પાના ૭ પર

# માંડવીમાં સેવા સેતુ કાર્યક્રમ

## કેમ્પ મારફતે ૨૮૬ લાભાર્થીઓને લાભ અપાયો

સુરત, તા.૨૩

સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ અંતરિયાળ વિસ્તારોના આદિવાસી સમુદાય સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી દેશ સહિત સુરત જિલ્લામાં પણ 'જનજાતિય ગરિમા ઉત્સવ-૨૦૨૬'ના ભાગરૂપે વિવિધ કેમ્પ દ્વારા લાભાર્થીઓને ૧૦૦ ટકા સરકારી સેવાઓ પહોંચાડવાની અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. સુરત જિલ્લાના માંડવી ખાતે આદિજાતી સમુદાયના સર્વાંગી વિકાસ અર્થે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં ૨૮૬ લાભાર્થીઓને વિવિધ યોજનાકીય અને કલ્યાણકારી સેવા-યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. જેમાં આધારકાર્ડ, આયુષ્યમાન કાર્ડ, પી.એમ.કિસાન યોજના, ઉજ્વલ્લા, યોજના, પી.એમ જન ધન યોજના, જાતિનું પ્રમાણપત્ર, ડોમીસાઈલ સર્ટીફીકેટ, વન ધન યોજના ,વૃક્ષારોપણ, રાશન કાર્ડ, કિસાન ક્રેડીટ કાર્ડ યોજના, મનરેગા યોજના તેમજ મિશન ઈન્દ્રધનુષ સહિતની યોજનાઓનો કુલ ૧૯૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. સાથે જ કાર્યક્રમમાં વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંવર્ધનનો સંદેશો પણ આપવામાં આવ્યો હતો.

# ગુજરાતના ફ્રોઝન ફૂડ નિકાસ ક્ષેત્રને મળી સ્પેશિયલ રેલ-ટુ-પોર્ટ કોલ્ડ ચેઈન કોરિડોરની ભેટ

## અત્યાધુનિક કોલ્ડ ચેઈન લોજિસ્ટિક્સ માટે સીમાચિહ્ન

અમદાવાદ : અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) ની સંકલિત લોજિસ્ટિક્સ પાંખ 'અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ' (ALL) દ્વારા હાયફન ફૂડ્સની નિકાસ માટે ગુજરાતના આઈસીડી વિરોચનનગરને મુંદ્રા પોર્ટ સાથે જોડતો ખાસ રીફર રેલ કોરિડોર શરૂ કરાયો છે. દેશની પ્રથમ ખાસ (રેફ્રિજરેટેડ) કન્ટેનર ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું છે. આ પહેલ ભારતના ફ્રોઝન ફૂડ નિકાસ માટે ટકાઉ અને અત્યાધુનિક કોલ્ડ ચેઈન લોજિસ્ટિક્સ કોરિડોરના નિર્માણમાં મોટું સીમાચિહ્ન સાબિત થશે.



આ નવો પ્રોજેક્ટ હાયફન ફૂડ્સ, અદાણી લોજિસ્ટિક્સ અને વૈશ્વિક શિપિંગ અગ્રણી એવરગ્રીન મરીન કોર્પોરેશન વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીનું પરિણામ છે. આ ત્રિપક્ષીય ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય રેલ-ટુ-પોર્ટ સપ્લાય ચેઈન દ્વારા ફ્રોઝન અને સંવેદનશીલ એવા કાર્ગોના પરિવહનમાં વ્યાપક સુધારો કરવાનો છે એટલું જ નહીં, તેનાથી ભારતના તાજા અને ગુણવત્તાયુક્ત શાકભાજી તેમજ અન્ય પ્રોસેસ્ડ ફ્રોઝન ફૂડ પ્રોડક્ટ્સને વિશ્વભરમાં તાજા અને સુરક્ષિત પહોંચાડવામાં મદદ મળશે.

આ ખાસ રીફર ટ્રેન દ્વારા ફ્રોઝન કાર્ગો મલેશિયા, સિંગાપોર, દક્ષિણ કોરિયા, જાપાન, તાઈવાન અને ઈન્ડોનેશિયા જેવા અગ્રણી આંતરરાષ્ટ્રીય બજારોમાં મોકલવામાં આવશે. જેને વિશ્વની સૌથી પ્રખ્યાત બ્રાન્ડ્સ જેવી કે પીઝા હટ (Pizza Hut), બર્ગર કિંગ (Burger King), ટેકો બેલ (Taco Bell), સબવે (Subway), આઈકિયા (IKEA) અને કેએફસી (KFC) ને સપ્લાય કરવામાં આવશે.

આ નવીન રેલ સેવા દ્વારા રોડ ટ્રાન્સપોર્ટને બદલે રેલવેનો ઉપયોગ વધશે, જેનાથી પ્રદૂષણમાં મોટો ઘટાડો થશે અને કાર્બન ઉત્સર્જન ઘટશે. આ ટ્રેન મુસાફરી દરમિયાન ચોક્કસ તાપમાન જાળવી રાખશે, જેથી માલની ગુણવત્તા બગડશે નહીં અને સમયસર ડિલિવરી સુનિશ્ચિત થશે.આ પહેલમાં અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ (ALL) ની ભૂમિકા માત્ર પરિવહન પૂરતી મર્યાદિત નથી. કંપનીએ નિકાસકારો અને ઉત્પાદકોને એન્ડ-ટુ-એન્ડ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ પૂરા પાડવા માટે બંદરો, ઈનલેન્ડ કન્ટેનર ડેપો, રેલ કનેક્ટિવિટી અને વેરહાઉસિંગ ક્ષેત્રો પોતાના મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સતત વિસ્તાર કર્યો છે.

સાણંદ, વિરમગામ અને કડી જેવા ઔદ્યોગિક હબની નજીક આવેલું અદાણી આઈસીડી વિરોચનનગર વાર્ષિક ૯૨,૪૦૦ કન્ટેનર (TEUs) હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે. વ્યૂહાત્મક કનેક્ટિવિટીના ફાયદા અને મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાઓને કારણે તે વધુ પ્રખ્યાત બન્યું છે. આ ટર્મિનલ દેશનું પ્રથમ 'ઝીરો ટચ કસ્ટમર એક્સપિરિયન્સ' પ્રોગ્રામ ધરાવતું કેન્દ્ર છે. મુંદ્રા અને પીપાવાવ બંદરો માટે તે આયાત-નિકાસ કનેક્ટિવિટી પૂરી પાડે છે, જ્યારે ડોમેસ્ટિક કાર્ગો રૂટને ડંકુની, કોલકાતા, જીરાનિયા (ત્રિપુરા), હલ્દિયા અને બાયહાટા જેવા સ્થળો સાથે જોડે છે.

ભારત વેપાર સ્પર્ધાત્મકતા મજબૂત કરવા સુદૃઢ સપ્લાય ચેઈન બનાવવા પ્રયત્નશીલ છે, ત્યારે આ સ્પેશિયલ કોરિડોર નિકાસને ટેકો આપવા ભવિષ્ય માટે તૈયાર મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ (ALL) ની સતત વધી રહેલી ભૂમિકાને રેખાંકિત કરે છે.

# નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ અને નવજાત શિશુઓના સંગાથે જનસેવા સાથે જન્મ દિવસ ઉજવણી કરતા ચોર્યાસીના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ





સુરત, શુક્રવારઃ 'જનસેવા એ જ પ્રભુસેવા'ના મંત્રને પોતાના જીવનમાં વણી લેનારા ચોર્યાસી વિધાનસભાના કર્મઠ ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈએ પોતાના જન્મદિવસની ઉજવણી નવી સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ, નવજાત શિશુઓ અને સારવાર લઈ રહેલા બાળકોની સેવા સાથે કરીને

સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પ્રસંગે હોસ્પિટલમાં દાખલ દિવ્યાંગ દર્દીઓની સુવિધા માટે તેમના દ્વારા વ્હીલ ચેર, બગલ ઘોડી અને વોકર જેવા અત્યંત ઉપયોગી સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા.નવી સિવિલ હોસ્પિટલમાં જન્મેલા નવજાત શિશુઓ માટે ખાસ 'બેબી કીટ' અને સગર્ભા માતાઓના ઝડપી સ્વાસ્થ્ય લાભ અને પોષણ માટે ફ્રૂટ તેમજ સ્પેશિયલ ન્યુટ્રીશન કીટ તેમજ પીડિયાટ્રિક વોર્ડ સહિત હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૧૫૦થી વધુ નાના બાળકોને ફ્રૂટ વિતરણ કરીને ધારાસભ્યશ્રીએ વહાલપૂર્વક તેમના ખબર-અંતર પૂછ્યા હતા.આ ગરિમામય સેવાકીય પ્રવૃત્તિ દરમિયાન નવી સિવિલ હોસ્પિટલની મેડિકલ કોલેજ ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટ, ડો.નિમેષ વર્મા, ઈર્ં ડો. કેતન નાયક તેમજ નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલા સહિતનો તબીબી સ્ટાફ અને મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



# ઠાકુરબાડીની ઐશ્વર્યમાં ફેશનનો મોજો

કોલકાતાના હૃદયમાં ફરી એકવાર પરંપરા અને આધુનિકતાના અનોખા સંગમનું સાક્ષી બન્યું ફેશન અને મોડેલિંગ જગત. ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ નિમિત્તે તેમને સ્મરણિય બનાવવા માટે આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં અનેક મોડેલ્સ અને કલાકારોએ હાજરી આપી. કવિએ પોતાના જીવનમાં કવિતા, વાર્તા અને નવલકથાઓ દ્વારા અનેક વિચાર અને ભાવનાઓને વ્યક્ત કરી છે, જે આજે પણ બંગાળી સમાજ માટે અત્યંત પ્રાસંગિક છે. આ જ પ્રાસંગિકતાને જાળવી રાખીને અને તેમની વિચારધારાથી પ્રેરણા લઈને એક અનોખું થીમ આધારિત શૂટ આયોજન કરવામાં આવ્યું. નવી અને અનુભવી મોડેલ્સને સાથે લઈને ઐતિહાસિક અંદાજમાં વિશેષ ફોટોશૂટ અને ફેશન પ્રેઝન્ટેશનનું આયોજન ટિના પાત્રાના નેતૃત્વ હેઠળ સંચાલિત 'ટીનાઝ ગ્લેમ સ્ટુડિયો' દ્વારા કરવામાં આવ્યું. આ સર્જનાત્મક આયોજન મોડેલિંગ જગતમાં પહેલેથી જ ભારે ચર્ચાનો વિષય બન્યું છે। કાર્યક્રમનો મુખ્ય હેતુ ભારતીય પરંપરા, સંસ્કૃતિ અને આધુનિક ફેશનને બહુમુખી રીતે રજૂ કરવાનો હતો. બંગાળી વરકન્યાની પરંપરાગત શોભાથી લઈને રાજસ્થાની રાજાશાહી લુક, ખ્રિસ્તી બ્રાઇડલ સ્ટાઇલ, હેલ્ધી, વેસ્ટર્ન અને ઈન્ડો-વેસ્ટર્ન ફેશન સુધી— દરેક થીમને અત્યંત સુંદર રીતે રજૂ કરવામાં આવી. વસ્ત્ર પ્રસ્તુતિમાં બિદિશા બોસની સર્જનાત્મકતાએ દર્શકોને વિશેષ રીતે મંત્રમુગ્ધ કર્યા। આ સમગ્ર કાર્યક્રમની મુખ્ય આયોજક અને નિર્માતા ટિના પાત્રાએ જણાવ્યું કે નવા પ્રતિભાશાળી ચહેરાઓને મોટું મંચ આપવાની સાથે અનુભવી મોડેલ્સને નવી કલ્પનાઓ દ્વારા રજૂ કરવાનો જ આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ હતો. પરંપરાગત માહોલ, આકર્ષક સેટ ડિઝાઇન અને ભવ્ય લાઇટિંગે સમગ્ર કાર્યક્રમને રાજાશાહી સ્પર્શ આપ્યો. ઉપસ્થિત મહેમાનોના મતે, આવી થીમ આધારિત અનોખી શૂટિંગ આજના મોડેલિંગ ઉદ્યોગમાં ખરેખર દુર્લભ છે। ફોટોગ્રાફર રાજ ચક્રવર્તીની કેમેરામાં કેદ થયેલી દરેક ક્ષણ જીવંત કલા કૃતિ સમાન લાગી રહી હતી.

પ્રકાશ, રંગ અને ભાવનાઓના અદભૂત ઉપયોગથી તેમણે દરેક મોડેલને અનોખી ઓળખ આપી. વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત જયંત ચક્રવર્તીએ આ પહેલની હાર્દિક પ્રશંસા કરી। કાર્યક્રમમાં ભાગ લેનાર મોડેલ્સમાં હતા— પાઉલી પાલ, દેવજાની સરકાર, પૌલામી ચક્રવર્તી, બિપાશા ગાંગુલી, રાખી સાહા, રિમ્પા નાથ, શ્રાબણી ઈન્દ્ર, તૃષા કંશબણિક, સાહેલી પાત્રા, સ્નેહા દાસ, સૌમ્યશ્રી મજુમદાર, અમરિકા મંડલ, સંગીતા બોસાક, પુષ્પિતા લોધ, સૃજિતા સાહા, વર્ષા દે, દેવાંગના આઇચ, બબિતા દેવનાથ, રૂમકી રાય, અમૃતા દાસ અને તમશ્રી ચૌધરી તેમની દરેક રજૂઆતમાં આત્મવિશ્વાસ, ગ્લેમર અને પરંપરાનો અદભૂત સમન્વય જોવા મળ્યો। મોડેલ્સના મેકઅપ અને રૂપસજ્જામાં પૌલી ઘોષ, શમ્પા સામુઇ, બર્ણાલી સાધુખાન, અંકિતા બોસુ, મૌસુમિ રાયચૌધરી, શ્રદ્ધા ગુપ્તા, સુપરવા દે બોસાક, પ્રીતિસા સાધુખાં બેરા, પાપિયા મંડલ, સુષમા મજુમદાર, શુભ્રા વિશ્વાસ, અનિશા ખાતૂન, મુકેશ કુમાર મંડલ, દીપિકા વિશ્વાસ, સંચિતા સાહા, જુની ગાંગુલી, સપ્તક ઘોરાઇ અને લાલી ઘરામીએ વિશેષ ભૂમિકા ભજવી. તેમની સર્જનાત્મક મેકઅપ અને સ્ટાઇલિંગે દરેક પાત્રને અલગ ઓળખ આપી। આયોજકોના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમ માત્ર એક ફોટોશૂટ નહોતું, પરંતુ મોડેલિંગ જગતના નવા અને જૂના કલાકારોને સાથે લઈને સર્જનાત્મકતાના નવા દ્વાર ખોલવાનો એક પ્રયાસ હતો. પરંપરા, ગ્લેમર અને આધુનિકતાના સંયોજનથી સર્જાયેલું આ અનોખું આયોજન ભવિષ્યમાં પણ ફેશન ઉદ્યોગ માટે એક પ્રેરણાદાયક ઉદાહરણ બની રહેશે, એવું ઉપસ્થિત દર્શકો અને ફેશનપ્રેમીઓ માને છે।

# આવો, લટાર મારીએ આ એક નિરાળા વાઘ- નગરમાં

## મહારાષ્ટ્રનાં તડોબા અંધારી ટાઇગર રિઝર્વમાં ફરવાની તક ચૂકવા જેવી નથી

કુદરતનો સાહજિક સ્પર્શ પણ નિસર્ગના દરેક જીવને નૃત્ય કરતા કરી દે એવો નશીલો છે. ભારતભરમાં માનવ વિક્ષેપ રહિત એવા કુદરતી સ્થળોને શોધીએ તો અઢળક સ્થળોનું લિસ્ટ નજર સામે હાજર થઇ જાય. દેશનાં વિવિધ વિસ્તારોમાં અલગ અલગ પ્રકારનું વૈવિધ્ય ધરાવતા સ્થળો જંગલ રૂપે, રણ સ્વરૂપે, પહાડ સ્વરૂપે તો વળી ક્યાંક ઘાસનાં ખુલ્લા મેદાનો સ્વરૂપે વિવિધ જીવસૃષ્ટિને મહાલવા ખુલ્લું વિશ્વ પૂરું પાડે છે અને બધા આનંદથી પોતાની પેઢીને વસ્તારી શકે તેવું વાતાવરણ પણ પૂરું પાડે છે. દેશભરનાં વિવિધ જંગલોમાં ફર્યા પછી મને અમુક જંગલો ખૂબ જ આકર્ષે છે અને વાંરવાર તે જંગલોની મુલાકાત લેવાનું ચૂકતો નથી.

ચોમાસાની વિદાય સાથે શિયાળાની શરૂઆત થતા ભારતભરનાં દરેક રાષ્ટ્રિય ઉદ્યાન અને અભ્યારણો મુલાકાતીઓ માટે ખુલવા લાગે છે અને જંગલ નવા જ રંગરૂપ સાથે પ્રવાસીઓને આવકારવા થનગની રહ્યું હોય છે. ગુજરાતથી સહુથી નજીકમાં આવું કોઈ સ્થળ હોય તો મહારાષ્ટ્રનાં નાગપુરથી આશરે ૧૫૦ કિમિ દૂર આવેલું અને ચંદ્રપુરથી નજીક તાડોબા અંધારી ટાઇગર રિઝર્વ' છે, જે ભારતનાં રાષ્ટ્રીય પ્રાણી વાઘને જંગલમાં મહાલતો જોવા માટેનું સર્વ શ્રેષ્ઠ સ્થળ છે. તાડોબા અંધારી ટાઇગર રિઝર્વની કોઈ પણ ટ્રેલ પર સવારે ધરણીને ચૂમતા સૂરજનો સ્પર્શ ધરણીને જીવંત કરતી હોય એવું ભાસે અને એમાં પણ નસીબ જોર કરતુ હોય તો એ જ સમયે વાઘ મહાલતો મળી જાય કે પછી હજારો હરણોનું ટોળું મળી જાય એટલે જંગલનો ફેરો સફળ એવું કહી શકાય.તાડોબા એક સમયે વાઘનાં શિકાર માટેનું ખુલ્લું મેદાન મહારાષ્ટ્રના રાજવીઓ અને અંગ્રેજો માટે સ્વર્ગ સમાન હતું. ૧૯૫૫માં આ વિસ્તારમાં શિકાર પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો પણ લોકોની અવરજવર એમ ને એમ જ રહી પરિણામે આ વિસ્તારમાંથી વન્યપ્રાણીઓ અને કુદરતી સંપત્તિ લાલચુ માણસોનાં સ્વાર્થ તળે અધોગતિ તરફ ધકેલાતી ગઈ. મોડે મોડે છેક ૧૯૮૬માં આ વિસ્તારને અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો અને ૧૯૯૩માં ૫૦૬ સ્કવેર કિલોમીટરના વિસ્તારને વધારીને ૬૨૨ સ્કવેર કિલોમીટરના રાષ્ટ્રીય ઉદ્યાન ઘોષિત કરવામાં આવ્યો ત્યારે ફરી અહીં વાઘની ત્રાડે સમગ્ર વિસ્તારને ગજવી મુક્યો. અહીંની મુલાકાત લઈએ કે માયા, શર્મીલી, બજરંગ, ભીમ, વાઘડો, સોનમ, લારા, છોટી તારા, સિતારા વગેરે વિષે જાણવાની તાલાવેલી ચોક્કસ જાગે. આ બધા એ વાઘ છે જેમણે અહીં વાઘની વસ્તિને વધારીને જંગલને ફરી ખૂંખાર અને જીવંત બનાવ્યું- અદલ એવું જ જેવું જંગલ ખરેખર કુદરતી રીતે હોવું જોઈએ.









અહીં ઈરાઈ અને અંધારી નામની બે નદીઓ વહે છે અને સમગ્ર જંગલની જીવસૃષ્ટિ આ બંને નદીઓ પર નભે છે પંઢરપોની-૧ અને પંઢરપોની-૨ નામનાં તળાવ હાલમાં દરેક પ્રવાસી અને પ્રકૃતિપ્રેમીઓ માટે સ્વર્ગ સમાન છે કેમ કે આખાયે જંગલની સહુથી જાણીતી અને ખૂબસૂરત વાઘણ માયા અહીં બચ્ચાઓ સાથે રાજ કરતી હતી અને આ વિસ્તારને વર્ષોથી તેણે પોતાનો વિસ્તાર બનાવીને સુરક્ષિત રીતે જાળવી રાખ્યો છે. ૨૦૨૨માં કુદરતી કારણો મૃત્યુ પામી ત્યાં સુધી તેણે આ રાષ્ટ્રિય ઉદ્યાનને ૧૩ કરતાં વધારે વાઘનો સફળ ઉછેર કર્યો છે. અહીં વાઘના અવનવા કરતબો જોવા મળે છે. વાઘ ઉપરાંત અહીં ૧૦૦ જેટલી વિવિધ પ્રજાતિઓ વસે છે. અહીંનું મુખ્ય આકર્ષણ અહીંના જંગલી કુતરા છે જે હંમેશા સમૂહમાં શિકાર કરતા જોવા મળે છે આ સિવાય રીંછ, વરુ, શિયાળ, દીપડાઓ, જંગલી સૂવર, સાંભર, ચિતલ, ઈન્ડિયન ગૌર જેવી વિવિધ પ્રજાતિઓ અહીં વિહરતી જોવા મળે છે. તાડોબા અલગ અલગ ત્રણ રેન્જમાં વહેચાયેલું જંગલ છે ,જેનાં છ અલગ અલગ ગેટ છે. દરેક રેન્જ એકબીજાથી આશરે ૧૦૦ કિમિ કરતા પણ વધારે અંતર ધરાવે છે એટલે ઝોન અને ગેટને ધ્યાનમાં લઈને જ રહેવા માટે રિસોર્ટ્સનું બુકિંગ કરાવી શકાય. તાડોબામાં છ કોર ઝોનનાં ગેટ અને બાર બફર ઝોનનાં ગેટ છે.મોહારલી , ખૂંટવાડા, કોલારા, નવેગાંઓ, પગડી અને ઝરી એમ છ અલગ અલગ કોર ઝોનના ગેટ છે, જ્યાથી બુકીંગ પ્રમાણે પ્રવેશ લઈ શકાય છે. જંગલનાં અલગ અલગ વિસ્તારો પર અલગ અલગ વાઘ અને વાઘણનું વર્ચસ્વ છે એટલે જે તે વાઘણનાં વિસ્તારને ધ્યાનમાં લઈને જે તે ઝોનનું બુકીંગ કરી શકાય જેથી સરળતાથી વાઘ જોવા મળે. અહીં આશરે ૧૧૪ જેટલા વાઘ વિહરી રહ્યા છે આ સિવાય હાલમાં અહીં કાળો દીપડો જોવા મળે છે, જેને બ્લેકી' તરીકે ઓળખવામાં આવે છે. તાડોબા લેક અને પંઢરપોનીની આસપાસનો વિસ્તાર માયા નામની વાઘણના વર્ચસ્વ તળે હતો એટલે આ વિસ્તારમાં તેના ઉછેરેલા વાઘ સરળતાથી મળી રહે છે. અહીં સફારીનાં સમય દરમ્યાન સરળતાથી પહોચવા માટે મોહારલી ઝોનનાં ખૂંટવાડા ગેટથી પહોંચી શકાય છે. આ જ વિસ્તારમાં બ્લેકી પણ વિહરતો જોવા મળે છે. જામની લેક વિસ્તારમાં છોટી તારા અને તેના બચ્ચાંઓ જોવા મળે છે. રેડિયો કોલર વાળી છોટી તારાને આ વિસ્તારમાં તેના ત્રણ નાનકડાં બચ્ચાઓ સાથે ગેલ કરતી હંમેશા જોઈ શકાય. જામની લેક પર પહોચવા માટે મોહારલી ઝોનનાં ખૂંટવાડા અને કોલારા ગેટથી સરળતાથી પહોંચી શકાય છે. તેલિયા લેક વિસ્તાર પર સોનમ અને તેના બચ્ચાઓનું પ્રભત્વ છે. તેલિયા લેક એક સમયે ચાર બહેનો માટે જાણીતો વિસ્તાર હતો જેઓએ સાથે રહીને આખાયે જંગલને હંફાવ્યું હતું અને પ્રાણીઓમાં એકતાનું અનન્ય ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સોનમ, લારા, ગીતા અને મોના નામની ચાર બહેનો પર ટાઇગર સિસ્ટર્સ ઓફ તેલિયા' નામની દસ્તાવેજી ફિલ્મ પણ બની ચુકી છે. તેલિયા લેક પહોંચવા માટે મોહરલી ગેટથી જુના મેટલ રોડ પરથી જઈ શકાય છે.દિવસ દરમ્યાન જંગલ મહાલવું એ એક આનંદમય પ્રવૃત્તિ તો છે જ પણ રાત્રિના સમયે જંગલમાં એક અલગ જ માહોલ સર્જાય છે. આખું જંગલ રાત્રે જાણે જીવંત થતું હોય એમ એક અલગ જ સંગીત ધારણ કરે છે અને નિશાચર જીવો એક્ટિવ-સચેત થઇ જાય છે. અહીં કોલારા અને મોહરલી ઝોનનાં બે ગેટમાંથી રાત્રી સફારી પણ થઇ શકે છે જેનો અનુભવ કરવાની તક જતી ન કરવી જોઈએ.તાડોબા પહોંચવા માટે નજીકનું એરપોર્ટ નાગપુર છે, જયાં પહોંચવા ગુજરાતનાં મુખ્ય એરપોર્ટ્સથી ડાયેરક્ટ ફલાઇટ છે અને નજીકનુ રેલવે સ્ટેશન ચંદ્રપૂર છે. રહેવા માટે પરમીટ મુજબ જે તે ગેટની નજીકનાં ગામડાઓમાં વિવિધ બજેટનાં રિસોર્ટ્સ ઉપલબ્ધ છે.

## તંત્રી લેખ...-

**શનિવાર, તા. ૨૩ મે ૨૦૨૬**

# બેફામ વાણીવિલાસથી લોકશાહીને નુકસાન

કોઈ પણ લોકશાહી માટે રાજકીય પક્ષો વચ્ચે મતભેદ હોય તે સ્વાભાવિક છે. સમયની સાથે ભારતીય લોકશાહી પરિપક્વ બને એવી અપેક્ષા વચ્ચે રાજનેતાઓ આરોપો અને પ્રત્યારોપોમાં ભાષાની મર્યાદા ઓળંગી જતા હોવાની બાબત દિવસો દિવસ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. આપણા રાજનેતાઓ જ્યારે પોતાની વાતનો આધાર ગુમાવી દેતા હોય છે, ત્યારે તેઓ ભાષાના ઔચિત્યને વિસરી જતા હોય છે. તાજેતરમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપર શાબ્દિક આક્રમણમાં વધુ એક વખત સંયમ ગુમાવ્યો હતો. સંયમ નેવે મૂકીને તેમણે મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ગદ્દાર કહી દીધા હતા. તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સામે પણ ઊતરતી ભાષાનો ઉપયોગ કરીને રાજકારણમાં મર્યાદાના લોપનો વધુ એક કિસ્સો સામે આણ્યો છે. લોકસભામાં વિપક્ષના નેતાનો ચાવીરૂપ હોદ્દો ધરાવતા રાહુલ ગાંધી જે રીતની ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે તેમના પદની ગરિમાને જરા પણ શેભે તેમ નથી. તેમના આવા શબ્દપ્રયોગથી સ્વાભાવિક રીતે બીજા વિપક્ષી નેતાઓને મર્યાદાનો લોપ કરવાની પ્રેરણા મળે તેમ છે. આવા સંજોગો ભારત જેવા લોકશાહી દેશ માટે કોઈ પણ હિસાબે આવકાર્ય ગણી શકાય તેમ નથી. ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધીએ આવું કંઈ પ્રથમ વખત કર્યું નથી. ભૂતકાળમાં વડાપ્રધાન સામેના બદનક્ષીભર્યા વિધાનો બદલ તેમને અદાલતોમાં માફી પણ માગવી પડી હતી. ઘણી વખત શરમજનક હાલતમાં મુકાવા છતાં તેઓ તેમની પ્રકૃતિને બદલી શક્યા નથી. આટલી બેલગામ ભાષાના ઉપયોગ પરથી જણાય છે કે, રાહુલને એમ લાગે છે કે, સરકાર વિરોધી વર્ગ તેમની આક્રમક ભાષાથી આકર્ષાશે, પરંતુ આટલાં બધાં વર્ષના રાજકીય અનુભવ છતાં તેઓ સમજી શક્યા નથી કે, લોકો આક્રોશને બદલે નેતામાં ગંભીરતા, પ્રામાણિકતા અને વિશ્વસનીયતાને વધુ પસંદ કરે છે. રાહુલ ગાંધીનો લોકશાહી અધિકાર છે કે, તેઓ સરકારને આર્થિક કટોકટીથી માંડીને બેરોજગારી સહિતના સંખ્યાબંધ મુદ્દા પર સવાલ કરી શકે છે, પણ આ સવાલ કરવા કે ટીકા કરતી વેળાએ વ્યક્તિગત અપમાન કે ઉપહાસના શબ્દોનો ઉપયોગ કરવાનો તેમને કોઈ અધિકાર નથી. કમનસીબે તેઓ આ વાત સમજી શકતા નથી. આમ તો રાહુલ એકલા વાંધાજનક ભાષાનો ઉપયોગ કરે છે તેવું નથી. ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પણ હવે વિવેક ચૂકવા લાગ્યા છે. તાજેતરમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને રાહુલ ગાંધીને ભારતીય રાજકારણના રાહુ ગણાવ્યા હતા, તો મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ રાહુલ હવે રિજેક્ટેડ માલ હોવાની વાત કરી હતી. આ સ્થિતિ બતાવે છે કે, ભારતીય રાજકારણમાં સંવાદના સ્થાને ઊતરતી ભાષાના કટાક્ષનું ચલણ વધી રહ્યંઅ છે. ખેરખર તો લોકશાહીમાં દેશના નાગરિકોના વિશ્વાસને જાળવી રાખવા માટે સત્તાધારી પક્ષ અને વિપક્ષના નેતાઓએ તેમના ઉચ્ચારણોમાં મર્યાદા ઓળંગવી જોઈએ નહી. આ બધા વચ્ચે રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા શરદ પવારે મોદીએ વૈશ્વિક મંચ પર દેશની પ્રતિષ્ઠા જાળવી રાખી હોવાની પ્રસંશા પણ કરી છે. ભારતીય લોકશાહીએ ભૂતકાળમાં જોયું છે કે, નેતાઓ એકબીજા સાથે વૈચારિક મતભેદો હોવા છતાં વ્યક્તિ માનને જાળવવા પર ખાસ ધ્યાન આપતી હતી. આજે આ ભાવનાને ફરી જાગૃત કરીને લોકશાહીના સિદ્ધાંતોને મજબૂત કરવાની અનિવાર્યતા રાજકીય નેતાઓ સમજે તે સમયની માંગ છે.

# વિજયની સફળતા પર નજર

દક્ષિણ ભારતના ઘણા રાજ્યોનાં રાજકારણમાં ફિલ્મી હસ્તીઓની બોલબાલા રહી છે. ફિલ્મી પરદે સફળતા મેળવ્યા બાદ સત્તા સ્થાને પહોંચવાવાળા કલાકારોની યાદીમાં હવે તામિલનાડુના મશહૂર અભિનેતા વિજયનું નામ માનભેર ઉમેરાયું છે. તામિલનાડુમાં જ એમ.જી. રામચંદ્રને રચેલા દ્રમુક અને તે પછી જયલલિતાના અન્નાદ્રમુકે સત્તામાં દ્વિધ્રુવીય ચલણ સ્થાપિત કર્યું હતું. હવે ફિલ્મી સિતારાઓનો વારસો ધરાવતા આ બંને પક્ષના દબદબાને વિજયના ટીવીકે પક્ષે સમાપ્ત કર્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૮ બેઠક જીતનાર વિજયે તામિલનાડુના મુખ્યમંત્રી પદે આવીને પહેલો મંત્રીમંડળ વિસ્તાર પણ કરી લીધો છે. આમ તો ટીવીકે સૌથી મોટો પક્ષ બન્યો હતો, પણ તેની પાસે પૂરતા પ્રમાણમાં બહુમતી નહોતી, વળી બે બેઠક પર ચૂંટણી લડીને બંનેમાં વિજયી બનનાર વિજયે ત્રિચી બેઠક છોડવવાની જાહેરાત કરી, આમ તેમના પક્ષનું સંખ્યાબળ ઘટીને ૧૦૭ થયું હતું. બીજી તરફ વિજયની સફળતામાં ભાગ પડાવવા મોટાભાગના રાજકીય પક્ષો ઉત્સુક બન્યા હતા. કોંગ્રેસે ટીવીકેને શરતી ટેકો આપવાનો ઈરાદો તરત જ જાહેર કર્યો, જેના દ્રમુકે નારાજગીના પ્રત્યાઘાત પણ આપ્યા. અન્નાદ્રમુકના અમુક સભ્યો પોતાના પક્ષથી અલગ થઈને વિજયની સાથે થઈ ગયા છે, પરિણામે વિજયને ધાર્યા કરતાં વધુ બહુમતી-સમર્થન મળી ગયું હતું. જો કે, ટીવીકે સાથે હાથ મિલાવીને કોંગ્રેસ તેના ઈન્ડિ જોડાણના સાથી દ્રમુકનો દ્રોહ કરશે એવી પણ ચર્ચા શરૂ થઈ ગઇ હતી. ઉલ્લેખનીય છે કે, તામિલનાડુના રાજકારણમાં રામચંદ્રન અને જયલલિતાની જબ્બર સફળતાથી પ્રેરાઈને ભૂતકાળમાં અભિનેતા વિજયકાંત અને કમલ હાસને નવા રાજકીય પક્ષોની રચના કરીને રાજકારણમાં ઝંપલાવ્યું હતું. જો કે, તેમને કોઈ નોંધપાત્ર સફળતા સાંપડી ન હતી, તે પછી રજનીકાંતે પણ ૨૦૨૦માં પોતાનો રાજકીય પક્ષ રચીને રાજકારણમાં હાથ અજમાવ્યો હતો. તેમણે પણ હાથ ખેંચી લીધા હતા. બે વર્ષ અગાઉ વિજયે ટીવીકેની રચના સાથે ઝંપલાવ્યું અને જોતજોતામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. ખાસ તો વિજયે ફિલ્મોમાં સમાજ અને સરકારી વ્યવસ્થાને સુધારતા હિરોના પાત્ર કરીને લોકચાહના મેળવી છે. હવે જોવાનું એ રહેશે કે, ફિલ્મોમાં સિસ્ટમને સુધારતા આ હિરો વાસ્તવમાં કેટલા સફળ રહે છે. દાયકાઓ સુધી દ્રમુક અને અન્નાદ્રમુકની સત્તા તળે રહેલા રાજ્યના વહીવટીતંત્રમાં વિજય કેવી રીતે નવસંસ્કરણ કરે છે, તેના પર તેમના રાજ્ય અને દેશની નજર રહેશે.

**બે વર્ષ અગાઉ વિજયે ટીવીકેની રચના સાથે ઝંપલાવ્યું અને જોતજોતામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. ખાસ તો વિજયે ફિલ્મોમાં સમાજ અને સરકારી વ્યવસ્થાને સુધારતા હિરોના પાત્ર કરીને લોકચાહના મેળવી છે.**

**કોક્રોચ પાર્ટીનો મુકાબલો કરવા માટે ઓનલાઈન ઊગી જનતા પાર્ટી પણ ઊભી કરી દેવાઈ છે.**

# યુવાનોમાં કોક્રોચ પાર્ટી માટે કેમ ઊભરો આવી ગયો?

**જેન-ઝી એટલે કે યુવાઓના પ્રિય મનાતા ઈન્સ્ટાગ્રામ પર તો સીજેપીનું એકાઉન્ટ બ્લોકબસ્ટર બની ગયું છે.**

ભારતમાં પોતાને રાજકીય સંગઠન ગણાવતી કોક્રોચ જનતા પાર્ટી સીજેપી અચાનક લાઈમલાઈટમાં આવી ગઈ છે અને વિવાદોની વણઝાર સર્જી દીધી છે. એક તરફ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સીજેપીના ફોલોઅર્સ ધડાધડ વધી રહ્યા છે અને વિપક્ષના કેટલાક નેતા પણ સીજેપીને ફોલો કરવા માંડ્યા છે ત્યારે બીજી તરફ કેન્દ્ર સરકારે સીજેપીને રાષ્ટ્રની સુરક્ષા માટે ખતરારૂપ ગણાવીને તેના એક્સ એકાઉન્ટને બ્લોક કરાવી દીધું છે. તેનાથી ડગ્યા વિના સીજેપીએ એક્સ પર 'કોકરોચ ઈઝ બેક' નામે નવું એકાઉન્ટ બનાવી દીધું છે. જે એકાઉન્ટ બ્લોક કરાયું તેના બે લાખ જેટલા ફોલોઅર્સ હતા જયારે નવું એકાઉન્ટ શરૂ થયું તેના ૨૪ કલાક કરતાં ઓછા સમયમાં તો ફોલોઅર્સની સંખ્યા સવા લાખ પર પહોંચી ગઈ છે.

આ ગાળો અને આક્ષેપો વચ્ચે જેન-ઝી એટલે કે યુવાઓના પ્રિય મનાતા ઈન્સ્ટાગ્રામ પર તો સીજેપીનું એકાઉન્ટ બ્લોકબસ્ટર બની ગયું છે. સીજેપીના ફોલોઅર્સ ભાજપ અને કોંગ્રેસના ફોલોઅર્સ કરતાં પણ વધારે થઈ ગયા છે. ઈન્સ્ટા પર ભાજપના ૯૦ લાખ અને કોંગ્રેસના ૧.૩૪ કરોડ ફોલોઅર્સ છે જયારે સીજેપીના ફોલોઅર્સની સંખ્યા ૨ કરોડને પાર થઈ ગઈ છે. ગુરુવાર સાંજ સુધીમાં સીજેપી ના ફોલોઅર્સનો આંકડો ૧ કરોડને પાર નહોતો થયો એ જોતાં બે દિવસમાં જ આંકડો બમણો થઈ ગયો છે. અભિજીત દીપકેએ કોક્રોચ પાર્ટીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને હેક કરવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કર્યો પછી ફોલોઅર્સના વધારામાં તેજી આવી ગઈ છે.

કેન્દ્ર સરકારે કોક્રોચ પાર્ટીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને હજુ બ્લોક નથી કરાવ્યું પણ તેને મળી રહેલા પ્રચંડ પ્રતિસાદને જોતા બહુ જલદી કોક્રોચ પાર્ટીનું ઈન્સ્ટા એકાઉન્ટ પણ બ્લોક થઈ જાય એવું બને. પાર્ટીના એક્સ એકાઉન્ટને બ્લોક કરવા માટે સરકારે એવું કારણ આપ્યું છે કે, આ પ્લેટફોર્મ્સ પરથી દેશની સુરક્ષા માટે ખતરારૂપ સામગ્રી પિરસાય એનો ખતરો હોવાનો ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)નો રિપોર્ટ છે તેથી તેનું એકાઉન્ટ બ્લોક કરી દેવાયું છે.

રાષ્ટ્રીય સુરક્ષા અત્યંત સંવેદનશીલ મુદ્દો છે તેથી તેની સામેના ખતરાને ગંભીરતાથી લેવો પડે તેથી સરકારે પાણી પહેલાં પાળ બાંધીને એકાઉન્ટ બ્લોક કરી દીધું. કેન્દ્ર સરકારે પોતાની સત્તાનો ઉપયોગ કરીને કશું ખોટું કર્યું નથી પણ તેના કારણે કોક્રોચ પાર્ટીની લોકપ્રિયતામાં ઓટ નથી આવી એ સૂચક છે.

જેન-ઝી તરફથી મળી રહેલા પ્રચંડ પ્રતિસાદ વચ્ચે સોશ્યલ મીડિયા પર જોરદાર જંગ પણ જામ્યો છે. સીજેપીનો સ્થાપક અભિજીત મૂળ છત્રપતિ સંભાજીનગરનો છે અને પુણેમાં માસ મીડિયાનો અભ્યાસ કર્યા પછી હાલમાં અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાં ભણે છે. કોઈએ ખણખોદ કરીને શોધી કાઢ્યું છે કે, અભિજીત પહેલાં અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીનો કંઠીધારી હતો.

૨૦૨૦ થી ૨૦૨૨ સુધી કેજરીવાલની આમ આદમી પાર્ટીના સોશ્યલ મીડિયા સ્ટ્રેટેજિસ્ટ હતા અને ૨૦૨૦ની દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં અભિજીતે આપ માટે વાયરલ મીમ આધારિત ઓનલાઈન પ્રચાર સામગ્રી બનાવી હતી. આ વાત સાચી છે કે નહીં એ ખબર નથી પણ તેને મુદ્દો બનાવીને ભાજપ સમર્થકો અભિજીતને કેજરીવાલનો દલાલ ગણાવીને તૂટી પડ્યા છે. કેજરીવાલના ઈશારે અભિજીત દેશમાં અંધાધૂંધી અને અરાજકતા ફેલાવવા મથી રહ્યો છે એવા આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે..

કોક્રોચ પાર્ટીનો મુકાબલો કરવા માટે ઓનલાઈન ઊગી જનતા પાર્ટી પણ ઊભી કરી દેવાઈ છે. પ્રખ્યાત કાર્ટૂન ઓગીથી પ્રેરિત થઈને બનાવાયેલું આ સંગઠન કોક્રોચ પાર્ટી અને અભિજીત સહિતના તેના સ્થાપકોની સામે ઝેર ઓકી રહ્યું છે. સામે કોક્રોચ પાર્ટીના સમર્થકો પણ જવાબ આપી રહ્યા છે તેથી વર્ચ્યુઅલ જંગ જામ્યો છે. અભિજીતે પોતે દલિત હોવાનું જાહેર કર્યું પછી સોશ્યલ મીડિયા પર જ્ઞાતિવાદી કોમેન્ટ્સનો ગંદવાડ પણ ઠલવાઈ રહ્યો છે. કેટલાક નીચ લોકો અભિજીતની જ્ઞાતિનો ઉલ્લેખ કરીને ગંદી ગાળો આપી રહ્યા છે.

આ જંગ હજુ વધુ ઉગ્ર બનશે તેથી તેના વિશે અત્યારથી ઝાઝું પિષ્ટપિંજણ કરવાનો મતલબ નથી. અભિજીત દીપકે અમેરિકામાં રહીને અભિયાન ચલાવે છે તેથી તેના ઈરાદા પણ એકદમ શુદ્ધ છે એવું માની લેવાની જરૂર નથી. દીપકે વિશે વધારે વિગતો બહાર આવે, તેને કોનું પીઠબળ છે તેની ખબર પડે પછી તેના વિશે વધારે કંઈ કહી શકાય પણ અત્યારે મુખ્ય મુદ્દો કોક્રોચ પાર્ટીને યુવાઓ તરફથી કેમ પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે એ છે. તેનું કારણ કોક્રોચ પાર્ટીએ બનાવેલો પોતાનો પ્રોફાઈલ છે. હાલની યુવા પેઢીને પોતાને બાગી અને જૂનાં લોકોથી અલગ ગણાવાનું ગમે છે. અભિજીત દીપકે આણિ મંડળીએ કોક્રોચ પાર્ટીને આ જ વર્ગની પાર્ટી તરીકે રજૂ કરી તેનાથી જેન-ઝી તેના પર ઓળઘોળ થઈ ગઈ છે.

કોક્રોચ પાર્ટીને એવા લોકોની પાર્ટી તરીકે રજૂ કરાઈ છે કે જેમને સિસ્ટમ ગણકારતું જ નથી. કોક્રોચ જનતા પાર્ટીએ પાર્ટીમાં જોડાવા માટે અનએમ્પ્લોઈડ (બેરોજગાર), લેઝી (આળસુ), ક્રોનિકલી ઓનલાઈન (ઓનલાઈનના બંધાણી) અને એબિલિટી ટુ રેન્ટ પ્રોફેશનલી (પ્રોફેશનલી પોતાનો ગુસ્સા વ્યક્ત કરવાની ક્ષમતા) એ ચાર મુખ્ય લાયકાત ગણાવી છે જ્યારે ૫ વચનો અપાયાં છે. આ વચનોમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત મહત્ત્વનું છે પણ એ સિવાયનાં બાકીનાં વચનો ચૂંટણી પંચ, મીડિયા, ઉદ્યોગપતિઓ વગેરેને ટાર્ગેટ કરનારાં છે. ભાજપ તેમની મદદથી સત્તા કબજે કરી રહ્યો છે એવા આક્ષેપો થાય છે તેથી કોક્રોચ પાર્ટીનું નિશાન ભાજપ હોવાનું સ્પષ્ટ જ છે. પાર્ટીનું નામ કોક્રોચ પાર્ટી રખાયું એ માટે પણ ચીફ જસ્ટિસ સૂર્યકાન્તની કોમેન્ટ જવાબદાર છે તેથી ન્યાયતંત્ર પણ ટાર્ગેટ છે. ૧૫ મે ૨૦૨૬ ના રોજ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે એક અરજી પર સુનાવણી દરમિયાન બેરાજગારોને કોક્રોચ સાથે સરખાવ્યા હતા. સૂર્યકાંતે કહેલું કે, આ વ્યવસાયમાં રોજગાર મળી રહ્યો નથી એવા કેટલાક યુવાનો કોક્રોચની જેમ મીડિયા, સોશ્યલ મીડિયામાં સક્રિય બનીને કે આરટીઆઈ તથા અન્ય પ્રકારના એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલા શરૂ કરી દે છે. મીડિયામાં આ અહેવાલ છપાયો તેના બીજા જ દિવસે કોક્રોટ પાર્ટી શરૂ થઈ ગઈ તેથી યુવાનો તરત કનેક્ટ થઈ ગયા. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે એ પછી સ્પષ્ટતા કરી કે, પોતાની વાતનું ખોટું અર્થઘટન કરાયું છે કેમ કે પોતે તો બોગસ ડિગ્રી લઈને વકીલાત કરનારા લોકોને કોક્રોચ ગણાવેલા પણ હવે કોણ તેમની વાત સાંભળે ? તીર છૂટી ગયું એ છૂટી ગયું.કોક્રોચ પાર્ટીએ અત્યારે ધૂમ મચાવી છે પણ એ લાંબું ટકશે કે નહીં એ કહેવું મુશ્કેલ છે. સોશ્યલ મીડિયા પરનાં અભિયાન ઊભરા જેવાં હોય છે. થોડો સમય ઊભરો રહે ત્યાં લગી હોહા થાય ને પછી બધું ઠંડુંગાર. કોક્રોચ પાર્ટી અપવાદ સાબિત થાય છે કે નહીં એ જોઈએ.

**પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડ માટેના ધોરણો કડક બનાવ્યા બાદ બેન્કિંગ ઇન્ડેક્સ દબાણ હેઠળ હતા.**

# બેન્કિંગ ઓન બેન્ક તેજીના નવા તબક્કાનું નેતૃત્વ બેન્કિંગ સેક્ટર હસ્તક!

**શેરબજારે સોમવારે વિક્રમી ઉછાળા સાથે નવી ઐતિહાસિક ટોચ બનાવ્યા પછી પણ આગેકૂચ ચાલુ રાખી છે અને મંગળવારે વધુ આગળ વધીને નવા શિખરો સર કર્યા છે.**

શેરબજારમાં ભરશિયાળે તેજીનો ગરમાટો સતત વધી રહ્યો છે અને હાલ તુરત તો, એક પ્રોફિટ બુકિંગ સિવાય તેને ટાઢો પાડે એવા કોઈ તાત્કાલિક પરિબળ દેખાતાં નથી. સટોડિયા વર્ગ ખાસ કરીને બૅન્ક શેરો માટે બુલિશ છે અને માને છે કે તેજીના નવા તબક્કાનું નેતૃત્વ બેન્કિંગ સેક્ટર હસ્તક રહેશે! ચાલુ મોમેન્ટમ રેલી બૅન્ક નિફ્ટીને ૪૮,૦૦૦ના અથવા તો તેનાથી પણ આગળના સ્તર તરફ લઈ જવાની ક્ષમતા ધરાવે છે.શેરબજારે સોમવારે વિક્રમી ઉછાળા સાથે નવી ઐતિહાસિક ટોચ બનાવ્યા પછી પણ આગેકૂચ ચાલુ રાખી છે અને મંગળવારે વધુ આગળ વધીને નવા શિખરો સર કર્યા છે. હવે એક પ્રોફિટ બુકિંગની સંભાવના આપણે બાજૂએ મૂકીએ તો તેજી માટેના એટલા પરિબળો એકત્ર થયા છે, કે હાલ તો પીછેહઠની શક્યતા જણાતી નથી. મંગળવારે સતત બીજા દિવસે બૅન્ક શેરોમાં ભારે લેવાલી જોવા મળી હતી, જેમાં એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, એક્સિસ બૅન્ક અને સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયાનો સમાવેશ હતો.

શેરબજારમાં કામકાજના સત્ર બાદ જાહેર થયેલો એસએન્ડપી ગ્લોબલ ઈન્ડિયા સર્વિસ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ નવેમ્બરમાં ૫૬.૯ની એક વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હોવાની જાહેરાત થઈ છે. હવે જો આને પગલે પ્રોફિટ બુકિંગ શરૂ થાય તો આજે કદાચ બજારમાં કરેકશન આવી શકે, પરંતુ એકંદરે હાલ બધુ હેમખેમ છે. અગ્રણી એનાલિસ્ટે કહ્યું હતું કે નજીકના ગાળામાં બજાર વધુ પાચેક ટકા સુધી વધે તેવી સંભાવના છે.હવે સેગમેન્ટને અનુલક્ષીને વાત કરીએ તો, સટોડિયા વર્ગ ખાસ કરીને બૅન્ક શેરો માટે બુલિશ છે અને માને છે કે તેજીના નવા તબક્કાનું નેતૃત્વ બેન્કિંગ સેક્ટર હસ્તક રહેશે! વાસ્તવમાં આજે આપણે આ મુદ્દા પર જ ફોકસ કરવી છે. આનું કારણ એ છે કે, માત્ર સટોડિયા જ નહીં પરંતુ ટોચના ઈન્વેસ્ટમેન્ટ એક્સપર્ટ અને ફંડ મેનેજરો પણ બૅન્ક શેરો પર ફોકસ કરી રહ્યાં છે. એક એવો વર્ગ છે કે જે નિફ્ટી કરતા બૅન્ક નિફ્ટીને વધુ પ્રાધાન્ય આપે છે.શાસક ભાજપે ત્રણ મુખ્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી જીતી હોવાથી ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પહેલા સ્થાનિક ઈક્વિટીમાં તેજીની અપેક્ષા હોવાથી કેટલાક બ્રોકરેજ હાઉસ તેમના સૌથી વધુ પસંદગીના ક્ષેત્રોમાં નાણાકીય અને લાર્જ કેપ્સ શેરોમાં એક્સપોઝર વધારી રહ્યાં છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ તેમની વેચાણ વ્યૂહરચના બદલાવી છે અને પાછલા સાત સત્ર દરમિયાન સતત લેવાલી કરી રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે બજારની ચર્ચા અનુસાર ફ્રન્ટલાઈન બેંકિંગ શેરોમાં એક્યુમ્યુલેશન થઇ રહ્યું છે.શેરબજારે નવા શિખરો સર કર્યા પછી હવે રોકાણકારોની નજર બૅન્ક નિફ્ટીની આગામી ચાલા પર મંડાયેલી છે. આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયા, કોટક બૅન્ક, પંજાબ નેશનલ બૅન્ક અને ઈન્ડસઈન્ડ બૅન્ક દ્વારા સમર્થિત બેંકિંગ ઈન્ડેક્સ ચોથી ડિસેમ્બરના રોજ ૧,૬૧૭ પોઈન્ટ ઉછળીને ૪૬,૪૮૪.૪૫ પર રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. મંગળવારે બજન્ક નિફ્ટી વધુ ૫૮૦.૮૫ પોઈન્ટના ઉછાળા સાથે ૪૭,૦૧૨.૨૫ પોઈન્ટની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો છે. વિશ્રલેષકોના મતે ચાલુ મોમેન્ટમ રેલી ઈન્ડેક્સને ૪૮,૦૦૦ના સ્તરે ઉપર લઇ જઇ શકે છે.એસેમ્બલી ચૂંટણીના પરિણામો બજારમાં નવા તેજીના તબક્કા માટે નવા આશાવાદને ઉત્તેજન આપી રહ્યા છે અને સ્થિર રાજકીય વાતાવરણ રોકાણકારોના વિશ્ર્વાસને વધુ વેગ આપવા સાથે બજારને ઊંચુ લઈ શકે છે.બજારના પીઢ અભ્યાસુઓ કહે છે કે, માર્કેટમાં તેજીના નવા તબક્કામાં બેંકિંગ ક્ષેત્ર એ તમામ ક્ષેત્રોની માતા (સુપર મધર) હોવાને કારણે સૌપ્રથમ આગેવાની લેશે. ટોચના ચાર્ટિસ્ટે જણાવ્યું હતું કે, બૅન્ક નિફ્ટી માટે હવે ૪૬,૦૦૦-૪૫,૮૦૦ પર સપોર્ટ લેવલ અને ૪૭,૦૦૦-૪૮,૦૦૦ પર પ્રતિકાર સપાટી છે. તેજીવાળાઓએ બૅન્ક નિફ્ટી પર જોરદાર ફોકસ કરીને બેરિશ સેન્ટિમેન્ટને દૂર કર્યું છે. આ ઈન્ડેક્સને ૪૬,૦૦૦-૪૫,૮૦૦ ઝોનમાં મજબૂત ટેકો મળ્યો હતો અને તેજીવાળા બૅન્ક શેરોમાં બુલિશ હોવાથી બૅન્કનિફ્ટીની આગેકૂચ ચાલુ રહેવાની ધારણા છે.એક ટોચના ટેકિનકલ અને ડેરિવેટિવ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ચાલુ મોમેન્ટમ રેલી ઈન્ડેક્સને ૪૮,૦૦૦ના અથવા તો તેનાથી પણ આગળના સ્તર તરફ લઈ જવાની ક્ષમતા ધરાવે છે. બેન્કિંગ સેક્ટર મધ્યમથી લાંબા ગાળામાં આઉટપરફોર્મ કરવાની અપેક્ષા રાખે છે રાજ્યની ચૂંટણીના પરિણામોએ આવતા વર્ષે સામાન્ય ચૂંટણીઓમાં કેન્દ્રમાં શાસક શાસન દ્વારા મજબૂત કામગીરી સૂચવ્યા બાદ બજારે જે મજબૂત પ્રતિભાવ આપ્યોા તે અપેક્ષિત હતો, તેમાં આગામી પાંચ વર્ષમાં રાજકીય સ્થિરતા અને આર્થિક સુધારાની સાતત્યનો સંકેત છે.ફંડ મેનેજરે જણાવ્યું હતું કે બૅન્કો મુખ્ય ડ્રાઈવર તેમજ સામાન્ય આર્થિક વૃદ્ધિના લાભાર્થી હોવાને કારણે આ ક્ષેત્ર મધ્યમથી લાંબા ગાળામાં આઉટપરફોર્મર હોવાની અપેક્ષા છે. બૅન્કોના આકર્ષક મૂલ્યાંકન અને તેમની બેલેન્સ શીટની ગુણવત્તા તેમની અપીલમાં વધારો કરે છે.ગયા મહિને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) દ્વારા પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડ માટેના ધોરણો કડક બનાવ્યા બાદ બેન્કિંગ ઈન્ડેક્સ દબાણ હેઠળ હતા. બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, એક્સિસ બૅન્ક, આરબીએલ બૅન્ક અને એસબીઆઇ કાર્ડ સહિતના ટોચના બેંકિંગ અને નોન-બેંકિંગ ફાઈનાન્સના શેરોમાં જોરદાર વેચવાલી આવતાં, ૧૭ નવેમ્બરના રોજ બજારનું સેન્ટિમેન્ટ નકારાત્મક બન્યું કારણ કે આરબીઆઇએ અસુરક્ષિત લોન સેગમેન્ટમાં બેલગામ વૃદ્ધિને ચકાસવા માટે મૂડીની જરૂરિયાતો (રિસ્ક વેઈટેજ)માં વધારો કર્યો હતો.

**ઈલેક્ટ્રોનિક ઉપકરણોને કારણે આપણે આપણી રોજિંદી જિંદગીને જેટલી સરળ બનાવી છે**

# ભારતમાંસૌથી વધુ ઇ-કચરો મુંબઈમાં

## આને કારણે કેન્સર થવાની શક્યતા પણ રહેલી છે, એવું તારણ નિષ્ણાતો દ્વારા તારવવામાં આવ્યું હતું.

કાળા માથાના માનવીએ પોતાના પ્રયાસો અને મહેનતથી ઘણું બધું હાંસલ કર્યું છે અને મેળવ્યું છે એમાં શંકાને કોઈ જ સ્થાન નથી, પણ આમાં ઘણી વખત એવો ભ્રમ થઈ જાય છે કે તેણે ઈશ્ર્વરને મ્હાત આપી દીધી છે. પણ આ બધા વચ્ચે એક સચ્ચાઈ એ છે કે માણસે ભલે તેના પ્રયાસો અને ઉત્સુકતા, કલ્પના શક્તિને કારણે જેટલું મેળવ્યું છે એનાથી અનેક ગણું તે ગુમાવી રહ્યો છે. સાવ સીધી અને સરળ ભાષામાં કહેવાનું થાય તો આપણે કુદરતના તમામ જોખમોને જેટલા ઘટાડ્યા છે, એના કરતાં અનેક ગણા જોખમો વહોરી લીધા છે. એક રીતે ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આપણી દુનિયાને ધરમૂળથી બદલી નાખી છે, એટલું જ નહીં આ ઉપકરણોને કારણે આપણી જિંદગી મનોરંજનથી ભરપૂર અને ઝડપી થઈ ગઈ છે. જોકે હવે જોવાની વાત તો એ છે કે આપણી વ્યસ્તતાના મૂળમાં પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો જ છે. આ બધા વચ્ચે આશ્ચર્યની વાત તો એ છે કે ઈલેક્ટ્રોનિક ઉપકરણોને કારણે આપણે આપણી રોજિંદી જિંદગીને જેટલી સરળ બનાવી છે એટલું જ મોટું જોખમ આપણે આપણી જાત અને સમગ્ર સમાજ માટે ઊભું કર્યું છે. ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આપણી પ્રગતિ અને વિકાસને પંખ જ નથી લગાવ્યા બલકે આપણી વિચારવાની અને સમજવાની શક્તિને પણ બદલી નાખી છે. પરંતુ આ જ ઈલેક્ટ્રોનિક ઉપકરણો હવે ઈ-કચરો બનીને આપણા માટે જોખમ બની રહ્યાં છે. ઈ કચરો એક એવું જોખમ છે, જે આજથી દસ વર્ષ પહેલાં તો જરાય નહોતો દેખાતો પણ, છેલ્લાં પાંચ વર્ષ પહેલાં આ ઈ-કચરો દેખાવાની શરૂઆત થઈ અને આજે તેની ભયાનકતા જોઈને શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઈ જાય છે. જો ટૂંક સમયમાં જ આ ઈ-કચરા પર કાબૂ નહીં મેળવવામાં આવે તો એ દિવસ દૂર નથી કે આ ઈ-કચરો જ તમારી જિંદગીને કચરો બનાવી દેશે. આધુનિકતા અને વિજ્ઞાનનો ફાયદો તો બધા જ લોકો ઉઠાવવા માગે છે, પણ એના વપરાશ પ્રત્યે એટલી જવાબદારી અને શિસ્ત હોવી આવશ્યક છે. કદાચ આ જ કારણ છે કે આપણા કરતાં વધુ ઈ-કચરો પેદા કરનારા યુરોપ અને અમેરિકા જેવા દેશો તો હજી સુરક્ષિત છે, કે પછી સુરક્ષિત રહી શકશે, પણ આપણે ત્યાં ઈ-કચરા અંગે નાગરિકોમાં અસંવેદનશીલતા અને લાપરવાહી જોવા મળી રહી છે. આ લાપરવાહી આપણને ક્યાંયના નહીં રહેવા દે. આ લાપરવાહી, અસંવેદનશીલતા અને સમાજ પ્રત્યેની આપણી ઉદાસીનતા આપણને ઈ-કચરાના એવા દલદલમાં ફેંકી દેશે જેમાંથી બહાર નીકળવાનું અઘરું થઈ પડશે. એટલું નહીં આ ઈ કચરો આપણા આરોગ્ય અને સુરક્ષિત ભવિષ્ય સામે કેટલાય સવાલો ઉપસ્થિત કરશે. ભારતમાં સૌથી વધુ કચરો મુંબઈમાંથી ઉત્પન્ન થાય છે અને આખા વર્ષ દરમિયાન એકલા મુંબઈમાંથી લગભગ ૪.૫ લાખ ટન ઈ-કચરો એકઠો થાય છે અને ત્યાર બાદ વારો આવે છે દેશની રાજધાની દિલ્હીનો. ૨૦૧૬-૧૭માં દિલ્હીમાં ઈ-કચરાનું પ્રમાણ ૮ લાખ ટન જેટલું હતું અને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આવનારા સમયમાં કદાચ આ પ્રમાણ વર્ષના પાંચ લાખ ટન જેટલું થઈ જવાની શક્યતા છે. જો ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરનારાઓ જો ઈ-કચરાના નિકાલ વિશે અત્યારથી નહીં વિચારે તો દિલ્હીને ઈ-કચરાની બહુ મોટી કિંમત ચૂકવવી પડશે. ઉલ્લેખનીય છે કે પહેલી મે, ૨૦૧૨થી રાજધાની દિલ્હીમાં ઈ-કચરા અધિનિયમ ૨૦૧૧ લાગુ કરવામાં આવ્યો છે પણ એ જ દિલ્હીના ૯૬ ટકા લોકોનો મોબાઈલ ફોન, જૂના મોનિટર, કમ્પ્યુટર, લૅપટોપ એ માત્ર તેમના જ નહીં પણ તેમની આસપાસના લોકો માટે પણ જોખમી છે એની જાણ જ નથી. દિલ્હી જ નહીં પૂરા દેશમાં લાગુ કરવામાં આવેલા આ અધિનિયમ બાદ ઈ-કચકાનો નિકાલ હવે ઈલેક્ટ્રોનિક ઉત્પાદકની જવાબદારી બની જશે. અત્યાર સુધી ઈલેક્ટ્રોનિક કચરાનો સુરક્ષિત નિકાલ કરવાની જવાબદારીમાંથી ઉત્પાદકો હાથ પાછા ખેંચી લેતા હતા, જેને કારણે રાજધાની દિલ્હીના કેટલાક ખાસ વિસ્તારમાં ઈ-કચરો એકઠો થતો હતો અને અયોગ્ય રીતે તેનો નિકાલ કરવામાં આવતો હતો. દેશના પાટનગરમાં લગભગ૩૫,૦૦૦ લોકો આ રીતે ઈ-કચરો એકઠો કરે છે. ભારતના દરેક શહેર ઈ-કચરો પેદા કરે છે, પણ દિલ્હી આ બાબતે અન્ય શહેરો કરતાં વધુ અસુરક્ષિત છે, કારણ કે અહીં બીજા શહેરોનો ઈ-કચરો પણ આવે છે. આ રીતે દિલ્હીવાસીઓ પોતાના ઈ-કચરાને કારણે મુશ્કેલીનો સામનો કરી જ રહ્યા છે, પણ તેની સાથે સાથે બીજા શહેરોના ઈ-કચરાનો બોજો પણ ઉઠાવવો પડે છે. ઈ-કચરામાંથી ઝેરી તત્ત્વો નીકળે છે જેવા કે પારો, કૅડિયમ, સિલિકોન, ઝિંક, કૉપર, ક્રૉમિયમ, સીસુ, નિકલ અને મૅગેનીઝનો સમાવેશ થાય છે. એટલે જ જૂના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનો અયોગ્ય રીતે નિકાલ કરવાને કારણે લોકોને ખૂબ જ નુકસાન પહોંચે છે. આને કારણે કૅન્સર થવાની શક્યતા પણ રહેલી છે, એવું તારણ નિષ્ણાતો દ્વારા તારવવામાં આવ્યું હતું.

દિલ્હીમાં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વયારમેન્ટ્સ દ્વારા થોડાક સમય પહેલાં જ એ જગ્યાઓ પર જઈને અધ્યયન કરવામાં આવ્યું હતું જ્યાં જૂના ઈલેક્ટ્રોનિક ઉપકરણોને બાળવામાં આવતા હતા. આવા વિસ્તારની આસપાસની હવા અને જમીનમાં ઝેરી તત્ત્વો જોવા મળ્યા હતા. એટલું જ નહીં આવા વિસ્તારમાં કામ કરનારા લોકોને કૅન્સર થવાનું જોખમ વધુ હતું. ઈ-કચરામાંથી નીકળનારા ઝેરી તત્ત્વો લીવર અને કિડની પર તો વિપરીત અસર કરે જ છે પણ તેની સાથે સાથે ઘણી વખત લકવાની અસર માટે પણ કારણભૂત બને છે. ભંગારવાળા ઘરે ઘરે ફરીને આ ઈ-કરચો એકઠો કરે છે ત્યારે તેના માલિકોને આ ભંગારના બદલામાં અમુક રકમ ચૂકવે છે, પણ સરકારે ઈ-કચરા સંબંધિત બનાવેલા અધિનિયમમાં ઈ-કચરાના નિકાલની જવાબદારી તેના ઉત્પાદકો પર નાખી છે ત્યારે તેઓ આ કચરો લોકો પાસેથી ફ્રીમાં લેવા માગે છે અને આ પાછળનું કારણ આપતા કંપનીઓ એવું જણાવે છે કે ઈ-કચરાના નિકાલમાં સારી એવી રકમ ખર્ચાઈ જાય છે. પરંતુ આ કંપનીઓ કદાચ એ ભૂલી જાય છે કે જો મોટી કંપની તરીકે તેમને નુકસાન થઈ શકે છે તો એ લોકોનું શું થતું હશે કે જેઓ ઈ-કચરો ખરીદે પણ છે અને તેના બદલામાં પૈસા પણ આપે છે. રૂ.૫૦૦૦ કરોડ કરતાં ઉપર પહોંચી ગયેલાં દિલ્હીના ઈ-કચરાનો કારોબાર કાયદો બની ગયા બાદ લોકો માટે સુરક્ષિત તો ત્યારે જ થશે કે જ્યારે લોકો જવાબદારીપૂર્વક વર્તશે અને ભવિષ્યની પેઢી પ્રત્યેની પોતાની જવાબદારીઓ પ્રત્યે સજાગ થશે, નહીં તો આપણી આ બેજવાબદારી અને લાપરવાહી આપણને નુકસાન પહોંચાડ્યા વિના નહીં રહે!

# ઐશ્વર્યા કાન પહોંચી અને અટકળોનો અંત આવ્યો

## ઐશ્વર્યા મોહિત રાયે ડિઝાઇન કરેલા મીડ નાઇટ બ્લુ સ્કલ્પટેડ ફિશટેઇલ ગાઉનમાં રેડ કાર્પેટ પર પહોંચી

ઐશ્વર્યા રાયે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં બોલિવૂડ માટે દ્વારા ખોલ્યા, તે માટે હવે કાનમાં જતા દરેક સેલેબ્રિટી તેને શ્રેય આપે છે. જ્યારે લોકોને કાન ફિલ્મ ફેસ્ટિવલ વિશે આજના સોશિયલ મીડિયાના સમય જેટલી માહિતી પણ નહોતી ત્યારથી ઐશ્વર્યાના કાન લૂકની ચર્ચા રહી છે. દર વર્ષે તે રેડ કાર્પેટ પર શું પહેરીને પહોંચે છે, તેની ઇંતેઝારી રહે છે. ત્યારે આ વર્ષે લોરિયલની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ફેસ્ટિવલના ઉદ્ઘાટનમાં આલિયા પહોંચી ત્યારે આ વર્ષે ઐશ્વર્યા ફેસ્ટિવલમાંથી બાકાત રહેશે એવી ચર્ચાઓ અને અટકળો શરૂ થઈ હતી.

કાન ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરીને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે ઐશ્વર્યા રાય બચ્ચન શુક્રવારે ફ્રાન્સના કાન શહેરમાં સ્થિત હોટેલ માર્ટિનેઝ ખાતે પોતાની દીકરી આરાધ્યા બચ્ચન સાથે પહોંચી હતી. ખાસ વાત એ છે કે આ જ હોટેલ છેલ્લા કેટલાક દિવસોથી લોરિયલ પેરિસના કાન કેમ્પેઇનમાંથી ઐશ્વર્યાની ગેરહાજરીને લઈને ચર્ચાના કેન્દ્રમાં હતી.

શુક્રવારે સામે આવેલા એક વીડિયોમાં ઐશ્વર્યાને ફ્લોરલ બુકે સાથે હોટેલમાં પ્રવેશ કરતી જોઈ શકાય છે. બ્લેક આઉટફિટમાં દેખાતી ઐશ્વર્યાનું હોટેલ બહાર હાજર અધિકારીઓને અભિવાદન કર્યું, ફોટોગ્રાફર્સ માટે પોઝ આપ્યા અને ચાહકોને હાથ લહેરાવી અભિવાદન સ્વીકાર્યું.

આ વર્ષે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ઐશ્વર્યાની હાજરી અંગે છેલ્લા કેટલાક દિવસોથી સસ્પેન્સ સર્જાયું હતું. કારણ કે લોરિયલ પેરિસ દ્વારા શેર કરાયેલા તાજેતરના કાન કેમ્પેઇન વિઝ્યુઅલ્સમાં આલિયા ભટ્ટ, વિઓલા ડેવિસ, ઈવા લોંગોરિયા અને હેલેન મિરેને સ્થાન મળ્યું હતું, પરંતુ ઐશ્વર્યા તેમાં જોવા મળી નહોતી.

હોટેલ માર્ટિનેઝ ખાતે લગાવવામાં આવેલા પોસ્ટર્સમાં પણ ઐશ્વર્યાની ગેરહાજરીને કારણે સોશિયલ મીડિયા પર ચર્ચાઓ શરૂ થઈ હતી. ઘણા ચાહકોએ સવાલ ઉઠાવ્યો હતો કે શું લોરિયલ પેરિસે ઐશ્વર્યાને કેમ્પેઇનમાંથી દૂર રાખી છે અને શું તે આ વર્ષે ફેસ્ટિવલમાં હાજરી નહીં આપે. જોકે બાદમાં બ્રાન્ડે પ્રતિક્રિયા આપતાં ઐશ્વર્યાને "લિવિંગ લેજેન્ડ" ગણાવી હતી.

ઐશ્વર્યા રાય બચ્ચને વર્ષ ૨૦૦૨માં શાહરુખ ખાન અને નિર્દેશક સંજય લીલા ભણસાલી સાથે ફિલ્મ 'દેવદાસ'ના પ્રીમિયર માટે પહેલીવાર કાન ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપી હતી. ત્યારબાદ ૨૦૦૩માં તે લોરિયલ પેરિસની ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ફરી કાનમાં પહોંચી હતી.

ગત બે દાયકાથી ઐશ્વર્યા કાન ફિલ્મ ફેસ્ટિવલનાં સૌથી ઓળખાતા ભારતીય ચહેરાઓમાંથી એક રહી છે. તેનાં રેડ કાર્પેટ લૂક્સ, ગાઉન્સ, સાડીઓ અને બ્યુટી સ્ટાઇલિંગ હંમેશા સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બનતા આવ્યા છે અને ભારતીય ચાહકોમાં ખાસ આકર્ષણ જમાવતા રહ્યા છે.



# સ્ટારડમ એટલે દર્શકો સાથેનું જોડાણ, વિશ્વાસ અને પ્રેમ : પંકજ



ફિલ્મો અને ઓટીટી શોમાં નાના રોલ્સથી શરૂઆત કરીને આજે ઇન્ડસ્ટ્રીના સૌથી માનનીય અભિનેતાઓમાં સ્થાન મેળવનાર પંકજ ત્રિપાઠીએ ગેંગ્સ ઓફ વાસેપુર, મિર્ઝાપુર, સ્ત્રી અને બરેલી કી બરફી જેવા પ્રોજેક્ટ્સ દ્વારા પોતાની આગવી ઓળખ બનાવી છે. જોકે, તાજેતરમાં પંકજ ત્રિપાઠીએ કહ્યું કે તેઓ હજુ પણ પોતાને સ્ટાર માનતા નથી, ભલે તેમનું બેંક બેલેન્સ કંઈક બીજું કહેતું હોય.

સ્ટારની પોતાની વ્યાખ્યા વિશે વાત કરતાં પંકજે કહ્યું, "મારા માટે સ્ટારડમ એટલે લોકોનો પ્રેમ, લાગણી અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સ. કારણ કે બ્રાન્ડ્સ તમારા સુધી ત્યારે જ પહોંચે છે જ્યારે તમે સ્ટાર હોવ. તેઓ માત્ર સારા અભિનેતાઓ સુધી નથી પહોંચતા, તેઓ સ્ટાર્સ સુધી પહોંચે છે. માર્કેટની દ્રષ્ટિએ આ એક વ્યાખ્યા છે, પરંતુ મારા માટે સ્ટારડમ એટલે દર્શકો સાથેનું જોડાણ, વિશ્વાસ અને પ્રેમ."જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ પોતાને સ્ટાર માને છે, ત્યારે પંકજે જવાબ આપ્યો, "મને લાગે છે કે મારા બેંક અકાઉન્ટને એવું લાગે છે, પરંતુ મને નથી લાગતું. સ્ટારડમ માટે લોકપ્રિયતા મહત્વની છે. પરંતુ લોકપ્રિયતા સાથે યાદ રહી જવું પણ એટલું જ જરૂરી છે. લોકો તમારા કામને યાદ રાખે એ જરૂરી છે. માત્ર લોકપ્રિય હોવું પૂરતું નથી; બદનામી પણ લોકપ્રિયતા લાવી શકે છે. નામ હોવું જોઈએ, પરંતુ એવું નામ હોવું જોઈએ જે યાદ રહી જાય. મેં ક્યારેય લોકપ્રિય બનવાનો પ્રયત્ન કર્યો નથી, પરંતુ યાદગાર બનવાનો પ્રયત્ન ચોક્કસ કર્યો છે."



# વરુણ ધવનના હોલિવૂડ ડેબ્યુની ચર્ચા

## વરુણ ધવન અને લોરેન્સ કેસાનોવ વચ્ચે ચર્ચાના અહેવાલો

વરુણ ધવન ટૂંક સમયમાં પોતાના કરિયરમાં એક મોટું પગલું ભરી શકે છે. તેના વિશેના અહેવાલો મુજબ વરુણ હોલિવૂડમાં ડેબ્યુ કરવા માટે ચર્ચામાં છે. જોકે વરુણ અથવા તેની ટીમ તરફથી હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ આ સંભવિત ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ અંગેની ચર્ચાએ પહેલાં જ તેના ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે.વરુણના હોલિવૂડ ડેબ્યુ અંગેના અહેવાલ મુજબ, છેલ્લા કેટલાક અઠવાડિયાથી આ પ્રોજેક્ટ અંગેની ચર્ચાઓ સતત આગળ વધી રહી છે. એક સુત્ર દ્વારા મળતા અહેવાલો અનુસાર, "વરુણને એક હોલિવૂડ પ્રોજેક્ટની ઓફર કરવામાં આવી છે અને છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચર્ચાઓ સતત આગળ વધી રહી છે. તેણે તાજેતરમાં લોરેન્સ કેસાનોવ સાથે સંપર્ક કર્યો હતો અને બંને પક્ષો હાલમાં એડવાન્સ સ્ટેજની ચર્ચામાં છે. હજી કેટલીક બાબતો અંતિમ તબક્કામાં છે, પરંતુ આ પ્રોજેક્ટ વરુણના કેરિયરમાં વૈશ્વિક સ્તરે મહત્વનું પગલું સાબિત થઈ શકે છે."આ અહેવાલો મુજબ, રસપ્રદ વાત એ છે કે વરુણે અગાઉ હોલિવૂડમાં ડેબ્યુ કરવાની પોતાની ઈચ્છા વિશે વાત કરી હતી. આ વર્ષે માર્ચમાં એક પોડકાસ્ટમાં હાજરી દરમિયાન તેણે પોતાના શરૂઆતના સપનાઓ વિશે ખુલાસો કર્યો હતો અને કહ્યું હતું કે અભિનય હંમેશાં તેની ગમતી કેરિયર રહી છે.પોતાના યુવાનીના દિવસોની યોજનાઓ વિશે વાત કરતાં વરુણે કહ્યું, "મેં વિવિધ એક્ટિંગ ક્લાસિસમાં પ્રવેશ લીધો હતો. ખરેખર, મારી ઈચ્છા હોલિવૂડમાં ડેબ્યુ કરીને મારા પિતાને બતાવી દેવાની હતી. હું ઈચ્છતો હતો કે મને સ્ટીવન સ્પિલબર્ગ લોન્ચ કરે અથવા અનુરાગ કશ્યપ લોન્ચ કરે. ?પાપાને ફક્ત આ બે વાતોથી જ ઝટકો લાગી શક્યો હોત. પરંતુ જ્યારે કરણ જોહરે મને લોન્ચ કર્યો ત્યારે પણ તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા."ફિલ્મની વાત કરીએ તો, વરુણ છેલ્લે બોર્ડર ૨માં જોવા મળ્યો હતો, જે આ વર્ષની જાન્યુઆરીમાં રિલીઝ થઈ હતી. હાલમાં તે પોતાની આગામી ફિલ્મ હૈ જવાની તો ઈશ્ક હોના હૈના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ રોમેન્ટિક એન્ટરટેનરમાં અન્ય કલાકારો પણ મહત્વની ભૂમિકામાં છે અને ફિલ્મ ૫ જૂને રિલીઝ થવાની છે. જોકે નિર્માતાઓએ હજી સુધી ફિલ્મનો સત્તાવાર ટ્રેલર લોન્ચ કર્યું નથી, તેઓ પહેલા ફિલ્મનું ટીઝર અને કેટલાક ગીતો રિલીઝ કરી ચૂક્યા છે.

# આલિયા મારા મહત્વનો અહેસાસ કરાવે છે અને બહુ પ્રેમ કરે છે : શર્વરી

યશરાજની ઓલ વીમેન સ્પાય ફિલ્મ આલ્ફાની રિલીઝ પહેલાં શર્વરી વાઘ અને વેદાંગ રૈનાએ એક ઈન્ટરવ્યુમાં આલિયા ભટ્ટ સાથેના પોતાના જોડાણ વિશે વાત કરી અને આલિયાના વર્તનમાં હુંફ, પ્રોત્સાહન અને સહકાર માટે દિલથી પ્રશંસા વ્યક્ત કરી.

જેમ જેમ વેદાંગ અને શર્વરીની ઈમ્તિઆઝ અલીની મૈં વાપસ આઉંગા અંગે ઉત્સુકતા વધી રહી છે, તેમ શર્વરી અને વેદાંગે દિગ્દર્શક ઈમ્તિઆઝ અલીની આગામી ફિલ્મમાં પહેલી વાર સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો. આ ફિલ્મમાં દિલજિત દોસાંજ પણ મહત્વના રોલમાં છે અને શર્વરી તથા વેદાંગ માટે માત્ર એકબીજા સાથે જ નહીં, પરંતુ ઈમ્તિયાઝ અલી સાથે પણ આ પ્રથમ ફિલ્મ છે.ઈન્ટરવ્યુ દરમિયાન શર્વરીએ કહ્યું કે તેની અને વેદાંગ વચ્ચે કોઈ સૌથી મજબૂત સામાન્ય બાબત હોય તો એ આલિયા ભટ્ટ છે. વેદાંગે જિગરામાં આલિયાના ભાઈ તરીકે સ્ક્રીન શેર કરી હતી, ત્યારે શર્વરી હવે આલ્ફામાં તેની સાથે કામ કરી રહી છે. આલિયા વિશે વાત કરતાં શર્વરીએ કહ્યું, "ખરેખર, અમે આલિયા વિશે ઘણી વાતો કરી છે. અમને બંનેને તે ખૂબ ગમે છે. સૌપ્રથમ તો તે એક અદ્ભુત વ્યક્તિ છે અને સાથે જ એક શાનદાર એક્ટર પણ છે. હું હંમેશા આલિયાથી પ્રભાવિત રહી છું અને તેની મોટી પ્રશંસક રહી છું. તેની સાથે કામ કરવું, સ્ક્રીન શેર કરવી અને આલ્ફા જેવી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવી મારા માટે ખૂબ જ મહત્વની છે. માત્ર તેની સાથે એક જ જગ્યા પર રહીને તેની પાસેથી શીખવું પણ અમૂલ્ય અનુભવ છે."શર્વરીએ વધુમાં જણાવ્યું કે મૈં વાપસ આઉંગાની જાહેરાત થયા પછી આલિયાએ તેને વ્યક્તિગત રીતે મેસેજ મોકલ્યો હતો. તે મેસેજને યાદ કરતાં તેણે કહ્યું, "તે ખરેખર એક પ્રોત્સાહન આપે એવી વ્યક્તિ છે. ફિલ્મની જાહેરાત થયા બાદ તરત જ તેણે મને મેસેજ કર્યો હતો અને કહ્યું હતું, 'તું અને વેદાંગ તમારા કેરિયરના આ તબક્કે ઈમ્તિયાઝ સરની ફિલ્મ કરી રહ્યા છો તે બાબતે હું ખૂબ ઉત્સાહિત છું. જ્યારે તમે પોતાની જાતને શોધી રહ્યા હો અને નવા હો, ત્યારે ઈમ્તિયાઝ સર જેવા દિગ્દર્શક સૌથી શ્રેષ્ઠ હોય છે; તેઓ તમને આ શોધમાં મદદ કરશે.' તે સમયે મને તેનો અર્થ સમજાયો નહોતો, પરંતુ હવે સમજાય છે કે તે શું કહેવા માગતી હતી."

વેદાંગ રૈનાએ પણ આલિયા ભટ્ટના બહુ વખાણ કર્યા હતા. ખાસ કરીને લોકો પ્રત્યે તે જે હુંફ દર્શાવે છે તે અંગે વખાણ કર્યા હતા. આલિયા સાથે કામ કરનારા લોકોના અનુભવો અને પોતાની વાતચીતને યાદ કરતા વેદાંગે કહ્યું, "મને લાગે છે કે ઈમ્તિયાઝ સર અને જે કોઈએ પણ તેની સાથે કામ કર્યું છે, તેમનો હંમેશા ખૂબ સારા અનુભવ રહ્યો છે. અમે પણ એ જ બાબતે વાત કરી હતી કે તમે એમની સાથે એવું અનુભવો છો કે તે કેટલી સુંદર વ્યક્તિ છે. અભિનય તો બિલકુલ અદ્ભુત છે, કારણ કે તે આલિયા ભટ્ટ છે, પરંતુ સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે તમને તેની સાથે ખુબ સારો અનુભવ થાય છે. તે તમને મહત્વના છો એવો અનુભવ કરાવશે અને તમારી સાથે ઘણી પ્રેમથી વર્તશે છે અને ઘણીવાર પોતે આગળ વધીને બધું સંભાળે છે."

## શર્વરીએ પોતાની આલ્ફાની કો-એક્ટ્રેસ આલિયા ભટ્ટ સાથે કામ કરવાનો અનુભવ જણાવ્યો



# "જ્યારે તમે થોડાં ભરાવદાર હો ત્યારે લોકો તમને ફિટ બનવા કહે છે" : કિર્તી સુરેશ

## કિર્તી સુરેશે બોડી શેમિંગ અને ફિટનેસની સફર વિશે ખુલાસો કર્યો

નેશનલ એવોર્ડ વિજેતા અભિનેત્રી કિર્તી સુરેશે બૉડી શેમિંગ અંગે સોશિયલ મીડિયા પોસ્ટમાં પોતાની લાંબી અને વ્યક્તિગત ફિટનેસ સફર વિશે વાત કરી છે. તેમાં તેણે બૉડી શેમિંગ, પ્લાસ્ટિક સર્જરી અંગેની અફવાઓ અને સતત બદલાતા સુંદરતાનાં માપદંડોથી થતા દબાણ વિશે ખુલાસો કર્યો હતો. ફૅન્સ સાથે વિગતવાર પોસ્ટ શેર કરતાં કિર્તીએ જણાવ્યું કે તેણે ક્યારેય જાહેરમાં પોતાની હેલ્થ અને વેલનેસ જર્ની વિશે વાત કરી નહોતી. ફિટનેસને પોતાની "સૌથી મોટી શિક્ષક" ગણાવતાં કિર્તીએ વર્ષો દરમિયાન સ્વાસ્થ્ય પ્રત્યેની પોતાની સમજ કેવી રીતે બદલાઈ તે વિશે જણાવ્યું છે. તેણે લખ્યું, "હવે આ શેર કરવાનો યોગ્ય સમય છે.. મેં ક્યારેય મારી ફિટનેસ જર્ની વિશે ખાસ વાત કરી નથી. આ મારી સૌથી મોટી શિક્ષક રહી છે. આજે પણ દરરોજ હું મારા શરીર અને પોતાના વિશે કંઈક નવું શીખું છું."

૨૦૧૩માં પોતાની એક્ટિંગ કેરિઅરની શરૂઆતના દિવસોને યાદ કરતાં તેણે સ્વીકાર્યું કે શરૂઆતમાં તેમને ફિટનેસ વિશે બહુ સમજ નહોતી અને પોતાના શરીરની મૂળભૂત જરૂરિયાતોને અવગણતી હતી. કિર્તીના જણાવ્યા મુજબ, ૨૦૧૮માં મહાનતિ રિલીઝ થયા બાદ પરિસ્થિતિ બદલાઈ અને તેણે ગંભીરતાથી પોતાની હેલ્થ પર ધ્યાન આપવાનું શરૂ કર્યું.

કિર્તીએ જણાવ્યું, "મેં ૐ અને કાર્ડિયો સાથે હાઈ-પ્રોટીન અને લો-કાર્બ ડાયેટ શરૂ કરી હતી. ૯ મહિનામાં ૧૦ કિલો વજન ઘટાડ્યું હતું. મને ગર્વ અનુભવાયો, ત્યાં સુધી કે લોકો મને 'નબળી' કહેવા લાગ્યાં અને કહેવા લાગ્યાં કે મેં 'સર્જરી' કરાવી છે. મેં હંમેશા બધું નેચરલ રાખ્યું છે, મારા ચહેરા સાથે પણ, તેથી આવી વાતો સાંભળીને થોડું દુઃખ લાગ્યું કારણ કે મારી બધી મહેનતને સર્જરીનું પરિણામ ગણાવવામાં આવતી હતી."

તેણે આગળ જણાવ્યું કે ૨૦૨૦માં તેણે યોગ તરફ વળવાનું શરૂ કર્યું, જેના કારણે તેને શારીરિક અને માનસિક રીતે વધુ સંતુલન મળ્યું. સમય જતાં તેને સ્ટ્રેન્થ ટ્રેનિંગનું મહત્વ પણ સમજાયું અને તેણે યોગ, કાર્ડિયો, એનિમલ ફ્લો અને કેલિસ્થેનિક્સને સાથે રાખીને વધુ સંતુલિત રૂટિન બનાવ્યું.

"હવે સ્ટ્રેન્થ ટ્રેનિંગ મારા રૂટિનનો આધાર છે. હું તેને યોગ, એનિમલ ફ્લો, કાર્ડિયો અને કેલિસ્થેનિક્સ સાથે સંતુલિત રાખું છું. સાચું કહું તો, અત્યાર સુધીમાં હું સૌથી સારું અનુભવું છું."

તેની પોસ્ટનો સૌથી વધુ ચર્ચાસ્પદ ભાગ મહિલાઓના શરીર વિશે સમાજની સતત બદલાતી અપેક્ષાઓ અંગેનાં નિવેદનો હતા. "જ્યારે તમે થોડા દિવસ થોડા ભરાવદાર હો ત્યારે લોકો તમને ફિટ બનવા કહે છે અને જ્યારે તમે પાતળા હો ત્યારે તેઓ ફરી તમને ભરાવદાર બનવા કહે છે. ક્યારેક મને સમજાતું નથી કે દુનિયા કેવી રીતે કામ કરે છેપ"







# બેંગલોર સામે સનરાઇઝર્સ હૈદરાબાદનો જંગી અંતરથી વિજય

ઓપનર અભિષેક શર્મા સહિતના હૈદરાબાદના બેટર્સે આક્રમક વલણ અપનાવીને જંગી સ્કોર ખડકતા સનરાઇઝર્સ હૈદરાબાદે શુક્રવારે અહીં રમાયેલી આઈપીએલની ટી૨૦ ક્રિકેટ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરને ૫૫ રનના વિશાળ માર્જીનથી હરાવ્યું હતું. હવે ક્વૉલિફાયરમાં ૨૬મીએ બેંગ્લોરનો મુકાબલો ગુજરાત સામે થશે.

અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં સનરાઇઝર્સ હૈદરાબાદે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૫૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જેના જવાબમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૦ રન કર્યા હતા. ૨૫૬ રનના વિશાળ ટારગેટ સામે રમતાં બેંગલોર માટે રજત પાટીદાર અને કૃણાલ પંડ્યાએ લડત આપી હતી પરંતુ તેમનો પ્રયાસ જંગી સ્કોર સામે પર્યાપ્ત ન હતો. ઓપનર વેંકટેશ ઐયરે ટીમને ઝડપી શરૂઆત અપાવી હતી અને માત્ર ૧૯ બોલમા ચાર સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૪૪ રન ફટકાર્યા હતા તો અગાઉ આ સિઝનમાં સદી ફટકારી ચૂકેલો વિરાટ કોહલી માત્ર ૧૫ રન કરી શક્યો હતો. દેવદત્ત પડિક્કલ પણ લાંબી ઈનિંગ્સ રમી શક્યો ન હતો અને ૨૧ રનના અંગત સ્કોરે સકીબ હુસૈનના બોલે આઉટ થઈ ગયો હતો.

કેપ્ટન રજત પાટીદારે ૩૯ બોલમાં ૫૬ ફટકાર્યા હતા તથા કૃણાલ પંડ્યા સાથે ૫૭ બોલમાં ૮૪ રનની ભાગીદારી નોંધાવી હતી. કૃણાલ પંડ્યાએ ૩૧ બોલમાં અણનમ ૪૧ રન ફટકાર્યા હતા. હૈદરાબાદ માટે રસિખ સલામ દારે બે વિકેટ લીધી હતી. અગાઉ અભિષેક શર્માએ હૈદરાબાદના જંગી સ્કોરનો પાયો નાખ્યો હતો જેને ઈશાન કિશન અને હેનરિક ક્લાસેને મજબૂત બનાવ્યો હતો. ટ્રેવિસ હેડ સાથે મળીને અભિષેકે ચાર ઓવર સુધીમાં જ ટીમનો સ્કોર ૪૫ સુધી પહોંચાડી દીધો હતો. આ તબક્કે ઓસ્ટ્રેલિયન બેટર ટ્રેવિસ હેડ ૧૬ બોલમાં ૨૬ રન ફટકારીને આઉટ થયો હતો. હવે અભિષેક સાથે જોડાયેલા ઈશાન કિશને ટીમને વધુ મજબૂતી આપી હતી. બંનેએ મળીને બીજી વિકેટ માટે ૨૬ બોલમાં બાવન રન ઉમેર્યા હતા. તે સમયે ડાબોડી બેટર અભિષેક ૨૨ બોલમાં ૫૬ રન ફટકારીને આઉટ થયો હતો. તેણે પોતાની ઈનિંગ્સમાં ચાર ચોગ્ગા અને પાંચ સિક્સર ફટકારી હતી.

ઈશાન કિશને છેક સુધી છેડો સાચવી રાખ્યો હતો. તે છેલ્લી ઓવરના છેલ્લા બોલે આઉટ થયો હતો. ત્યાં સુધીમાં ઈશાન કિશને ૪૬ બોલમાં ૭૮ રન ફટકાર્યા હતા. જોકે ઈશાનની પ્રતિષ્ઠા કરતાં શુક્રવારની ઈનિંગ્સ ધીમી હતી. તે આટલી વાર ટક્યો હોય તો તેની પ્રતિષ્ઠા મુજબ તેનો સ્કોર ૯૦+ નો હોઈ શકે તેમ હતો. જોકે ઈશાને તેની ઈનિંગ્સમાં આઠ ચોગ્ગા અને ત્રણ સિક્સર ફટકારી હતી. હેનરિક ક્લાસેને તેની આદત મુજબ જ આક્રમક રહ્યો હતો. તેણે ૨૪ બોલમાં પાંચ સિક્સર સાથે ૫૧રન ફટકાર્યા હતા

# ધોની ગમે તે નિર્ણય ટીમના હિતમાં જ લેશે



ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) ના બોલિંગ કોચ એરિક સિમોન્સે જણાવ્યું હતું કે સ્ટાર ખેલાડી મહેન્દ્ર સિંહ ધોની ક્યારે વાપસી કરશે તે તેઓ જ નક્કી કરશે. ૪૪ વર્ષીય ધોની પગની ઈજાને કારણે IPL ની આ સીઝનમાં એક પણ મેચ રમી શક્યો નથી.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ધોની આગામી વર્ષ માટે ઉપલબ્ધ રહેશે, ત્યારે સિમોન્સે કહ્યું, "શું તમે ખરેખર આ પ્રશ્ન પૂછી રહ્યા છો? તેના પગની ઈજાને કારણે તેના માટે દોડવાનું મુશ્કેલ બની રહ્યું હતું.તેથી તે રમ્યો નહીં. પરંતુ તે પહેલાની જેમ નેટમાં બેટિંગ કરી રહ્યો હતો. પરંતુ મેં હંમેશા કહ્યું છે કે ધોની પોતે નક્કી કરશે કે તે ક્યારે રમવા માટે તૈયાર છે અને પાછા ફરવાનો યોગ્ય સમય કયો છે.''

# વિજય શંકરની ક્રિકેટમાથી નિવૃત્તિ



ભારતીય ઓલરાઉન્ડર વિજય શંકરે ઘરેલુ ક્રિકેટ અને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ સંદેશ શેર કરતા, ૩૫ વર્ષીય શંકરે કહ્યું કે તે હવે નવી તકો શોધશે.જોકે ક્રિકેટ સાથે તેનું જોડાણ યથાવત રહેશે. તમિલનાડુ માટે લાંબા સમયથી રમી રહેલા શંકરે ૨૦૧૮ થી ૨૦૧૯ દરમિયાન ભારત માટે 12 ODI અને 9 T20I રમ્યા હતા. તે ૨૦૧૯ ODI વર્લ્ડ કપ ટીમનો પણ ભાગ હતો.પોતાની કારકિર્દીના ખાસ ક્ષણોને યાદ કરતા, શંકરે ભારતના ૫૦૦મા ODIનો અંતિમ ઓવર બોલિંગ અને વર્લ્ડ કપમાં પહેલા બોલે વિકેટ લેવાને અવિસ્મરણીય ગણાવ્યું. શંકરે લખ્યું, નસ્ત્રમારા દેશનું પ્રતિનિધિત્વ કરવું હંમેશા મારા માટે સૌથી ગર્વની અને ખુશ ક્ષણોમાંની એક રહેશે.ઈજાને કારણે રઘુવંશી IPLમાંથી બહાર કોલકાતા નાઈટ રાઈડર્સનો વિકેટકીપર-બેટ્સમેન અંગક્રિશ રઘુવંશી ઈજાને કારણે IPLની વર્તમાન સીઝનમાંથી બહાર થઈ ગયો છે. રઘુવંશીને માથામાં ઈજા (ઉશ્કેરાટ) અને ડાબા હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું છે. મુંબઈ ઈન્ડિયન્સ સામે રમતી વખતે તેને આ ઈજા થઈ હતી. રઘુવંશીએ ૧૩ મેચમાં ૪૨૨ રન બનાવ્યા હતા.

## ICC વનડે વર્લ્ડ કપ ૨૦૨૭

# રાષ્ટ્રીય પસંદગીકારો બંને સિનિયર ખેલાડીઓને એકસાથે રમાડવાથી ખચકાઈ રહ્યાં; વધતી ઉંમર અને ફિટનેસ પર રાખવામાં આવી રહી છે નજર

## વિરાટના નામ પર મહોર, રોહિત માટે બંધ થઈ શકે છે દરવાજા



આઈસીસી ૨૦૨૭ વનડે ક્રિકેટ વર્લ્ડ કપમાં આશરે દોઢ વર્ષ જેટલો સમય બાકી છે. આવા સમયમાં ભારતીય પસંદગીકારો ટીમ ઈન્ડિયાની રચનાને લઈને રણનીતિ બનાવવામાં લાગી ગયા છે.

આ સ્થિતિમાં તમામની નજર અનુભવી બેટ્સમેન રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભવિષ્ય પર પણ ટકેલી છે, જેઓ વધતી ઉંમર છતાં આ વર્લ્ડ કપમાં રમવાની આશા રાખીને બેઠાં છે.

એક અહેવાલ મુજબ, બીસીસીઆઈની રાષ્ટ્રીય પસંદગી સમિતિએ વનડે વર્લ્ડ કપ માટે ૩૭ વર્ષીય વિરાટ કોહલીના નામ પર મહોર મારી દીધી છે પરંતુ ૩૯ વર્ષીય રોહિત શર્માને લઈને સહમતી બની શકી નથી. આનું સૌથી મોટું કારણ રોહિતની ઉંમર અને તેમની ફિટનેસ છે.

આવતા વર્ષે વર્લ્ડ કપના સમયે રોહિત ૪૦ વર્ષનાં થઈ જશે. આઈપીએલ-૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી વખતે રોહિતની ફિટનેસ પર સવાલો ઉભા થયા હતા. ખરાબ ફિટનેસના કારણે રોહિતને 'ઈમ્પેક્ટ પ્લેયર' તરીકે મેદાનમાં ઉતારવામાં આવ્યો હતો. પસંદગીકારો ચિંતિત છે કે શું રોહિત વર્લ્ડ કપ સુધી પોતાની ફિટનેસ જાળવી શકશે? શું તેઓ પૂરેપૂરી ૫૦ ઓવર સુધી ફિલ્ડિંગ કરી શકશે?

વનડે ક્રિકેટ ખૂબ જ ઝડપી બની ગયું છે. આઈપીએલ-૨૦૨૬માં રોહિતનું બેટથી પ્રદર્શન સંતોષજનક જ રહ્યું, જ્યારે તેઓ ઈમ્પેક્ટ પ્લેયર તરીકે ઉતર્યા હતા. તેમના નામે આઠ મેચોમાં બે અર્ધસદી સાથે ૨૮૩ રન છે.

જ્યાં સુધી વાત વિરાટ કોહલીની છે તો ૩૭ વર્ષની ઉંમર હોવા છતાં તેઓ ફોર્મ અને ફિટનેસમાં ઘણા ખેલાડીઓ કરતાં શ્રેષ્ઠ છે. આઈપીએલ ૨૦૨૬માં તેઓ રોયલ ચેલેન્જર્સ બેંગલુ માટે ૧૩ મેચોમાં એક સદી અને ચાર અર્ધસદી સાથે ૫૪૨ રન બનાવી ચૂક્યાં છે.

આ સાથે જ, ફિલ્ડિંગમાં પણ તેઓ ખૂબ જ ચપળ દેખાઈ રહ્યાં છે. પસંદગીકારોનો દ્રષ્ટિકોણ વિરાટને લઈને સ્પષ્ટ છે કે તેઓ આગામી બે વર્ષ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવા માટે તૈયાર છે.

અહેવાલ અનુસાર, મુખ્ય પસંદગીકાર અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિની અંદર એવો અભિપ્રાય બની ચૂક્યો છે કે બંને સિનિયર ખેલાડીઓને એકસાથે વર્લ્ડ કપમાં ન ઉતારી શકાય.

સૂત્રોનાં જણાવ્યાં અનુસાર, 'ફોર્મ અને ફિટનેસની દ્રષ્ટિએ વિરાટ કોહલી, રોહિત કરતાં વધુ સારા છે. જ્યાં સુધી રોહિતની વાત છે, તો બીસીસીઆઈની મેડિકલ ટીમ સાથે સલાહ લીધાં પછી જ તેમનાં વિશે અંતિમ નિર્ણય લઈ શકાશે, પરંતુ લોકોએ સમજવું પડશે કે બંને ખેલાડીઓ એકસાથે વર્લ્ડ કપમાં રમી શકતા નથી. પસંદગીકારો ઓપનર તરીકે કોઈ યુવા ખેલાડી તરફ જોઈ રહ્યાં છે.'

# પ્લેઓફની આશાઓ જીવંત રાખવા ઉતરશે પંજાબ, લખનઉને ટુર્નામેન્ટમાં ૪ વખત હરાવ્યું છે

IPLમાં શનિવારે પંજાબ કિંગ્સ (PBKS)નો સામનો લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) સામે થશે. આ મેચ લખનઉના એકાના સ્ટેડિયમમાં સાંજે ૭.૩૦ વાગ્યાથી રમાશે. પંજાબ માટે આ મેચ 'કરો અથવા મરો' જેવી છે. ટુર્નામેન્ટના પહેલા હાફમાં ૭માંથી ૬ મેચ જીતનારી આ ટીમ સતત ૬ મેચ હારી ચૂકી છે.

પંજાબે લખનઉ સામે જીત મેળવ્યા બાદ રવિવારની અન્ય મેચના પરિણામો પર પણ નિર્ભર રહેવું પડશે. બીજી તરફ, લખનઉ પહેલાથી જ પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ચૂક્યું છે.

IPLમાં બંને ટીમ અત્યાર સુધી ૭ વખત સામસામે આવી ચૂકી છે. જેમાંથી લખનઉએ ૩ અને પંજાબે ૪ મેચ જીતી છે, જ્યારે એક મેચ ટાઈ રહી હતી. આ સીઝનમાં બંને ટીમ બીજી વખત આમને-સામને થશે. પહેલી મેચમાં પંજાબે પોતાના હોમગ્રાઉન્ડ પર લખનઉને હરાવ્યું હતું.

લખનઉ માટે સૌથી મોટી રાહતની વાત મિચેલ માર્શ અને જોશ ઈંગ્લિસનું શાનદાર ફોર્મ છે. છેલ્લી મેચમાં બંનેએ ૮.૨ ઓવરમાં ૧૦૯ રનની ભાગીદારી કરી હતી. નિકોલસ પૂરન છેલ્લી ૪ મેચમાં માત્ર ૮૭ રન જ બનાવી શક્યો છે અને તે ફોર્મમાં પરત ફરવા ઈચ્છશે. કેપ્ટન રિષભ પંતના બેટમાંથી આ સીઝનમાં માત્ર એક જ અડધી સદી નીકળી છે. પંત છેલ્લી મેચમાં મોટી ઈનિંગ રમીને સીઝનનો અંત લાવવા માગશે.




બોલિંગમાં એ જોવું રસપ્રદ રહેશે કે મોહમ્મદ શમી ટીમમાં પરત ફરે છે કે નહીં. મિચેલ માર્શ ૧૩ મેચમાં ૫૬૩ રન બનાવીને ટીમનો ટૉપ રન સ્કોરર છે, જ્યારે પ્રિન્સ યાદવ ૧૩ મેચમાં ૧૬ વિકેટ લઈને ટૉપ વિકેટ ટેકર છે.

પંજાબ કિંગ્સની સૌથી મોટી નબળાઈ તેનો બેટિંગ ઓર્ડર બની ગઈ છે. શરૂઆતની મેચમાં આક્રમક શરૂઆત અપાવનારા પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ અને કૂપર કોનોલી છેલ્લી કેટલીક મેચથી ફ્લોપ રહ્યા છે. પ્રિયાંશે છેલ્લી ૭ ઈનિંગ્સમાં માત્ર એક જ ફિફ્ટી ફટકારી છે અને છેલ્લી મેચમાં તે ઝીરો પર આઉટ થયો હતો. પ્રભસિમરન પણ છેલ્લી ૫ ઈનિંગ્સમાં માત્ર એક જ ફિફ્ટી મારી શક્યો છે.

કેપ્ટન શ્રેયસ અય્યરનું બેટ પણ શાંત છે. છેલ્લી ૬ હારમાં તે માત્ર એક જ વાર ૫૦ રનનો આંકડો પાર કરી શક્યો છે. દિલ્હી સામે મેચ જીતાડનારો મિડલ ઓર્ડર અત્યારે આઉટ ઑફ ફોર્મ છે, જ્યારે નબળી બોલિંગ અને ફિલ્ડિંગે ટીમની મુશ્કેલીઓ વધારી દીધી છે. કૂપર કોનોલી ૧૩ મેચમાં ૪૭૩ રન બનાવીને ટીમનો ટૉપ રન સ્કોરર છે, જ્યારે અર્શદીપ સિંહ ૧૩ મેચમાં ૧૪ વિકેટ લઈને ટૉપ વિકેટ ટેકર છે.

# રવિવારે અમદાવાદ સહિત ભારતભરમાં કોમનવેલ્થ દિવસની ભવ્ય ઉજવણી

## રમત પ્રધાન મનસુખ માંડવિયા અને નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી અમદાવાદમાં ઉજવણી કરશે

ભારતમાં ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થનારું છે ત્યારે આ વર્ષે ૨૪મી મે અને રવિવારે સમગ્ર દેશમાં કોમનવેલ્થ ગેમ્સ ડેની ઉજવણી થશે જેમાં અમદાવાદ મુખ્ય કેન્દ્ર રહેશે. કેન્દ્રીય રમતગમત પ્રધાન મનસુખ માંડવિયા અને ગુજરાતના નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી અમદાવાદમાં આ કાર્યક્રમનું નેતૃત્વ કરશે. ૭૫મી 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાઈકલ' રેલી અને ખેલ જગતના દિગ્ગજો અંજુમ મૌદગિલ, તૃપ્તિ મુરગુંડે અને આયુષ્માન ખુરાનાની આ ઈવેન્ટમાં હાજરી રહેશે.

રવિવારે દેશભરના ૮૦૦૦ સ્થળોએ 'કોમનવેલ્થ ગેમ્સ ડે'ની ઉજવણી કરવામાં આવશે ત્યારે તેમાં રમતગમતની દુનિયાના અનેક દિગ્ગજો પણ ઉપસ્થિત રહેશે. આ ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ અમદાવાદમાં યોજાનારો છે.

રમતગમત મંત્રાલયે ગુરુવારે માહિતી આપી હતી કે આ દિવસે અમદાવાદમાં 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાઈકલ'ની ૭૫મી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે, જેનો ઉદ્દેશ્ય ''કોમનવેલ્થ ગેમ્સ ઝુંબેશની ભાવના સાથે રમતગમત, એકતા, ફિટનેસ અને રાષ્ટ્રીય ગૌરવની ઉજવણી કરવાનો છે.''

''આ આવૃત્તિની થીમ 'એ ન્યૂ આઈકોન ફોર એ ફિટર ઈન્ડિયા – પેડલિંગ ટુ ૨૦૩૦' છે. જે ફિટનેસ, એકતા અને રમતગમતની ભાવના દ્વારા ભારતને CWG ૨૦૩૦ માટે તૈયાર કરવાના વિઝનને પ્રતિબિંબિત કરે છે.''

આ દરમિયાન એક વિશેષ CWG-થીમ આધારિત પ્રદર્શનનું પણ ઉદઘાટન કરવામાં આવશે, જેમાં છેલ્લા ૧૨ વર્ષમાં ભારતની રમતગમતની સિદ્ધિઓ તેમજ 'ખેલો ઈન્ડિયા મિશન' અને સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ જેવી મુખ્ય યોજનાઓ દર્શાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં અભિનેતા આયુષ્માન ખુરાના, શૂટર અંજુમ મૌદગિલ, બેડમિન્ટન ખેલાડી તૃપ્તિ મુરગુંડે અને પૂર્વ કોમનવેલ્થ મેડાલિસ્ટ રજની એટિમારપુ (હોકી), ગુરજિત કૌર (હોકી), સોનિકા તાંડી (હોકી) અને અંકુર મિત્તલ (શૂટિંગ) સહિત હજારો સાઈકલ સવારો ભાગ લેશે.

કેન્દ્રીય મંત્રીઓ, રાજ્યના મંત્રીઓ, સાંસદો અને જનપ્રતિનિધિઓ પોતપોતાના વિસ્તારોમાં સહભાગી થશે, જેનાથી સમગ્ર દેશમાં 'સ્પોર્ટ્સ જન ભાગીદારી'ને વધુ મજબૂત બનાવવામાં આવશે.



# ૫૩ વર્ષની ઉંમરે સૌરવ ગાંગુલીએ ગલી ક્રિકેટમાં મચાવી ધમાલ, માત્ર ૬૮ બોલમાં ફટકાર્યા ૧૩૨ રન!



લાખો ભારતીય ક્રિકેટ ચાહકો માટે, સૌરવ ગાંગુલી ફક્ત એક ક્રિકેટર નથી, પરંતુ એક લાગણી છે. ૯૦ અને ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં ભારતીય ક્રિકેટને નવી ઓળખ આપનાર એ જ "દાદા" ફરી એકવાર તેમના જૂના અંદાજમાં જોવા મળ્યા.

આ વખતે સ્ટેજ કોઈ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ નહીં, પરંતુ એક શેરી ક્રિકેટ મેદાન હતું. ગાંગુલીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે સ્થાનિક શેરી ક્રિકેટ મેચમાં શાનદાર બેટિંગ કરતો જોવા મળી રહ્યો છે.

૫૩ વર્ષની ઉંમરે પણ, ગાંગુલીએ એવી રમત બતાવી કે ચાહકોને તેના સુવર્ણ દિવસો યાદ આવી ગયા. "ગલી ક્રિકેટ" નામના ઈન્સ્ટાગ્રામ પેજ દ્વારા આયોજિત આ મેચમાં, ગાંગુલીએ માત્ર ૬૮ બોલમાં ૧૩૨ રન ફટકાર્યા. ફક્ત તેનો સ્કોર જ નોંધપાત્ર નહોતો, પરંતુ તેની બેટિંગ શૈલીએ ચાહકોને પ્રભાવિત કર્યા.

ઓફ-સાઈડમાં તેની શાનદાર કવર ડ્રાઈવ, સ્પિનરો સામે તેની લાંબી ચાલ અને મેદાન પરનો તેનો આત્મવિશ્વાસ, સમય પાછો ફર્યો હોય તેવું અનુભવ કરાવતો હતો. રસપ્રદ વાત એ છે કે, ગાંગુલીની ઈનિંગ્સની શરૂઆત સારી નહોતી.

તે પહેલા બોલે જ આઉટ થઈ ગયો અને ફિલ્ડરોએ જોરદાર ઉજવણી કરી. પરંતુ થોડા જ બોલ પછી, "દાદા" ફોર્મમાં પાછો ફર્યો. તેણે માત્ર ૩૩ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી અને પછી બોલરો પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું. ત્યારબાદ તેણે ૫૮ બોલમાં સદી ફટકારીને મેદાનનું વાતાવરણ બદલી નાખ્યું.

# અશોક પંજવાણીને પ્રતિષ્ઠિત APO નેશનલ એવોર્ડ

## નવી દિલ્હીમાં યોજાયેલા ભવ્ય સમારોહમાં પ્રોડક્ટિવિટી એડવોકેટ એવોર્ડ એનાયત




સુરત, તા.૨૩

નવી દિલ્હીમાં યોજાયેલા ભવ્ય સમારોહમાં યુપીએલના એક્સીક્યુટીવ ડાયરેક્ટર સહિતની સંસ્થાઓ સાથે જોડાયેલા અશોક પંજવાણીને પ્રોડક્ટિવિટી એડવોકેટ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

પરસ્પર સહયોગ દ્વારા એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારવા માટે કાર્યરત આંતર-સરકારી સંસ્થા એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન (APO) દ્વારા વર્ષ ૨૦૨૫ ના પ્રતિષ્ઠિત 'નેશનલ એવોર્ડ' ની જાહેરાત કરવામાં આવી છે. આ એવોર્ડ અંતર્ગત 'ઉત્પાદકતા હિમાયતી' શ્રેણી હેઠળ અશોક પંજવાણી (ડાયરેક્ટર, બીઈઆઈએલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, ભરૂચ)ની પસંદગી કરવામાં આવી છે, જે સમગ્ર દેશ અને ગુજરાત માટે અત્યંત ગર્વની વાત છે. ૨૧ મે ૨૦૨૬ ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલા એક ભવ્ય સમારોહમાં તેમને આ સર્વોચ્ચ સન્માન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલના હસ્તે એનાયત કરાયું હતું.

APO ની એવોર્ડ સમિતિએ અનેક પ્રતિષ્ઠિત નોમિનીઓમાંથી અશોક પંજવાણીની પસંદગી કરી છે. વેસ્ટ મેનેજમેન્ટ અને ટકાઉપણું (સસ્ટેનેબિલિટી) ક્ષેત્રે તેમના સમર્પિત પ્રદાન, ઉત્પાદકતા સુધારણા પહેલોનું નેતૃત્વ, વ્યૂહાત્મક વિચારસરણી અને નીતિ નિર્ધારણમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાનને આ એવોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૧૯૬૧ માં સ્થપાયેલી APO સંસ્થામાં ૨૧ દેશો સભ્યો છે અને તેનું મુખ્ય મથક ટોક્યો (જાપાન) ખાતે આવેલું છે. આ એવોર્ડ દર વર્ષે પોતાના સંગઠન અને તેનાથી આગળ ઉત્પાદકતા વધારવામાં અનુકરણીય પ્રદર્શન કરનારી વ્યક્તિગત પ્રતિભાઓને આપવામાં આવે છે.

# હુબલી મહાનગર પાલિકાનું પ્રતિનિધિ મંડળ સુરત આવ્યું

## તાપીભવનમાં યોજાયેલ મિટીંગમાં વિવિધ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન



સુરત, તા.૨૩

આજરોજ હુબલી-ધારવાડ મહાનગરપાલિકાના માન. મેયર શ્રીમતી જ્યોતિ પાટીલ, માન. ડેપ્યુટી મેયર શ્રી સંતોષ ચવ્હાણ, માન. નેતા વિરોધપક્ષ શ્રી ઈમામ હુસેન યાલીગર, માન. પૂર્વ મેયર શ્રી ઈરેશ અંકાટેગેરી, માન. ડેપ્યુટી કમિશનર ડેવલપમેન્ટ શ્રી વિજયકુમાર સહિતનું પ્રતિનિધિમંડળ સુરત શહેરની મુલાકાતે આવેલ. જેઓની સાથે સુરત મહાનગર પાલિકાના અધિકારીશ્રીઓ સાથે કોન્ફરન્સ રૂમ, બીજો માળ, સુરત મહાનગરપાલિકાની મુખ્યકચેરી, તાપીપુરા ખાતે મિટીંગ યોજાયેલ. સદર મિટીંગમાં સુરત મહાનગર પાલિકાના અધિકારીશ્રીઓ દ્વારા પ્રેઝન્ટેશન મારફત સુરત મહાનગરપાલિકાની કાર્યપધ્ધતિ, ઈતિહાસ, કલીન સિટી, ડાયમંડ સિટી, ટેક્ષટાઈલ સિટી, સોલાર સિટી, ગ્રીન સિટી, બ્રિજ સિટી તરીકે ખ્યાતનામ સિટી સુરતની માહિતી, બી.આર.ટી.એસ. પ્રોજેકટ, સુરત મહાનગરપાલિકાના ૩૦ ઈલેકશન વોર્ડ, મ્યુ. સદસ્યની વિવિધ સમિતિમાં અધ્યક્ષ અને સભ્યની નિમણુંક અને મિટીંગની કામગીરી, સુરત શહેરની ભાવી વસ્તી વધારાને ધ્યાને લઈ પાણીની સુવિધાને પહોંચી વળવા સુરત મહાનગર પાલિકાના દ્વારા કરવામાં આવેલ આયોજન, ટ્રીટેડ વોટર ઉદ્યોગોને પુરુ પાડીને વાર્ષિક રૂપિયા ૧૪૦ કરોડની આવક મેળવવા અન્વયેની માહિતી, તાપી રીવર બેરેજ પ્રોજેકટ, બાયોડાયવર્સિટી પાર્ક, ઐતિહાસિક કિલ્લા સહિતના વિવિધ મહત્વકાંક્ષી પ્રકલ્પોની માહિતી, સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળા અને સુમન શાળા ધ્વારા આપવામાં આવતી અધ્યતન શિક્ષણની સુવિધા, સોલાર પાવર પ્લાન્ટ, વીન્ડ પાવર પ્લાન્ટ, ગ્રીન વ્હીકલ પોલીસી, સુરત મહાનગર પાલિકાની ઓનલાઈન સર્વીસીસ જેવી કે વ્હોટસ અપ ચેટબોટ, કમ્પલેઈન, પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ સહિતની સુવિધા અન્વયે અને ઈન્ટીગ્રેટેડ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર, ICCC પરથી કરવામાં આવતી કામગીરી, અફોર્ડેબલ હાઉસીંગ વિભાગ સહિતના વિવિધ વિભાગની કામગીરીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સદર માહિતીથી હુબલી-ધારવાડ મહાનગરપાલિકાના પ્રતિનિધિમંડળ પ્રભાવિત થયા હતા. સદર મિટીંગમાં સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ અને કર્મચારી ઉપસ્થિત રહયા હતા.

# કામરેજમાં ૪૦૦૦ ચો.મી. જમીન પર નિર્માણ પામશે અદ્યતન હાઈસ્કૂલ

## કામરેજ તાલુકાના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારની મોટી ભેટ



સુરત, તા.૨૩

શિક્ષણમાં કરાયેલું રોકાણ એ સમાજના ઉજ્જવળ ભવિષ્યની સૌથી મોટી મૂડી છે' તેવા સ્પષ્ટ ધ્યેય સાથે રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના વ્યાપ અને ગુણવત્તા વધારવા માટે મક્કમ પગલાં લેવામાં આવી રહ્યા છે, જે અંતર્ગત કામરેજ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ કામરેજ તાલુકાના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે રાજ્ય સરકાર દ્વારા આ વિસ્તારમાં નવી હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી શાળાના નિર્માણ માટે અંદાજે ૪૦૦૦ ચો. મીટર જમીન ફાળવવામાં આવી છે, તેમજ આધુનિક શાળા ભવનના નિર્માણ અર્થે રૂ.૯ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. અહીં ધો.૧૨ સુધીનું શિક્ષણ નિઃશુલ્ક ઉપલબ્ધ થશે. આ શૈક્ષણિક પ્રકલ્પને ઝડપથી વેગ આપવા માટે ગત રોજ આરોગ્ય રાજ્ય મંત્રી અને કામરેજ ધારાસભ્ય પ્રફુલભાઈ પાનશેરીયાએ તા. પંચાયત તેમજ જિલ્લા પંચાયતના સદસ્યો અને અધિકારીઓ તેમજ સંગઠનના વરિષ્ઠ આગેવાનો સાથે પ્રસ્તાવિત શાળાના નિર્માણ સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે આગામી સમયમાં થનારા શિક્ષણ વિકાસના આયોજન અંગે સ્થાનિક પદાધિકારીઓ સાથે વિસ્તૃત અને સકારાત્મક ચર્ચા-વિચારણા કરી જરૂરી સૂચનો આપ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા નિર્માણ પામનાર આ ભગીરથ શૈક્ષણિક પ્રકલ્પને પગલે કામરેજ તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આનંદની લાગણી વ્યાપી છે. આ વેળાએ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં જ આ વિસ્તારમાં તમામ અદ્યતન સુવિધાઓથી સજ્જ ભવ્ય શાળા આકાર લેશે. જેના પરિણામે સ્થાનિક મધ્યમવર્ગીય અને શ્રમિક પરિવારોના દીકરા-દીકરીઓને ઘરઆંગણે જ ધોરણ-૧૨ સુધીનું નિઃશુલ્ક, શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ બનશે તેમજ વિદ્યાર્થીઓના જીવન ઘડતર અને કારકિર્દી નિર્માણ માટે સીમાચિહ્નરૂપ બનશે એવી આશા વ્યક્ત કરી હતી.

# માંગરોળ તાલુકામાં સેવાસેતુ કેમ્પને અભૂતપૂર્વ પ્રતિસાદ

## ત્રણ દિવસમાં ૩,૭૦૦થી વધુ નાગરિકોની ૨,૫૯૧ અરજીઓનો સ્થળ પર જ નિકાલ

સુરત, તા.૨૩

કેન્દ્ર સરકારના ફ્લેગશીપ સમાન જન ભાગીદારી અભિયાન-'સબસે દૂર, સબસે પહેલે' અંતર્ગત અંતરિયાળ વિસ્તારોમાં ૧૦૦ ટકા સરકારી સેવાઓ પહોંચાડવાની અનોખી પહેલ સમગ્ર રાજ્યમાં હાથ ધરવામાં આવી છે. 'જન જાતીય ગરિમા ઉત્સવ-૨૦૨૬' થીમ આધારિત અભિયાન હેઠળ સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં યોજાયેલા ત્રીજા દિવસે 'સેવાસેતુ' કાર્યક્રમને ગ્રામીણ નાગરિકો તરફથી ભારે ઉત્સાહ અને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે.

આ સઘન ઝુંબેશના ભાગરૂપે કંટવા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા ત્રીજા સેવાસેતુ કેમ્પમાં પણ ગ્રામીણ જનતાએ ભારે ઉત્સાહ દર્શાવતા અંદાજીત ૧,૨૦૮ જેટલા લાભાર્થીઓ હાજર રહ્યા હતા. અને તંત્ર દ્વારા સ્થળ પર જ મળેલી તમામ ૭૬૭ અરજીઓનો સંતોષકારક નિકાલ કરી નાગરિકોને સરકારી આલંબન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ત્રણ દિવસીય સફળ અભિયાન દરમિયાન માંગરોળ તાલુકામાં કુલ ૩,૭૦૦થી વધુ નાગરિકોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. જેની વચ્ચે વહીવટી તંત્રએ ત્રણેય સ્થળોએ મળીને કુલ ૨,૫૯૧ અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરીને પારદર્શિતા અને ગતિશીલ વહીવટનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આમ, લોક કલ્યાણની સાથે પર્યાવરણની જાળવણી કરતા આ સેવાસેતુ કેમ્પો અને વૃક્ષારોપણ અભિયાન અંતરિયાળ વિસ્તારના લોકો માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થયા છે.

બપોરના સમયે રસ્તાઓ અને બજારો સૂમસામ દેખાઈ રહ્યા છે અને અનેક શહેરોમાં કર્ફ્યુ જેવી સ્થિતિ સર્જાઈ છે.

**ટ્રમ્પની દીકરી**
**પહેલા પાનાનું ચાલુ**

(IRGC)ના સમર્થક આતંકવાદીએ ઈવાન્કાને નિશાન બનાવવાની યોજના બનાવી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકી તપાસ એજન્સી હ્રૈએ ૩૨ વર્ષીય ઈરાકી નાગરિક મોહમ્મદ બાકેર સાદ દાઉદ અલ-સાદીની ધરપકડ કરી છે. તેના પર આરોપ છે કે તેણે ઈવાન્કાની હત્યા કરવાની કસમ ખાધી હતી. આરોપી પાસેથી ઈવાન્કા અને તેના પતિ જેરેડ કુશનરના ફ્લોરિડા સ્થિત ઘરનો બ્લુપ્રિન્ટ એટલે કે નકશો પણ મળ્યો હતો. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ફ્લોરિડા વિસ્તારનો એક નકશો પોસ્ટ કર્યો હતો, જ્યાં ઈવાન્કા અને જેરેડનું લગભગ ૨૪ મિલિયન ડોલરનું ઘર છે.

તેણે સોશિયલ મીડિયા પર ધમકી આપતા લખ્યું હતું કે અમેરિકાના લોકો સમજી લે કે માત્ર મોટી સુરક્ષા અને સિક્રેટ સર્વિસથી તેઓ સુરક્ષિત નહી રહે. અમે તેમના પર નજર રાખી રહ્યા છીએ અને યોગ્ય સમય આવ્યે બદલો લેવામાં આવશે.

**સરસાણામાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ઉદ્યોગકારો ખૂબ જ મહત્વનું અને વ્યૂહાત્મક યોગદાન આપશે. આ એક્સ્પોના માધ્યમથી સ્થાનિક ઉદ્યોગકારોને આંતરરાષ્ટ્રીય સ્તરે જોડાણ કરવાની ઉત્તમ તક સાંપડશે.

એજ્યુકેશન એક્સ્પોના ઉદ્દઘાટન પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી કિશોરસિંહ એન. ચાવડાએ ખાસ ઉપસ્થિત રહીને શિક્ષણ અને ઉદ્યોગ જગતના સમન્વય પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સુરતના મુખ્ય ઉદ્યોગો જેવા કે ડાયમંડ, ટેક્સટાઈલ, ફાર્મા અને એવિએશન સેક્ટરને હાલમાં અત્યાધુનિક કૌશલ્ય ધરાવતા યુવાનોની ખૂબ જ જરૂરિયાત છે. યુનિવર્સિટી આ જરૂરિયાતને પૂરી કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે. દર વર્ષે યુનિવર્સિટીમાંથી ૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થઈને બહાર પડે છે. જો ઉદ્યોગોની વર્તમાન માંગ અને આધુનિક ટેકનોલોજી મુજબ આ વિદ્યાર્થીઓમાં સ્કીલ ડેવલપમેન્ટ કરવામાં આવે, તો આ યુવાધન ભવિષ્યમાં ઉદ્યોગોના વિકાસમાં સીધું જ મહત્વનું યોગદાન આપી શકે છે.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ટોરિન વેલ્થ મેનેજમેન્ટના ડિરેક્ટર અને ચેરમેન શ્રી જિજ્ઞેશ માધવાનીએ એકસાથે ચાર ઈવેન્ટ્સના આયોજન બદલ ચેમ્બરની ટીમને બિરદાવી હતી અને આ આર્થિક વિકાસના યજ્ઞમાં સહભાગી થવા બદલ ખુશી વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના અંતે આભારવિધિ કરતા ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, આજે કેમિકલ અને ફાર્મા એક્સ્પોનું જે બીજ રોપાયું છે, તે ભવિષ્યમાં વટવૃક્ષ બનશે અને આગામી દિવસોમાં આ બંને સેક્ટરના અલગ-અલગ સ્વતંત્ર એક્સ્પો યોજાશે.

આ પ્રસંગે યશસ્વી રસાયણના ડિરેક્ટર શ્રી હિમાંશુ પટેલ અનુપમ રસાયણના ડિરેક્ટર શ્રી કેતન દેસાઈ, એથર ઈન્ડસ્ટ્રીઝ, એક્યુટાસ કેમિકલ્સના પ્રતિનિધિઓ સહિત ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારંભનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ગ્રૂપ ચેરમેનો શ્રી દીપક શેઠવાલા, શ્રી મયંક દેસાઈ, શ્રી પરેશ લાઠિયા, શ્રી વિજય રાદડિયા, શ્રી હિરેન શાહ, શ્રી મયંક દલાલ, મહારાષ્ટ્ર ચેમ્બરના ડિરેક્ટર શ્રી રાકેશ જૈન વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

**કાંઠાના ટુંડા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

રૂ.૩,૦૦૦ ની કિંમતનો દેશી દારૂ, રૂ.૨,૧૨,૫૦૦ ની કિંમતનું દારૂ ગાળવાનું ૮,૫૦૦ લીટર ગોળ પાણીનું રસાયણ મળી કુલ રૂ.૨,૧૫,૫૦૦ ના મુદ્દામાલ સાથે બુટલેગરને દબોચી લીધો હતો. પોલીસે બુટલેગરની પૂછપરછ દરમ્યાન જાણવા મળ્યું હતું કે, ગાળેલો આ દારૂ મહિલા બુટલેગર છાયાબેન સુરતી (રહેઃમોરા, તા.ચોર્યાસી)લઈ જાય છે અને તેને દારૂ ગાળવાનો ગોળ અમારા ગામનો મનોજ નટવરભાઈ પટેલ પુરો પાડે છે. જેથી પોલીસે ત્રણે આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી.એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હે.કો.મુકેશભાઈ જોગરાણા કરી રહ્યા છે.

**માધ્યમિક શાળા મઢી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કલ્યાણકારી યોજનાઓના લાભો ઘર આંગણે આપવામાં આવ્યા હતા. જેમાં આધારકાર્ડ -૪૭, આયુષ્માન કાર્ડ-૩૯, પી.એમ કિશાન સન્માન નિધી યોજના-૨૭, રેશનકાર્ડ-૨, પેન્શન કે.વાય.સી-૨૦, જાતિનાં દાખલા- ૦૧, દિવ્યાંગ યોજના ૦૮ એમ કુલ -૧૪૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા હતા. જન ભાગીદારી અભિયાન હેઠળ થતી વિવિધ પ્રવૃત્તિઓ થકી અંતરિયાળ વિસ્તારોમાં મોટાં પ્રમાણમાં સેવા અને સહાય વિતરણ દ્વારા ત્યાં વસતાં આદિવાસી સમાજનું સશક્તિકરણ કરવાના સફળ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

**દવા માટેની**
**પેજ-૨ પાનાનું ચાલુ**

# સ્માર્ટ મીટર ધરાવતા ગ્રાહકોને પ્રતિ યુનિટ ૬૦ પૈસાના ડિસ્કાઉન્ટનો વિશેષ લાભ

## એપ્રિલ મહિના દરમિયાન ૧૦.૯૫ લાખની વધુ ગ્રાહકોને રૂા.૬.૭૮ કરોડનો સીધો ફાયદો થયો

સુરત, તા.૨૩

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (ડીજીવીસીએલ)ના માનવંતા વીજ ગ્રાહકોને ખુશીની ખબર એ છે કે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC) દ્વારા તા.૦૧.૦૪.૨૦૨૬થી અમલમાં મુકવામાં આવેલા નવા Time of Use Discount ટેરિફ ઓર્ડર મુજબ હવે રહેણાંક, ધંધાકીય, ઔદ્યોગિક, સ્ટ્રીટ લાઈટિંગ તેમજ ઈલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશનછ કેટેગરીના સ્માર્ટ મીટર ધરાવતા ગ્રાહકોને પ્રતિ યુનિટ ૬૦ પૈસાના ડિસ્કાઉન્ટનો લાભ આપવામાં આવી રહ્યો છે. વીજ ગ્રાહકોના આર્થિક હિતને ધ્યાનમાં રાખીને આ નવા ટેરિફ ઓર્ડર અંતર્ગત સવારે ૧૧.૦૦ વાગ્યાથી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીના સતત ૬ કલાક દરમિયાન ગ્રાહકો દ્વારા કરવામાં આવેલા વીજ વપરાશ પર પ્રતિ યુનિટ ૬૦ પૈસાનું ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. આ નિર્ધારિત સમયગાળા દરમિયાન થયેલ વીજ વપરાશની માહિતી સ્માર્ટ મીટર દ્વારા સરળતાથી મેળવી શકાય છે. તેથી સ્માર્ટ મીટર ધરાવતા ગ્રાહકોને આ ટેરિફનો સીધો લાભ મળી રહ્યો છે. તા.૧/૪/૨૦૨૬ થી તા.૩૦/૪/૨૦૨૬ દરમિયાન કુલ ૧૦,૯૫,૪૬૬ સ્માર્ટ મીટર ધરાવતા ગ્રાહકોને રૂપિયા ૬.૭૮ કરોડનો સીધો લાભ પ્રાપ્ત થયો છે. અગાઉ સ્માર્ટ મીટર આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ગ્રાહકોને વીજ વપરાશ અંગે માહિતી ઉપલબ્ધ કરાવતું હતું, જેથી વીજ વપરાશ અંગે આયોજન અને બચત કરી શકાય. જ્યારે હવે સીધો આર્થિક લાભ પણ મળી રહ્યો છે. આમ, ગ્રાહકો વીજ બચત સાથે સીધો આર્થિક લાભ પણ મેળવી રહ્યા છે. સ્માર્ટ મીટરના વિવિધ ગ્રાહકલક્ષી ઉપયોગો અને આર્થિક લાભોને કારણે સ્માર્ટ મીટર પ્રત્યે ગ્રાહકોમાં રહેલી અસમંજસતા હવે દૂર થતી જોવા મળી રહી છે અને તેની સ્વીકાર્યતા વધી રહી છે. વધુમાં વધુ વીજ ગ્રાહકો પોતાના ઘરોમાં સ્માર્ટ મીટર સ્થાપિત કરી "સ્માર્ટ વીજ ગ્રાહક" બની રહ્યા છે. ડીજીવીસીએલ હંમેશા ગ્રાહકોને આધુનિક, પારદર્શક અને વિશ્વસનીય વીજ સેવા આપવા પ્રતિબદ્ધતા કાર્ય કરી રહ્યું છે. સ્માર્ટ મીટર અને Time of Use Discount ટેરિફ ઓર્ડર દ્વારા ગ્રાહકોને બચત સાથે ઊર્જા કાર્યક્ષમતા તરફ પ્રેરણા મળશે તેમજ "સ્માર્ટ ગુજરાત" ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન પ્રાપ્ત થશે.

પરવડે નહીં. એટલે આવા કર્મચારીઓ, પેન્શરો માટે જૂની પ્રથા આશીર્વાદરૂપ હતી. તે બંધ કરી મહાનગરપાલિકાએ કર્મચારીઓને કચડી નાંખવાની જે ચાલ રમી છે તેને અમો સખત શબ્દોમાં વખોડીએ છીએ.

સુરત મહાનગરપાલિકા આ પરિપત્રને રદ કરવા માટે અમો માંગણી કરીએ છીએ. તા.૨૫/૦૫/૨૦૨૬ ના રોજ એક આવેદનપત્ર આપવામાં આવશે. તેમ છતાં અમારી માંગણી નહીં સંતોષાય તો તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ બપોરે ૩ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના દરવાજા પાસે ધરણાનો કાર્યક્રમ કરી આંદોલન કરવાની ફરજ પડશે. જે ધરણાંના કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ અને પેન્શનરોને મોટી સંખ્યામાં જોડાવા માટે સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ધ્વારા અપીલ કરવામાં આવી છે. આજ રોજ કર્મચારી મહામંડળની એક મિટિંગ ભાઈલાલ બી. વૈષ્ણવના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં વિવિધ યુનિયનોના આગેવાનો સર્વશ્રી જયંતીભાઈ વાઘેલા, વિજયભાઈ શેણમારે, શશિકાન્તભાઈ સોલંકી, મોહમંદ ઈકબાલ શેખ, કિરીટભાઈ વાઘેલા, દેવેન્દ્ર પ્રજાપતિ વિગેરે ઉપસ્થિત હતા.

**અસ્નાબાદમાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

છે. પોલીસે જુગાર સ્થળેથી જુગાર દાવના રોકડા રૂ.૧૪,૫૦૦, આરોપીઓની અંગજડતીના કુલ રોકડા રૂ.૯૮,૮૦૦, મોબાઈલ ફોન નંગ-૦૫, જેની કિંમત રૂ.૨૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૬,૩૮,૩૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

પોલીસે આ ગુનામાં તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ-૪ અને ૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ એલ.સી.બી.શાખાના અ.હે.કો.વિક્રમ સગરામભાઈ કરી રહ્યા છે.

**જુગાર રમતા પકડાયેલા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

તાલુકાના ઠાકર શેરડી ગામનો વતની કરશન જીવાભાઈ ગોજીયા (ઉ.વ.૩૮) હાલ રહેઃ વાઘનેરા ગામ, તા.માંડવી, જિ.સુરત તથા મુળ પાટણ જિલ્લા ના ચાણસ્મા તાલુકાના ધાણોદરા ગામનો વતની રાજુ ગાંડાલાલ પટેલ (ઉ.વ.૪૩) હાલ રહેઃ૮૭, મુરલીલેક્સ સીટી, અસનાબાદ, તા.ઓલપાડ તથા સંજય ભીખાભાઈ ચાવડા(ઉ.વ.૪૨)હાલ રહેઃબી-૨/ ૫૦૩, સાંઈતીર્થ રેસીડેન્સી, પાલનપુર ગામ, અડાજણ-સુરત શહેર(મુળ સૌરાષ્ટ્ર ના જુનાગઢની વણજારી ચોકનો વતની)મળી કુલ નવ આરોપીઓ જુગાર રમતા પોલીસની પકડમાં આવી ગયા હતાં.

**છેલ્લા પાનાનું ચાલુ**
**ઉમરામાં**

પોલીસ અધિકારીઓએ યુવકને ઘણી બૂમો પાડીને અને અલગ-અલગ રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અસ્થિર મગજનો આ યુવક પોલીસની એક પણ વાત માનવા તૈયાર નહોતો અને તેણે નીચે ઉતરવાની સાફ ના પાડી દીધી હતી. પોલીસના તમામ પ્રયત્નો નિષ્ફળ જતાં, અંતે મામલાની ગંભીરતા જોઈને તાત્કાલિક સુરત ફાયર વિભાગને કંટ્રોલ રૂમ દ્વારા જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાની ગંભીરતા સમજીને રાત્રિના સમયે મિનિટોમાં જ સત કેવલ ચોક ખાતે પહોંચી ગઈ હતી. ફાયરના જાંબાઝ જવાનોએ સૌપ્રથમ યુવકનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. જવાનોએ ખૂબ જ શાંતિથી અને ચતુરાઈપૂર્વક યુવક સાથે વાતચીત કરી તેને સમજાવ્યો હતો. ફાયર જવાનોની આ સ્માર્ટ સમજાવટ રંગ લાવી હતી અને આખરે રાતના અંધારામાં દોઢ કલાક લાંબા ચાલેલા આ હાઈવોલ્ટેજ ડ્રામાનો સુખદ અંત આવ્યો હતો. યુવકને થાંભલા પરથી સહીસલામત નીચે ઉતારી લેવાતા પોલીસે અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ પોલીસે ટ્રાફિક હળવો કરાવી વાહન વ્યવહાર પૂર્વવત કર્યો હતો.

**ગાંજાના કેસમાં**

દલીલ કરી હતી કે આરોપી પાસેથી કોઈ પ્રત્યક્ષ મુદ્દામાલ મળ્યો નથી અને માત્ર સીડીઆરના આધારે ગુનો સાબિત થતો નથી. અદાલતે બંને પક્ષોને સાંભળ્યા બાદ નોંધ્યું કે ફરિયાદ પક્ષ કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો છે.

**કામરેજના**

આવ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં મોટાભાગના લોકો બારડોલી વિસ્તારના હોવાનું સામે આવ્યું છે. પોલીસે વિશાલભાઈ મનુભાઈ રાઠોડ (ઉ.વ. ૨૮), રીમ્પેશભાઈ ગીરીશભાઈ પટેલ (ઉ.વ. ૩૩), પુષ્પકભાઈ ઉત્તમભાઈ ધુલે (ઉ.વ. ૩૫), સાગરભાઈ રાવજીભાઈ ગોહીલ (ઉ.વ. ૩૩), મિરલભાઈ મુકેશભાઈ રાઠોડ (ઉ.વ. ૨૯), જિગ્નેશભાઈ મનસુખભાઈ જોશી (ઉ.વ. ૩૯), સ્મીતભાઈ જયેશભાઈ ભંડારી (ઉ.વ. ૨૫), મોસીન ઝમિલ પઠાણ (ઉ.વ. ૩૫), મિતભાઈ હરીશભાઈ પવાર (ઉ.વ. ૨૩), સાહિલભાઈ ચિંતુભાઈ ગૌર (ઉ.વ. ૨૦) અને ફિરોઝ રફિક શેખ (ઉ.વ. ૩૨)ને ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત પોલીસે દારૂબંધીના ભંગ તેમજ જાહેરનામાના ઉલ્લંઘન બદલ ફાર્મ હાઉસના માલિક પ્રતીક રાજુભાઈ સોની (રહે. મોટા વરાછા) અને ફાર્મ હાઉસ ભાડે રાખનાર સંચાલક મુકેશભાઈ કડવાભાઈ ભુવા (રહે. ઓમ રેસીડેન્સી, ખડસદ) વિરુદ્ધ પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કામરેજ પોલીસની આ કાર્યવાહીને લઈને વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

# ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં મચ્છરોના બ્રિડીંગ શોધવા વ્યાપકપણે સર્વે

## આરોગ્ય તંત્રએ ૨૪૬૨ ઈન્ડસ્ટ્રીયલ એકમોમાં તપાસ કરી ૩૮ બ્રિડીંગનો નાશ કરાયો

સુરત, તા.૨૩

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત તા.૧૬/૦૫/૨૦૨૬ થી તા.૨૧/૦૫/૨૦૨૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ઝોન વિસ્તારમાં આવેલ ૨૪૬૨ ઈન્ડસ્ટ્રીયલ એકમોને સર્વે કરાતા ૧૧૯૫૬ સ્પોટ તપાસવામાં આવેલ તે પૈકી કુલ ૩૮ સ્થળો એ મચ્છરજન્ય ઉત્પત્તિ માલુમ પડતા સ્થળ ઉપર જ મચ્છરોના બ્રિડિંગનો નાશ કરવામાં આવેલ તદ્ઉપરાંત સોર્સ રીડકશનની કામગીરીના ભાગરૂપે ૩૩૦ નકામા ટાયર, ડબ્બા, ભંગાર વિગેરે મચ્છરજન્ય પરિસ્થિતિ ઉદભવે તેવા પાત્રો દુર કરવામાં આવેલ છે. મચ્છરોના ઉત્પતિ સ્થાનો મળી આવેલ ૩૮ એકમોને આરોગ્ય રક્ષણસબંધી નોટીસ આપવામાં આવેલ, ઉપરોકત સર્વે દરમ્યાન ૫ ઈસમો સામે મોબાઈલ કોર્ટમાં કોર્ટ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. સાઉથ-એ ઝોનમાંથી ૧૭૬૨ ઈન્ડસ્ટ્રીયલ એકમોને સર્વે કરાતા ૨૪/૬૪ આશીર્વાદ- ૨૦૦૦/-, ૪૩૧-ગુરુકૃપા ૧૦૦૦/-, ભગવતી ઈન્ડ્ર.આઈ ૧૦૦૦/- કુલ મળી ૪૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૨૦ નોટીસ આપવામાં આવેલ છે. સાઉથ-બી ઝોનમાંથી ૧૯ ઈન્ડસ્ટ્રીયલ એકમોને સર્વે કરાતા ઉન પ્લાઈ, ગ્રીન પાર્ક ઈન્ડસ્ટ્રી ૧૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૨ નોટીસ આપવામાં આવેલ છે. સા-ઈસ્ટ ઝોનમાંથી ૪૭ ઈન્ડસ્ટ્રીયલ એકમો સર્વે કરાતા મોમિન ઈન્ડ, જય નારાયણ ઈન્ડ, સરસ્વતી ઈન્ડ, ગજાનંદ ઈન્ડમાં ૪૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૧૬ નોટીસ આપવામાં આવેલ છે. આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગરપાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનોનાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક કાર્યવાહી હાથ ઘરવામાં આવશે, તેની જાણ કરવામાં આવે છે.

**કન્ટેનર સાથે ડબલ**
**પહેલા પાનાનું ચાલુ**

અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે. આધુનિક એસી બસોમાં સુરક્ષા ધોરણોના અભાવ અંગે પણ પ્રશ્નો ઉઠ્યા છે.

ઘણી બસોમાં જ્વલનશીલ સામગ્રીનો ઉપયોગ થતો હોવાની અને ક્રેશ ટેસ્ટિંગ યોગ્ય રીતે ન થતી હોવાની ચર્ચા વચ્ચે આ દુર્ઘટનાએ મુસાફરોની સુરક્ષા અંગે ગંભીર ચિંતા ઉભી કરી છે.

**કલબુર્ગીમાં ટ્રક-કાર**
**પહેલા પાનાનું ચાલુ**

કરી. મૃતદેહોને વાહનમાંથી બહાર કાઢીને વાડી સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા. આ દુઃખદ ઘટનાએ ઈંગલગી ગામને શોકમાં ડૂબાડી દીધું છે. એક જ પરિવારના ઘણા સભ્યોના મૃત્યુથી ગ્રામજનો આઘાતમાં છે. આ પરિવારના સભ્યોના અકાળ મૃત્યુથી પરિવારના સભ્યો, મિત્રો અને ગ્રામજનોમાં શોક ફેલાયો છે. મૃતકોના પરિવારજનોને સાંત્વના આપવા માટે લોકો હોસ્પિટલ અને ગામની મુલાકાત લઈ રહ્યા છે. વાડી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે.

**બાંગ્લાદેશના બે**
**પહેલા પાનાનું ચાલુ**

સાથે ઈલેક્ટ્રોનિક્સ, મશીનો અને અન્ય સામાન પણ મોટા પ્રમાણમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચે છે. ચીન માટે તો મલક્કાને સૌથી મોટી વ્યૂહાત્મક નબળાઈ માનવામાં આવે છે. ચીનની લગભગ ૮૦% તેલ આયાત આ જ રસ્તેથી આવે છે. આ ઔદ્યોગિક અર્થતંત્ર અને એક્સપોર્ટ સિસ્ટમ માટે અત્યંત જરૂરી છે.

આ જ કારણોસર ચીન લાંબા સમયથી તેના પરની પોતાની નિર્ભરતાને એક નબળાઈ માને છે. આ જ કારણ છે કે પૂર્વ ચીની રાષ્ટ્રપતિ હુ જિન્તાઓએ તેને 'મલક્કા ડિલેમા' કહ્યું હતું. હાલમાં ચીને આ વિસ્તારની આસપાસ દરિયાઈ મેપિંગ અને મોનિટરિંગ પ્રવૃત્તિઓ વધારી છે.

**પૂર્વી લદ્દાખમાં સેનાનું**
**પહેલા પાનાનું ચાલુ**

હેલિકોપ્ટર સંતુલન ગુમાવી બેઠું હતું અને પર્વતીય વિસ્તારમાં ક્રેશ થયું હતું. જોકે, અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. આ ઘટના બાદ, સેનાએ આંતરિક તપાસ શરૂ કરી છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માતનું કારણ નક્કી કરવા માટે ટેકનિકલ નિષ્ણાતોની એક ટીમ તૈનાત કરવામાં આવી છે. સેના દ્વારા હજુ સુધી વિગતવાર સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.

**યુપી બાદ ઓડિશા-બિહારમાં**
**પહેલા પાનાનું ચાલુ**

અતિશય ગરમી સાથે વીજળી ગુલ થવાની સમસ્યાએ લોકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૨૩ મે ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫




# ઉમરામાં યુવકનો ૩૫ ફૂટ ઊંચા પોલ પર ચઢી હાઈ વોલ્ટેજ ડ્રામા

## લોકો વીડિયો ઉતારવામાં મશગુલ બનતા ૧ કિમીનો ટ્રાફિકજામ

**સુરત,તા.૨૩**

સુરત શહેરના અત્યંત ભરચક અને પ્રખ્યાત પાલ-ઉમરા બ્રિજ પહેલા સત કેવલ ચોક વિસ્તારમાં ૨૨મેએ રાત્રિના સમયે એક ચોંકાવનારી અને શ્વાસ અધ્ધર કરી દે તેવી ઘટના સામે આવી છે. એક અસ્થિર મગજનો યુવક અચાનક રસ્તાની વચ્ચે આવેલા હાઈ-ટેક ઝૂમ કેમેરાના થાંભલા પર ચઢી ગયો હતો.

રાતના સમયે જાહેર રોડ પર યુવકને આ રીતે ઊંચા થાંભલા પર ચઢેલો જોઈને સ્થાનિકો અને ત્યાંથી પસાર થતા વાહનચાલકો સ્તબ્ધ થઈ ગયા હતા. જોતજોતામાં આસપાસના લોકો અને રાહદારીઓનું મોટું ટોળું ઘટનાસ્થળે જમા થઈ ગયું હતું અને સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ અસ્થિર મગજનો યુવક હાથમાં એક થેલો લઈને આશરે ૩૫ ફૂટ ઊંચા સીસીટીવી થાંભલા પર કોઈ પણ ડર વગર આરામથી ચઢી ગયો હતો. આ થાંભલા પર ચારેય બાજુ સુરક્ષા માટે મોંઘા CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે. યુવકે ઉપર પહોંચીને ભારે હોબાળો મચાવ્યો હતો. રાતના અંધારામાં પણ તે ક્યારેક થાંભલા પર લાગેલા સીસીટીવી કેમેરાને ખેંચીને કાઢવાનો કે તોડવાનો પ્રયત્ન કરતો હતો, તો ક્યારેક ખિસ્સામાંથી બીડી કાઢીને આરામથી ફૂંકતો નજરે પડ્યો હતો. યુવકનું આ જોખમી વર્તન



જોઈને નીચે ઊભેલા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા કે ક્યાંક તે ઉપરથી નીચે ન પડી જાય. એક તરફ થાંભલા પર યુવક મોતની રમત રમી રહ્યો હતો અને ગમે ત્યારે મોટી દુર્ઘટના ઘટી શકે તેમ હતી, ત્યારે બીજી તરફ રાત્રિના સમયે પણ રસ્તા પર એકત્રિત થયેલી ભીડ પોતાના મોબાઈલ ફોન કાઢીને યુવકના લાઈવ વીડિયો બનાવવામાં અને સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં મશગૂલ નજરે પડ્યા હતા. આ તમાશા અને લોકોની ભીડને કારણે પાલ-ઉમરા રોડ પર રાતના સમયે પણ વાહનોના પૈડાં થંભી ગયા હતા. જેના કારણે રોડ પર અંદાજે ૧ કિલોમીટર સુધી લાંબો ભયાનક ટ્રાફિક જામ સર્જાયો હતો.

આ હાઈવોલ્ટેજ ડ્રામાની જાણ થતાં જ ઉમરા પોલીસ મથકનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. રાતના સમયે પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવાની સાથે યુવકને નીચે ઉતારવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. સ્થાનિક

અનુસંધાન પાના ૭ પર

# નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. પારૂલ વડગામાએ ચાર્જ સંભાળ્યો

## ચાર્જ લેતા પહેલાં હોસ્પિટલનો રાઉન્ડ લીધો : દર્દીઓની વિવિધ સુવિધા સંદર્ભે વિવિધ વિભાગોનું ડો. વડગામા દ્વારા જાતનિરીક્ષણ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

નવી સિવિલ હોસ્પિટલના નવનિયુક્ત સુપ્રિટેન્ડન્ટ ડો. પારૂલ વડગામા દ્વારા આજે નવી સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ સહિત વિવિધ બાહ્ય દર્દી વિભાગોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન વિવિધ વિભાગોના વિભાગીય વડાઓ તેમજ નિવાસી તબીબોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ અને તેમના સગાઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેમજ સારવાર પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત બને તે માટે તમામ સ્ટાફને સતર્ક રહી કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. ખાસ કરીને તાત્કાલિક સારવાર વિભાગ અને સઘન સારવાર કક્ષમાં દર્દીઓને ઝડપી અને ગુણવત્તાસભર સારવાર મળી રહે તે બાબતે ભાર મૂકાયો હતો. સુપ્રિટેન્ડન્ટે હોસ્પિટલની સ્વચ્છતા, દવાઓની ઉપલબ્ધતા, સ્ટાફની હાજરી અને દર્દીઓ માટેની સુવિધાઓ અંગે પણ માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ રાઉન્ડ દરમિયાન રહેણાંક તબીબી અધિકારી Ketan Nayak તેમજ નર્સિંગ કાઉન્સિલ પ્રમુખ Iqbalbhai Kadiwala પણ હાજર રહ્યા હતા.

# ચેમ્બરના ઉપપ્રમુખના પદ માટે ચૂંટણી રવિવારે ૧૩૮૦૦ સભ્યો કરશે મતદાન

## નિતીન ભરૂચા અને રવિરાજ દેસાઈ વચ્ચે ચૂંટણી જંગ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ પદની ચૂંટણી માટે આવતીકાલે રવિવારના રોજ સવારથી સાંજ સુધી મતદાન યોજાવાનું છે. ઉપપ્રમુખ પદ માટે બે ઉમેદવારો નીતિન ભરૂચા અને રવિરાજ દેસાઈ વચ્ચે ચૂંટણી જંગ જામ્યો છે. ઉપપ્રમુખ પદની ચૂંટણી આ વખતે વિવાદી બનતા મામલો કોર્ટમાં પણ પહોંચ્યો છે. ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણીમાં આવતીકાલે સવારથી સાંજ સુધી સરથાણા સ્થિતિ કન્વેન્શન સેન્ટરમાં મતદાન યોજાશે. બે ઉમેદવારો નીતિન ભરૂચા અને રવિરાજ દેસાઈ વચ્ચે યોજાનારી ચૂંટણીમાં ચેમ્બરના ૧૩૮૦૦ સભ્યો મતદાન કરશે. મતદાન બાદ તુરંત મતગણના પ્રક્રિયા હાથ ધરાયા બાદ પરિણામની ઘોષણા કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સની સ્થાપના ૧૯૪૦માં થઈ હતી અને સંસ્થાને ૮૬ વર્ષ પૂર્ણ થયા છે. આ સમયગાળા દરમિયાન ૮૩ પ્રમુખ-ઉપપ્રમુખ બની ચૂક્યા છે. પરંપરા મુજબ પ્રમુખ પદ માટે સર્વસંમતિથી પસંદગી થતી આવી છે અને ઉપપ્રમુખ જ આગળ જઈ પ્રમુખ બને છે, પરંતુ આ વર્ષે ઉપપ્રમુખ પદની ચૂંટણીને લઈને વિવાદ એટલો વધી ગયો કે મામલો કોર્ટ સુધી પહોંચ્યો છે. ચેમ્બરના ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણી અટકાવવા માટે કોર્ટના દ્વાર ખખડાવવા પડયા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# ગાંજાના કેસમાં આરોપીનો છૂટકારો

**સુરત,તા.૨૩**

ઓલપાડ પોલીસ મથકની હદમાં આવેલા સાયણ ગામની એક દુકાનમાંથી ૧૬૬.૬૫૮ કિ.ગ્રા. ગેરકાયદેસર ગાંજો જપ્ત કરાયો હતો. આ ગુનામાં મુખ્ય આરોપી તરીકે ઓડિશાના વતની સન્યાસી ઉર્ફે વિજય ઉર્ફે સંતોષ છનીયોની સંડોવણી હોવાનો અને તેના પર માલ સપ્લાય કરવાનો આરોપ હતો. સન્યાસી વિરુદ્ધ કોર્ટમાં સુરત ગ્રામ્ય પોલીસે ચાર્જશીટ કરી હતી. સરકારી વકીલે આરોપી વિરુદ્ધ કોલ ડિટેઈલ રેકોર્ડ અને સહ-આરોપીના નિવેદન સહિતના મુખ્ય પુરાવા તરીકે રજૂ કર્યા હતા. જોકે, બચાવ પક્ષના વકીલ ગુલામ હુસૈન જી. રેતીવાલાએ

અનુસંધાન પાના ૭ પર

# વેપારીના નામે ચાર બેંકમાં એકાઉન્ટ ખોલાવી રૂા.૫ કરોડનું ટ્રાન્જેકશન

## જમીનના દસ્તાવેજ માટે મેળવેલા ડોક્યુમેન્ટના આધારે ખોટી સહીથી બેંકમાં કરોડોના વ્યવહાર કરાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

કામરેજ વિસ્તારમાં રહેતા કાપડ વેપારી સાથે દસ્તાવેજોમાં ચેડા કરી છેતરપિંડી કરાયાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આ મામલે કામરેજ ખાતે રહેતા દિનેશભાઈ પ્રાગજીભાઈ વસોયાએ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ આરોપી વિપુલભાઈ મનસુખભાઈ ભાદાણી સાથે વર્ષ ૨૦૨૨ દરમિયાન રાજકોટ સ્થિત જમીનના દસ્તાવેજ કરવા માટે જરૂરી દસ્તાવેજો લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપીએ આ દસ્તાવેજોમાં ખોટી રીતે સુધારા કરી તેનો દુરૂપયોગ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આરોપીએ ફરીયાદીની જાણ બહાર ખોટી સહી અને સુધારેલા પાનકાર્ડના આધારે સુરતની વિવિધ બેંકોમાં ખાતા ખોલાવ્યા હતા. જેમાં ઉધના સ્થિત સ્મોલ ફાયનાન્સ બેંક, અડાજણની એયુ સ્મોલ ફાયનાન્સ બેંક, વરાછાની એચડીએફસી બેંક તેમજ રીંગરોડ સ્થિત બંધન બેંકમાં ખાતાઓ ખોલાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. આ ખાતાઓમાં અંદાજે રૂ.૫ કરોડ જેટલા નાણાંકીય વ્યવહારો કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. સાથે જ બેંકના અધિકૃત કર્મચારીઓએ યોગ્ય કેવાયસી ચકાસણી કર્યા વગર માત્ર નકલના આધારે ખાતા ખોલાવ્યા હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે ગુનાહિત વિશ્વાસઘાત, દસ્તાવેજોમાં ચેડા અને છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# કામરેજના મોરથાણા ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ પર પોલીસનો દરોડો

## દારૂની પાર્ટી માણતા ૧૧ નશાખોર ઝડપાયા, ફાર્મ હાઉસ માલિક અને સંચાલક સામે પણ કાર્યવાહી

**સુરત, તા.૨૩**

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના મોરથાણા ગામમાં આવેલા એક ફાર્મ હાઉસમાં ચાલી રહેલી દારૂની મહેફિલ પર કામરેજ પોલીસે દરોડો પાડી કુલ ૧૧ લોકોને ઝડપી પાડ્યા હતા. પોલીસે ફાર્મ હાઉસના માલિક અને સંચાલક સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મોરથાણા ગામ ખાતે આવેલા 'મારબેલા ફાર્મ હાઉસ' નંબર-૨૫માં ગેરકાયદેસર રીતે દારૂની મહેફિલ યોજાઈ રહી હોવાની ચોક્કસ બાતમી કામરેજ પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે ગતરોજ સાંજે ફાર્મ હાઉસ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન દારૂ પીધેલી હાલતમાં મહેફિલ માણી રહેલા લોકોને રંગેહાથ ઝડપી લેવામાં

અનુસંધાન પાના ૭ પર


## ચુંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જિ.સુરત

ઠે.''મહેસૂલી ભવન અડાજણ'' ત્રીજો માળ, વેસ્ટર્ન હાઇટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ.સુરત

Phone No.0261-2789909 Email ID: 68.cityprantnorth@gmail.com

નં.ઈએસટી/ગુ.સ.મં/ચૂંટણી/સુમુલ/મતદાર યાદી પ્રસિધ્ધિ/૨૦૨૬ તા.૨૨/૦૫/૨૦૨૬

### સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની મતદાર યાદી પ્રસિધ્ધી અંગેની જાહેરાત

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ નાં નિયમ-૯ થી મળેલ સત્તાનિ રૂએ નિયમ-૫ તથા નિયમ-૬ અન્વયે કામચલાઉ મતદારયાદી તથા નિયમ-૭ અન્વયે છેવટની મતદારયાદી પ્રસિધ્ધ કરવા હું શ્રીમતી એન.એન.સવાણી, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જિ.સુરત આથી સુરત-તાપી જીલ્લા સહકારી દૂધ ।વક સંઘ લી. ની વ્યવસ્થાપક સમિતિની સામાન્ય ચૂંટણી યોજવાના કામે મતદાર યાદી પ્રસિધ્ધિ અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરું છે.

**મતદાર યાદી પ્રસિધ્ધિ અંગેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ/વાર | સમય |
|---|---|---|---|
| ૧ | **કામચલાઉ મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ, સમય અને સ્થળ**<br>(૧) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી.<br>ઠે.''મહેસૂલી ભવન અડાજણ'', ત્રીજો માળ, વેસ્ટર્ન હાઇટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ.સુરત.<br>(૨) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓની કચેરી,<br>ઠે.એ-બ્લોક, પહેલો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત. | તા.૨૫/૦૫/૨૦૨૬ (સોમવાર) | ૧૧.૦૦ કલાકે |
| ૨ | **કામચલાઉ મતદાર યાદી અંગે દાવા અને વાંધાઓ મોકલવાની છેવટની તારીખ, સમય અને સ્થળ**<br>**સ્થળઃ-** ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી.<br>ઠે.''મહેસૂલી ભવન અડાજણ'', ત્રીજો માળ, વેસ્ટર્ન હાઇટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ.સુરત. | તા.૦૧/૦૬/૨૦૨૬ (સોમવાર) | કચેરી સમય દરમ્યાન |
| ૩ | **કામચલાઉ મતદારયાદી અંગે દાવા અને વાંધાઓ નિકાલ કરવાની છેવટની તારીખ, સમય અને સ્થળ**<br>**સ્થળઃ-** ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી.<br>ઠે.''મહેસૂલી ભવન અડાજણ'', ત્રીજો માળ, વેસ્ટર્ન હાઇટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ.સુરત. | તા.૦૮/૦૬/૨૦૨૬ (સોમવાર) | ૧૭-૦૦ કલાકે |
| ૪ | **છેવટની મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ, સમય અને સ્થળ**<br>(૧) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી.<br>ઠે.''મહેસૂલી ભવન અડાજણ'', ત્રીજો માળ, વેસ્ટર્ન હાઇટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ.સુરત.<br>(૨) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓની કચેરી,<br>ઠે.એ-બ્લોક, પહેલો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત.<br>(૩) સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.<br>ઠે.પો.બો.નં.૫૦૧, સુમુલ ડેરી, સુરત- ૩૯૫૦૦૮ | તા.૦૯/૦૬/૨૦૨૬ (મંગળવાર) | ૧૫-૦૦ કલાકે |

**(એન.એન.સવાણી)**
**ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર**
**સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, જિ.સુરત.**


# કુખ્યાત અશોક ખેરાત સાથે સિવિલ એન્જિ.ની સરખામણી કરાતા ગુનો

## સચિનના સિવિલ એન્જિનિયરે નાશિકના ફ્લેટ ધારક સામે ગુનો દાખલ કરાવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

સચિન વિસ્તારમાં રહેતા સિવિલ એન્જિનિયર અને સરકારી માન્ય પ્રોપર્ટી વેલ્યુઅર સાથે વ્હોટ્સએપ ગ્રુપમાં અભદ્ર ભાષા અને જાતિવાચક શબ્દોનો ઉપયોગ કરી માનહાનિ કરાયાનો મામલો સામે આવ્યો છે.

ફરિયાદી દીપક હિરામણ બાગુલના જણાવ્યા મુજબ નાશિક ખાતે આવેલા મહાલક્ષ્મી રેસીડેન્સી ફ્લેટના મેન્ટેનન્સના રૂ.૫૦૦ના બદલે રૂ.૧,૦૦૦ ચુકવવાના મુદ્દે આરોપી ધીરજ માંઢવડેએ "Mahalaxmi Residence" નામના વ્હોટ્સએપ ગ્રુપમાં તેમના વિરુદ્ધ મરાઠી ભાષામાં અભદ્ર શબ્દો અને ગાળો સાથે મેસેજ કર્યા હતા. ફરિયાદ અનુસાર આરોપીએ ફરિયાદીની સરખામણી મહારાષ્ટ્રના ચર્ચાસ્પદ વ્યક્તિ બળાત્કારી-જ્યોતિષ અશોક ખેરાત સાથે કરી બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ અન્ય સભ્યોને પણ તેમના વિરુદ્ધ ઉશ્કેરવાના પ્રયાસો કરાયા હોવાનું જણાવાયું છે. આરોપીએ જાતિવાચક શબ્દોનો ઉપયોગ કરી ધમકીભર્યા મેસેજ કર્યા બાદ તે મેસેજો ગ્રુપમાંથી ડિલીટ કરી દીધા હતા. સમગ્ર મામલે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




**રિંગરોડ પર ઉધના દરવાજા જંકશન પાસે મેટ્રો રેલ પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન રાહદારીઓની સુરક્ષાના કારણે ઉધના દરવાજા પાસેના ફૂટ ઓવર બ્રિજનો ઉપયોગ હંગામી ધોરણે બંધ કરી દેવાયો હતો. ફૂટ ઓવર બ્રિજનો ઉપયોગ હંગામી ધોરણે બંધ કરી દેવાયો હતો. ફૂટ ઓવર બ્રિજ તા.૭મી જૂન સુધી બંધ કરાયો હોવાની સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર નોટીસ પણ લગાડી દેવામાં આવી છે. (તસવીર : હનીફ મલેક)**

# તબીબી કોલેજમાં એડમિશનના બહાને રૂા.૮.૮૫ લાખની છેતરપિંડી

## કોલેજના નકલી ટ્રસ્ટી તથા નકલી ડોક્ટર વિજય રાઠોડ સામે ગુનો નોંધાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

બોગસ એડમિશન લેટર, માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ બનાવી ધમકીઓ આપ્યાની ફરિયાદ ડિંડોલી વિસ્તારમાં રહેતા વેપારી સાથે નકલી ડોકટર અને કોલેજ ટ્રસ્ટી બની લાખોની છેતરપીડી કરાયાનો મામલો સામે આવ્યો છે. આ મામલે ડિંડોલી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી દેવેન્દ્રસિંહ શંભુરામ પટેલના જણાવ્યા મુજબ આરોપી ડો. વિજય એસ. રાઠોડે પોતે ડોકટર હોવાનું ખોટું ઓળખાણ આપી વિશ્વાસ સંપાદન કર્યો હતો. જ્યારે અન્ય આરોપી મહેન્દ્ર બાંગરે પોતે મધ્યપ્રદેશના ગ્વાલિયર સ્થિત સોફિયા કોલેજના ટ્રસ્ટી અને પ્રોફેસર હોવાનું જણાવી છેતરપીડી આચરી હતી. ફરિયાદ મુજબ બંને આરોપીઓએ સોફિયા કોલેજમાં પ્રવેશ અપાવવાના બહાને ફરિયાદી પાસેથી ઓનલાઈન રૂ.૩.૮૫ લાખ તેમજ રોકડા રૂ.૪.૭૦ લાખ મળી કુલ રૂ.૮.૮૫ લાખ મેળવી લીધા હતા. ત્યારબાદ આરોપીઓએ સોફિયા કોલેજનું એડમિશન લેટર, જીવાજી યુનિવર્સિટીની માર્કશીટ, ડિગ્રી સર્ટિફિકેટ તેમજ કાઉન્સિલ રજિસ્ટ્રેશન જેવા બોગસ દસ્તાવેજો બનાવી તેમાં ખોટી સહીઓ કરી વોટ્સએપ મારફતે મોકલ્યા હતા. દસ્તાવેજો શંકાસ્પદ લાગતા ફરિયાદીએ પોતાના નાણાં પરત માંગ્યા હતા. જોકે આરોપીઓએ રૂપિયા પરત આપવાને બદલે ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

# સુરતમાં ૩૬ ડિગ્રી તાપમાન વચ્ચે ભારે બફારાથી લોકો ત્રસ્ત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમી સાથે બફારાનો માહોલ યથાવત રહ્યો છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે સવારનું લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. સવારથી જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતા લોકોને ગરમી સાથે ઉકળાટનો અનુભવ થયો હતો. બપોર બાદ ખાસ કરીને બહાર નીકળતા લોકોને ભારે અકળામણનો સામનો કરવો પડ્યો હતો. હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા સુધી પહોંચી જતા બફારામાં વધારો નોંધાયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૬ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. જોકે પવનની ગતિ ધીમી રહેતા ગરમીમાંથી ખાસ રાહત મળી નહોતી.


**પશ્ચિમ રેલવે**

**SS2/SS3 નું આઉટસોર્સિંગ અને LHB AC કોચની આશ્રિત પ્રવૃત્તિઓ**

ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (W), વેસ્ટર્ન રેલ્વે કેરેજ રિપેર વર્કશોપ, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ ૪૦૦ ૦૧૩, ઈ-ટેન્ડર સૂચના નં. EL/WA/PL/2025-26/02R તારીખ: ૧૬.૦૫.૨૦૨૬ આમંત્રિત કરે છે. કામનું નામ: SS2/SS3 નું આઉટસોર્સિંગ અને કેરેજ રિપેર વર્કશોપ - લોઅર પરેલ ખાતે LHB AC કોચના RMPU ના ઓવરહોલિંગ સિવાયની આશ્રિત પ્રવૃત્તિઓ માટે ૧૦ કોચની માત્રા. કામની અંદાજિત કિંમત: ૪૬,૩૭,૨૬૦.૦૫. EMD: ૯૨,૮૦૦/-. ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: ૦૯.૦૬.૨૦૨૬ સુધી, ૧૨:૦૦ કલાક. ટેન્ડર ખુલવાની તારીખ: ૦૯.૦૬.૨૦૨૬ ના રોજ ૧૨:૩૦ વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટની મુલાકાત લો: www.ireps.gov.in 0141

facebook.com/WesternRly



## પશ્ચિમ રેલવે સ્પેશ્યલ ટ્રેનોની ટ્રિપોનું વિસ્તરણ કરે છે

| ટ્રેન નં. | પ્રારંભિક અને ગંતવ્ય સ્થળ | દોડના દિવસો | સુધી વિસ્તરીત |
|---|---|---|---|
| ૦૯૦૮૫ | મુંબઈ સેન્ટ્રલ-ઈન્ડોર (દ્વિ-સાપ્તાહિક) | સોમવાર-શુક્રવાર | ૨૭.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૮૬ | ઈન્દોર-મુંબઈ સેન્ટ્રલ (દ્વિ-સાપ્તાહિક) | મંગળવાર-શનિવાર | ૨૮.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૮૭ | મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ (અઠવાડિયા) | બુધવાર | ૨૯.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૮૮ | અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ (અઠવાડિયા) | ગુરૂવાર | ૩૦.૦૭.૨૦૨૬ |

સમય હોલ્ટ અને સંયોજન અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

ઉપરોક્ત ટ્રેનોની વિસ્તરીત ટ્રિપો માટેનું બુકિંગ ૨૩.૦૫.૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે ઉપરોક ટ્રેનો ખા ભાડાપર ખા ટ્રેન તરીકે દોશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
Like us & Follow us on:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.